


પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 27 MARCH, 2026 Vol. 24, No. 13 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### સંપ્રભુતા, સુરક્ષા અને સ્થિરતા માટે જરૂરી ઉપાય કરવાનો દરેક દેશનો અધિકાર હોવાની સ્પષ્ટતા

# 6 રાષ્ટ્રની ઈરાનને ચેતવણીઃ હવે હુમલા સહન નહીં કરીએ

### સાઉદી અરેબિયા, કતાર, કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, બેહરિન, જોર્ડનના રાષ્ટ્ર પ્રમુખોએ સંયુક્ત રીતે એક પત્ર બહાર પાડ્યો

**દુબઈ**

મિડલ ઈસ્ટમાં વધી રહેલા તણાવગ્રસ્ત માહોલને લઈને હવે અખાતી દેશોની ઊંઘ પણ હરામ થઈ ચૂકી છે. ઈરાન તરફથી વળતા જવાબમાં કતાર અને ઓમાન સુધી ઈરાને હુમલા કર્યા છે. આ હુમલા અંગે ઈરાને કહ્યું હતું કે, ઈઝરાયલ કે અમેરિકી સૈન્યની છાવણીઓનો ખાતમ બોલાવી દેવામાં આવશે. અખાતી દેશને હેરાન-પરેશાન કરવાનો હેતું નથી. આવી સ્થિતિ વચ્ચે હવે મિડલ ઈસ્ટના દેશના મોટા ભાગના દેશે ઈરાનને ચીમકી આપી છે.

સાઉદી અરેબિયા, કતાર, કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, બેહરિન અને જોર્ડન જેવા દેશના રાષ્ટ્ર પ્રમુખોએ સંયુક્ત રીતે એક પત્ર બહાર પાડ્યો છે. જેમાં પ્રોકસી સમૂહ દ્વારા કરવામાં આવી રહેલા હુમલાની નિંદા કરવામાં આવી રહી છે. આ સાથે આ તમામ દેશે એવી ચેતવણી પણ ઉચ્ચારી છે કે, હવેથી આ પ્રકારના કોઈ હુમલાને સહન કરવામાં નહીં આવે. આ તમામ દેશોએ સંયુક્ત રીતે નિવેદન આપતા કહ્યું હતું કે, ઈરાન દ્વારા ડાયરેક્ટ કે અન્ય પ્રોક્સિ ગ્રૂપ દ્વારા કોઈ પ્રકારે હુમલો થયો તો હવે સહન કરવામાં નહીં આવે.

આવા હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદા, આંતરરાષ્ટ્રીય હ્યુમન લૉ અને પ્રાદેશિક સંપ્રભુતા તથા ક્ષેત્રીય અખંડતાનો ભંગ માનવામાં આવશે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલી લડાઈમાં સમય હવે એ આવ્યો છે કે, ઈરાનની આસપાસના ઈસ્લામિક દેશનું એક સંગઠન બન્યું છે, આ તમામ દેશ એકજૂથ થયા છે જેમને ઈરાન તરફથી હુમલા થાય એ હવે પોસાય એમ નથી.

## વર્તમાન સ્થિતિ કોરોનાકાળ કરતા ખરાબ, શું થશે કોઈ કહી શકે તેમ નથી : પુતિન



મોસ્કોઃ પુતિને આ યુદ્ધને કોરોના વાયરસની જંગ કરતા પણ વધારે બદતર ગણાવી દીધું છે. પુતિને કહ્યું હતું કે, ઈરાન યુદ્ધની વર્તમાન સ્થિતિને ધ્યાને લેતા આ હાલાત કોરોના વાયરસની મહામારી કરતા પણ ખરાબ છે. પરિસ્થિતિ એવી છે કે, ઈરાન સાથેના યુદ્ધમાં રહેલા પક્ષો પણ દાવા સાથે કહી શકતા નથી કે, આગળ હવે કેવી ઘટના બનશે અને શું બનશે. આ યુદ્ધની કોઈ ભવિષ્યવાણી કરી શકે એમ નથી. પુતિને અમેરિકાની પરોક્ષ રીતે પોલીસીની નિંદા કરી હતી.

## 50 હજાર સૈનિક અને 200 ફાઈટર જેટ, શાંતિની વાતો વચ્ચે ટ્રમ્પનો 'સિક્રેટ પ્લાન'



છેલ્લા 27 દિવસથી ભયાનક યુદ્ધ ચાલી રહ્યું છે. એકતરફ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધવિરામ માટે માની ગયા હોવાનું મનાઈ રહ્યું છે, તો બીજીતરફ તેમણે ઈરાન વધુ આક્રમક હુમલો કરવાનો પ્લાન તૈયાર કર્યો હોવાની માહિતી સામે આવી છે. તેમણે 50000 સૈનિકો, 200 ફાઈટર જેટ અને 1000 કમાન્ડોનો ઉપયોગ કરીને હુમલો કરવાનો પ્લાન બનાવ્યો છે.

### બાંગ્લાદેશમાં બની મોટી દુર્ઘટના

## 40 યાત્રીઓ ભરેલી બસ નદીમાં ખાબકી, 23ના મોત, અનેક ગુમ



**ઢાકા**

બાંગ્લાદેશમાં એક ભયાનક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં 40 મુસાફરોથી ભરેલી એક બસ ઊંડી પદ્મ નદીમાં ખાબકી હતી. આ કરુણ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 23 લોકોના મોત થયા હોવાની પુષ્ટિ મળી છે, જેમાં મહિલાઓ અને નિર્દોષ બાળકોનો પણ સમાવેશ થાય છે. અનેક મુસાફરો હજુ પણ ગુમ હોવાનું જાણવા મળી રહ્યું છે, જેના કારણે મૃત્યુઆંક વધવાની આશંકા સેવાઈ રહી છે. આ અકસ્માત બુધવારે સાંજે આશરે 5:15 વાગ્યાની આસપાસ દક્ષિણ-પશ્ચિમ રાજબારીના દૌલાદિયા ટર્મિનલ પર સર્જાયો હતો. અહેવાલો અનુસાર, બસમાં સવાર તમામ મુસાફરો ઈદની રજાઓ ગાળીને પોતાના વતનથી રાજધાની ઢાકા પરત ફરી રહ્યા હતા. મુસાફરો ઉત્સાહમાં હતા, પરંતુ દૌલાદિયા ટર્મિનલ પર પહોંચતા જ સ્થિતિ પલટાઈ ગઈ હતી. જ્યારે બસ ટ્રાન્સપોર્ટ ફેરીપર ચઢવાનો પ્રયાસ કરી રહી હતી, ત્યારે અચાનક ચાલકે સંતુલન ગુમાવ્યું હતું.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બસ જ્યારે ફેરીની નજીક પહોંચી ત્યારે તે અચાનક એક નાની હોડી સાથે અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બસ પરથી ચાલકનો કાબૂ છૂટી ગયો અને બસ સીધી પદ્મ નદીના ઊંડા પાણીમાં ખાબકી. નદીમાં બસ પડતાની સાથે જ મુસાફરોમાં ભારે અફડાતફડી અને ચીસિયારીઓ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતા જ સેના, પોલીસ, ફાયર બ્રિગેડ અને કોસ્ટ ગાર્ડની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જોકે, પ્રતિકૂળ હવામાન અને નદીના ઊંડા પાણીને કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓ પડી હતી. ક્રેનની મદદથી બસને નદીમાંથી બહાર કાઢવામાં લગભગ છ કલાક જેટલો સમય લાગ્યો હતો.

## હોર્મુઝ પરથી ટોલ વસૂલવા ઈરાને કાયદો બનાવ્યો, જહાજોએ ચૂકવવો પડશે ટેક્સ

**તહેરાન**

વિશ્વના ક્રૂડ ઓઈલનો આશરે 20 ટકા હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. 28 ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈરાને હોર્મુઝ સ્ટ્રેટને અવરોધિત કરી દીધો છે. જોકે, ઈરાનના વિદેશ પ્રધાન અરાઘચીએ જણાવ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટ ભારત, ચીન, પાકિસ્તાન, ઈરાક અને રશિયા માટે ખુલ્લો રહે છે. ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ટોલ વસૂલવા માટે કાયદો ઘડવાની તૈયારી કરી રહ્યું છે. આ માહિતી ઈરાનની સરકારી સમાચાર એજન્સીઓ, ફાર્સ અને તસ્નીમ દ્વારા આપવામાં આવી હતી. અલ જઝીરાએ આ બે એજન્સીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે "ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ટોલ વસૂલવા માટે કાયદો તૈયાર કરી રહ્યું છે." અહેવાલમાં જણાવાયું છે કે ઈરાની સંસદ એક ડ્રાફ્ટ કાયદો પસાર કરવાની તૈયારી કરી રહી છે જે અધિકારીઓને આ મહત્વપૂર્ણ જળમાર્ગમાંથી પસાર થતા જહાજો પર ફી વસૂલવાની મંજૂરી આપશે.

અહેવાલમાં જણાવાયું છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી ટોલ વસૂલવાની સંસદની નાગરિક બાબતોની સમિતિના અધ્યક્ષ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે આ દરખાસ્તનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં કાયદાકીય કાનૂની ટીમ દ્વારા તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. અધિકારીએ જણાવ્યું હતું કે, "આ યોજના હેઠળ, ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ફી વસૂલવી પડશે."









## માર્ચ માસના કાર્યક્રમમાં વડીલો કૃષ્ણ-સુદામા મૈત્રીની ભાવવંદનામાં ભીંજાયા, હોળીના ગીત ગવાયા

# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબમાં ભક્તિ, નૃત્ય અને હાસ્યનો ત્રિવેણી સંગમ

### “આજ વ્રજમેં હોલી રે રસિયા” અને “હોલી આઈ રે” જેવા ગીતો પર સભ્યોએ મન મૂકીને નૃત્ય કર્યું, શબરી પ્રસંગની પ્રસ્તુતિથી સભ્યો ભાવવિભોર










**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ક્લબ - બ્રામ્પ્ટનનો માસિક કાર્યક્રમ ૮-માર્ચ-૨૦૨૬ના રોજ યોજાયો હતો. શરૂઆતમાં સમૂહ પ્રાર્થના અને ભજ થયા બાદકાન્તિભાઈ મિસ્ત્રીએ સ્વાગત વિધિ કરી પ્રોગ્રામની માહિતી આપી હતી. ત્યારબાદ વર્ષાબેન શાહ અને અરુણભાઈ ભટ્ટે “છોડ દો યે આંચલ જમાના ક્યા કહેગા” ગીત પર નૃત્યની સુંદર પ્રસ્તુતિ કરી હતી. મોહનભાઈ લાડે ભગવાન રામની વનવાસ વેળાની “શબરી” પ્રસંગની સુંદર રજૂઆત તન્મયતાથી કરતા સૌએ તે સાંભળી હતી. ત્યારબાદ કલાવતીબેન મિસ્ત્રીએ દેશ-વિદેશના મુખ્ય મુખ્ય સમાચારો વાંચી સંભળાવ્યા હતા.

ઈશ્વરભાઈ પટેલે ”સુખ કે સબ સાથી દુખમે ન કોઈ” ગીત અને પદમાબેન કંસારાએ “ન્યાય નહિ સમજાય પ્રભુજી તારો ન્યાય નહિ સમજાય” ભજનની સુંદર રજૂઆત કરતા માહોલ ભક્તિમય બની ગયો હતો.

શ્રીકૃષ્ણ અને સુદામાનો મૈત્રીભાવ વ્યક્ત કરતા ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે જણાવ્યું હતું કે, મિત્રને મળવાની ઉત્સુક્તાથી પીળું પીતાંબર, માથે મોરનો મુગટ અને હોઠો પર બ્રહ્માંડનું સ્મિત ફરકાવતા ભગવાન શ્રીકૃષ્ણે પરમ મિત્ર ગરીબ સુદામાને આંગણે આવીને, મિત્રની માગણી અને લાગણીને માન આપી પોતાની દિવ્ય લીલાનો અનુભવ કરાવ્યો હતો. આ સાથે જ તેમણે સુદામાને ખ્યાલ આપી દીધો કે મિત્ર કૃષ્ણ કળાને જોવી કે અનુભવવી એ સામાન્ય જીવનું કામ નથી. ભલભલા જ્ઞાનીઓને પણ ભ્રમમાં નાખી દેતી ભગવાન કૃષ્ણની લીલા પારખવા માટે માનવબુદ્ધિ વામણી છે. એમની લીલા અપરંપાર છે. ત્યારબાદ બીજા રાઉન્ડમાં હળવા ટુચકા પ્રગટ કરી ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે ક્લબના સભ્યોના મુખ પર હાસ્ય રેલાવી દીધું હતું.

મયુરીબેન દેસાઈએ “હોલી આઈ રે” હોળી નૃત્ય અને પદ્માવતી ફિલ્મના ક્લાસિકલ નૃત્યની સુંદર રજૂઆત, જ્યારે વર્ષાબેન શાહ અને અરુણભાઈ ભટ્ટે “આજ વ્રજમે હોલી રે રસિયા” ગીત પર નૃત્યની રજૂઆત અને રાજેશ્વરીબેન શુક્લએ “વહેલી પ્રભાતનો વાયરો વાયો” ગીત પર નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. અનિલભાઈ પ્રજાપતિએ “મેરે મહેબૂબ” “પુકારતા ચલા હું મેં” ગીતની રજૂઆત અને ઈશ્વરભાઈ પટેલે “મુજે તેરી મહોબત કા સહારા મિલ ગયા હોતા” ગીત ગાઈને સૌનું મનોરંજન કર્યું હતું.

સભ્યોના જન્મ દિવસ અને લગ્નતિથિની ઉજવણીમાં સૌ ઉત્સાહભેર જોડાયા હતા. કાન્તીભાઈએ સર્વે સભ્યોનો પ્રોગ્રામમાં હાજર રહેવા બદલ આભાર માન્યો હતો. કાર્યક્રમને અંતે શ્રીખંડ, છોલે-પૂરી, બટાકા વડા, ભોજનમાં આરોગી આવતા મહિને ફરી મળીશું કહી અને સૌ છૂટા પડ્યા હતા.

# કેનેડાના ૪૦% યુવાનોમાં વધતું સ્ક્રીન એડિક્શન : માનસિક સ્વાસ્થ્ય પર જોખમ

### 2019થી 2023 સુધીના અભ્યાસમાં ચોંકાવનારો ખુલાસો, માત્ર 14% યુવાનો જ નિયમ પાળે છે : છોકરીઓ કરતા છોકરાઓમાં સ્ક્રીન સમય મર્યાદા ઓળંગવાનું પ્રમાણ વધુ

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાના નવા પ્રકાશિત એક અભ્યાસમાં જાણવા મળ્યું કે, લગભગ 40 ટકા કેનેડિયન યુવાનો સ્ક્રીન સમય ભલામણોને પાર કરે છે. અભ્યાસમાં બે અલગ અલગ સમયે કેનેડિયન યુવા જૂથોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. 2019માં જ્યારે તેઓ 12થી 17 વર્ષની વયના હતા, અને 2023માં, જ્યારે તે જ જૂથ 16 થી 21 વર્ષની વયના હતા તેઓનો અભિપ્રાય લેવાયો છે. ડેટા દર્શાવે છે કે, 2019 અને 2023 બંનેમાં 37 ટકા જૂથે ભલામણોને પાર કરી હતી, જેમાં ફક્ત 14 ટકા યુવાનો સ્ક્રીન સમય માર્ગદર્શિકાનું પાલન કરે છે. તેમજ 49 ટકા લોકોએ ફક્ત એક વર્ષમાં સ્ક્રીન સમય માર્ગદર્શિકાનું પાલન કર્યું હતું.



પુરુષો અને છોકરાઓ 34 ટકા સાથે સ્ત્રીઓ અને છોકરીઓ કરતાં 40 ટકા “બંને વર્ષોમાં સ્ક્રીન સમય માર્ગદર્શિકાને પાર કરે તેવી શક્યતા વધુ” હોવાનું જાણવા મળ્યું હતુ. ૨૦૧૯ અને ૨૦૨૩માં સ્ક્રીન ટાઈમ માર્ગદર્શિકાઓનું પાલન કરનારા લગભગ ૫૮ ટકા લોકોએ “ઉત્તમ અથવા ખૂબ જ સારું માનસિક સ્વાસ્થ્ય” નોંધાવ્યું હતુ, જ્યારે બંને વર્ષોમાં માર્ગદર્શિકાઓનું પાલન ન કરનારા ૩૮ ટકા યુવાનોએ આ આંકડા આપ્યા હતા. સ્ક્રીન ટાઈમ ભલામણોને ઓળંગનારા લોકોની તુલનામાં, ૨૫ ટકા લોકોએ શોધી કાઢ્યું કે “તેમના મોટાભાગના દિવસો બિલકુલ તણાવપૂર્ણ નહોતા” અને ૩૮ ટકા લોકોએ “ઉત્તમ અથવા ખૂબ જ સારું માનસિક સ્વાસ્થ્ય” નોંધાવ્યું હતુ. જૂન 2025ના મનોવૈજ્ઞાનિક બુલેટિન જર્નલે વિશ્વભરમાં લગભગ 300,000 બાળકોનો અભ્યાસ કર્યો હતો, જેમાં જાણવા મળ્યું હતું કે જે બાળકો કમ્પ્યુટર, ટેબ્લેટ, સ્માર્ટફોન, ટીવી અને ગેમિંગ કન્સોલ જેવા ઉપકરણો પર વધુ સમય વિતાવે છે, તેઓ “જીવનમાં પાછળથી ચિંતા, ઓછો આત્મવિશ્વાસ અને આક્રમકતા જેવી સમસ્યાઓ વિકસાવવાનું જોખમ વધારે છે. સર્વેક્ષણમાં બંને વર્ષોમાં સ્ક્રીન ટાઈમ ભલામણો પૂર્ણ કરનારા યુવાનો 2023માં સ્ક્રીન ટાઈમ માર્ગદર્શિકાઓ પૂર્ણ કરનારા યુવાનો કરતા શારીરિક પ્રવૃત્તિ માર્ગદર્શિકાઓ પૂર્ણ કરે તેવી “બમણી શક્યતા” હતી. અંતે કેનેડિયન 24-કલાકમાં પાંચથી 17 વર્ષની વયના બાળકો અને યુવાનો માટે માત્ર કલાક જ મનોરંજન સ્ક્રીનની ભલામણ થઈ છે.

# યુદ્ધની અસર : કેનેડા-નાટો દળોએ ઈરાક છોડ્યું

- » હોર્મુઝ સ્ટ્રેટમાં સુરક્ષા સુનિશ્ચિત કરવા જાપાન, ફ્રાન્સ અને કેનેડા સહિતના દેશો એકમત
- » 2018થી કાર્યરત સુરક્ષા સલાહકાર મિશન હવે નેપલ્સથી સંચાલન કરશે

ટોરોન્ટો : કેનેડાના સંરક્ષણ પ્રધાન ડેવિડ મેકગિન્ટીએ પુષ્ટિ કરી હતી કે, કેનેડિયન સશસ્ત્ર દળોએ ઈરાકમાંથી લશ્કરી કર્મચારીઓને પાછા ખેંચવામાં તેના નાટો સાથીઓ સાથે જોડાવવાનો નિર્ણય કર્યો છે. નાટોના ટોચના કમાન્ડર, જનરલ એલેક્સસ ગ્રિન્કેવિચે શુક્રવારે કહ્યું હતુ કે, ગઠબંધને ઈરાકમાંથી ઘણા કર્મચારીઓને પાછા ખેંચી લીધા છે અને તેમને યુરોપમાં સ્થાળાંતરિત કર્યા છે. આ કર્મીઓ 2018માં ઈરાકી સંરક્ષણ અને સુરક્ષા અધિકારીઓને સલાહ આપવા માટે સ્થાપિત નાટોના સુરક્ષા સલાહકાર મિશનનો ભાગ હતા. આ ગોઠવણના ભાગરૂપે, નાટો મિશન ઈરાક સાથે તૈનાત કેનેડિયન સશસ્ત્ર દળોના કર્મચારીઓ અને કેનેડિયન નાગરિકોને સુરક્ષિત સ્થાન પર સ્થાળાંતરિત કરવામાં આવ્યા છે અને તેઓ સુરક્ષિત છે. ગ્રિન્કેવિચે કહ્યું કે મિશન સંયુક્ત દળ કમાન્ડ નેપલ્સથી તેનું કાર્ય ચાલુ રાખશે. ત્રણ અઠવાડિયા પહેલા શરૂ થયેલા હુમલાની સ્થિતિને કારણે આ પગલું લેવામાં આવ્યું છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
“Proper Insurance Coverage is Peace of Mind”
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

# મોંઘવારીની અસર : ૭૩% લોકો સાથે રહેવાની તરફેણમાં

## સિંગલ રહેવું વધુ મોંઘું બન્યું, ૨૩% યુવાનો લગ્નને બદલે ‘૫ વર્ષના રિન્યુએબલ કોન્ટ્રાક્ટ’ કરવા માંગે છે

**ટોરોન્ટો**

H & R બ્લોક કેનેડા દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલા એક સર્વેક્ષણમાં સૂચવવામાં આવ્યું છે કે, કેનેડિયનો સંબંધોમાં રહેવાનું કારણ નાણાકીય પરિસ્થિતિઓ હોઈ શકે છે.

ડેટામાં જાણવા મળ્યું છે કે, ૭૩ ટકા કેનેડિયનો માને છે કે “ઘણા લોકો નાણાકીય કારણોસર લગ્ન અથવા સામાન્ય કાયદાના સંબંધોમાં સાથે રહે છે.” ૮૦ ટકા કેનેડિયનો કહે છે કે, સિંગલ રહેવાની સરખામણીમાં સંબંધમાં જીવન વધુ સસ્તું છે. સર્વેક્ષણ કરાયેલા લગભગ ચારમાંથી એક (૨૩ ટકા) કેનેડિયનોએ એમ પણ કહ્યું કે તેમને લગ્ન કરવાને બદલે “પાંચ વર્ષના નવીનીકરણીય સંબંધ કરાર”નો વિચાર ગમે છે. સર્વેક્ષણમાં ૧૦માંથી ચાર કેનેડિયને કહ્યું કે, લગ્ન “મુખ્યત્વે બાળકોનું આયોજન કરનારા અથવા પહેલાથી જ બાળકો ધરાવતા લોકો માટે વ્યવહારિકતાઓ વિશે છે. આ દૃષ્ટિકોણ પુરુષ (૪૫ ટકા) તરીકે ઓળખાવતા કેનેડિયનોમાં સ્ત્રીઓ (૩૬ ટકા)ની સરખામણીમાં વધુ છે. ૮૩ ટકા



લોકો માને છે કે, યુગલો ઘણીવાર તેમના બાળકો માટે સાથે રહે છે. નેર્ડવોલેટ કેનેડાના નાણાકીય નિષ્ણાત ક્લે જાર્વિસે જણાવ્યું હતું કે, લગ્ન એ “મુખ્ય નાણાકીય નિર્ણય” છે. જે યુગલોને તેમની નાણાકીય પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

સપ્ટેમ્બર 2025ના સ્ટેટિસ્ટિક્સ કેનેડાના અભ્યાસમાં જણાવાયું છે કે, 2024માં કેનેડાનો કુલ પ્રજનન દર પ્રતિ મહિલા 1.25 બાળકો હતો, જે એક રેકોર્ડ નીચો છે. સર્વેમાં એ પણ જાણવા મળ્યું છે કે એક ચતુર્થાંશથી વધુ કેનેડિયનો (27 ટકા) કહે છે કે, “જો તેઓ લોટરી જીતે અને તેમના જીવનસાથી હોય, તો તેઓ તેમના જીવનસાથી સાથે છૂટા પડી જાય.

અડધાથી વધુ કેનેડિયનો (57 ટકા) માને છે કે, પરિણીત અથવા સામાન્ય કાયદાના યુગલોને “સિંગલ કેનેડિયનો કરતાં વધુ કર લાભો મળે છે,” જેમાં 63 ટકા લોકોએ કહ્યું હતું કે, જેઓ જીવનસાથી સાથે ખર્ચ શેર કરી શકતા નથી, તેમના માટે વધુ કર લાભો હોવા જોઈએ.બાંસઠ ટકા કેનેડિયનો એમ પણ કહે છે કે તેઓ જો તેમના જીવનસાથી વધુ શ્રીમંત હોય અથવા તેમની આવક ઘણી વધારે હોય તો તેઓ પ્રીનપ્શિયલ કરાર પર હસ્તાક્ષર કરવામાં ખુશ થશે.

# પર્સિયન ગલ્ફમાં ફસાયેલા 3 કેનેડિયન તાલીમાર્થીઓનો આખરે હેમખેમ છુટકારો

## તાલીમાર્થીઓને સાઉદી અરેબિયાથી યુરોપ લઈ જવાયા હતા

**ઓન્ટેરિયો**

ક્યુબેક સ્થિત એક શિપિંગ કંપનીએ જણાવ્યું છે કે, ફેબ્રુઆરીના અંતથી પર્સિયન ગલ્ફમાં તેના જહાજોમાં રહેલા ત્રણ દરિયાઈ તાલીમાર્થીઓ સુરક્ષિત રીતે પ્રાંતમાં પાછા ફર્યા છે.

શુક્રવારે જારી કરાયેલા એક પ્રકાશનમાં, ડેસ્ગાગ્નેસે પુષ્ટિ આપી હતી કે, ઈન્સ્ટિટ્યુટ મેરીટાઈમ ડુ ક્યુબેક (IMQ)ના તાલીમાર્થીઓ N/M રોઝેર એ. ડેસ્ગાગ્નેસ અને N/M મીના ડેસ્ગાગ્નેસમાં હતા અને 28 ફેબ્રુઆરીથી આ પ્રદેશ છોડી શક્યા ન હતા. કંપનીએ જણાવ્યું હતું કે, સુરક્ષા પગલાં જહાજોને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા પર્સિયન ગલ્ફમાંથી ક્યારે બહાર નીકળવાની મંજૂરી આપશે, તે અંગે ચાલી રહેલી અનિશ્ચિતતાને કારણે તેણે પ્રત્યાવર્તન યોજના અમલમાં મૂકી છે. પર્સિયન ગલ્ફમાંથી એકમાત્ર દરિયામાંથી બહાર નીકળતો સ્ટ્રેટ ઓફ હોર્મુઝ માર્ગ હાલ યુદ્ધને લીધે અસરગ્રસ્ત છે. લેસ્ગાગ્નેસે જણાવ્યું હતું કે તાલીમાર્થીઓને સ્થાનિક દરિયાઈ એજન્ટો અને સાઉદી અધિકારીઓના સમર્થનથી સાઉદી અરેબિયાથી યુરોપ લઈ જવામાં આવ્યા હતા, અને પછી ત્યાંથી તેઓને કેનેડા પરત લવાયા હતા. IMQએ સમગ્ર પરિસ્થિતિ દરમિયાન તાલીમાર્થીઓ અને તેમના પરિવારોને વ્યક્તિગત મનો-સામાજિક સહાય સહિત સહાયક સેવાઓ પૂરી પાડી હતી.










તંત્રી સ્થાનેથી

# ઈરાનને હુમલાનો જવાબ આપવામાં ગલ્ફના દેશોનો રહસ્યમય ખચકાટ

ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે 20 દિવસથી ચાલી રહેલા સંઘર્ષમાં ઈરાને ખાડી ક્ષેત્રમાં સાઉદી આરબ, કતાર, કુવૈત, ઓમાન, સંયુક્ત આરબ અમીરાત વગેરે દેશો પર પણ મિસાઈલ હુમલા કર્યા છે. દક્ષિણ પાર્સ તેલ ક્ષેત્ર પરના ઈઝરાયલના હુમલાનો બદલો લેવા માટે ઈરાને ગયા ગુરુવારે કતારના રાસ લાફાન ઉર્જા સંકુલ પર હુમલો કર્યો હતો. બંને સુવિધાઓ વિશ્વના સૌથી મોટા કુદરતી ગેસ ક્ષેત્રોનો ભાગ છે. ઈરાનના હુમલા છતાં અત્યાર સુધી કતાર અને અન્ય ગલ્ફ દેશોએ ઈરાન સામે વળતો હુમલો કર્યો નથી તે બાબત નોંધવા જેવી છે. કોઈ અકળ કારણોસર તેઓ ઈરાન પરના હુમલાઓ ટાળી રહ્યા છે, પણ તેમની ધીરજ ખૂટી શકે છે.



તંત્રી - સ્વદેશ

ગલ્ફના અધિકારીઓનું કહેવું છે કે, આ ક્ષેત્રમાં અમેરિકી લશ્કરી થાણાંઓ ઉપરાંત ઈરાને નાગરિક માળખાગત સુવિધાઓ પર પણ હુમલો કર્યો છે, જેમાં એરપોર્ટ, હોટલ, રહેણાંક વિસ્તારો અને ખાસ કરીને ઉર્જા મથકોનો સમાવેશ થાય છે. આમ છતાં, ગલ્ફના દેશોએ હજુ સુધી ખુદ ઈરાન સામે કોઈ હુમલો કર્યો નથી અને તેઓ યુદ્ધમાં સીધા સામેલ થવાનું ટાળી રહ્યા છે. તેમના દૃષ્ટિકોણથી જોઈએ તો આ તેમનું યુદ્ધ નથી અને ઈરાન સામે બદલો લેવાથી તેઓ ઈરાનનાં મુખ્ય લક્ષ્યોમાં પરિવર્તિત થઈ શકે છે, કારણ કે તેમની પાસે ફાયદા કરતાં ગુમાવવાનું વધુ છે.

ઈરાન પર્સિયન ગલ્ફ અને હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરી રહ્યું છે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે મહત્વન જળમાર્ગો છે. જો ગલ્ફના દેશો ઈરાન સામે હુમલો કરે તો તેનો અર્થ એવો થઈ શકે છે કે, ગલ્ફના દેશો ઈઝરાયેલ સાથે થઈ ગયા છે. પરંતુ ગલ્ફના દેશોમાં ઈઝરાયેલ સાથે જોડાણ કરવામાં ખચકાટ છે. અમેરિકાએ ૨૦૦૩માં ઈરાક પર આક્રમણ કર્યું હતું અને સદ્દામ હુસૈનની સરકારને ઝડપથી ઉથલાવી દીધી હતી. જોકે, આનાથી સત્તાનો શૂન્યાવકાશ સર્જાયો હતો, જેના કારણે બળવાખોરી, સાંપ્રદાયિક હિંસા અને લાંબા સમય સુધી અસ્થિરતાનો માહોલ સર્જાયો હતો.

ગલ્ફના દેશોને હવે ડર છે કે, અમેરિકા કોઈ પણ જાતના સ્પષ્ટ લક્ષ્ય વિના ઈરાન સામે ખુલ્લી લડાઈ ચલાવી રહ્યું છે, જે લડાઈ આ પ્રદેશને સમસ્યાઓ સાથે છોડી દેશે. અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેના આ યુદ્ધને લઈને ખાડી દેશોમાં ગુસ્સો હોવા છતાં તેઓ હજુ પણ અમેરિકન લશ્કરી સુરક્ષા પર ખૂબ આધાર રાખતા હોવોથી કોઈ એકની પડખે જઈ શકે તેમ નથી. તેઓ અમેરિકન લશ્કરી થાણાંઓ અને સૈનિકોનું આયોજન કરે છે, ગુપ્ત માહિતી શેર કરે છે અને અમેરિકન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પર ખૂબ આધાર રાખે છે. ગલ્ફના અધિકારીઓના મતે અમેરિકાની આ હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ ઈરાનના મોટાભાગના મિસાઈલ હુમલાઓને અટકાવી દીધા છે. ગલ્ફ નેતાઓ માને છે કે, હુમલાઓને રોકવા માટે રાજદ્વારી પ્રયાસ એકમાત્ર રસ્તો છે.

ઈરાને બધા ગલ્ફ દેશોને સમાન તીવ્રતાથી નિશાન બનાવ્યા નથી, જે તેની વિલક્ષણ વ્યૂહરચના દર્શાવે છે. આ યુદ્ધમાં સૌથી વધુ હુમલાઓનો ભોગ બનેલા દેશોમાં સંયુક્ત આરબ અમીરાત એક રહ્યું છે. ૨૦૨૦માં તેણે અને બહેરીને ઈઝરાયલ સાથેના સંબંધો સામાન્ય કર્યા હતા. તેનાથી વિપરીત ઈરાન અને પશ્ચિમના દેશો વચ્ચે મધ્યસ્થી ભૂમિકા ભજવનાર ઓમાનને ઓછું લક્ષ્ય બનાવવામાં આવ્યું છે. ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનીને અભિનંદન આપનાર ઓમાન એકમાત્ર ગલ્ફ દેશ હતો. આ અન્ય ગલ્ફ દેશોને અનુકૂળ આવ્યું નહોતું. ગયા બુધવારે સાઉદી અરેબિયામાં ગલ્ફ વિદેશ પ્રધાનોની બેઠક બાદ આરબ દેશોએ યુએન ચાર્ટરની કલમ ૫૧ હેઠળ સ્વ-બચાવના તેમના અધિકાર પર ભાર મૂક્યો હતો. ગયા અઠવાડિયે કતારના રાસ લાફાન ઉર્જા સંકુલ પર હુમલો કર્યા પછી ઈરાને ચેતવણી આપી હતી કે જો તેની સુવિધાઓ પર હુમલા ચાલુ રહેશે તો તે અમેરિકાના ગલ્ફ સાથીઓનો સંપૂર્ણપણે નાશ કરશે. જો ઈરાન સીધા તેમને નિશાન બનાવે તો ગલ્ફના દેશોનું વલણ પણ બદલાઈ શકે છે.

ઈરાન જે ખાડી દેશોમાં મિસાઈલ છોડી રહ્યું છે, તેમાં સાઉદી અરેબિયા પાસે સૌથી વધુ સેના છે. સાઉદી અરેબિયન આર્મીની સૌથી મોટી તાકાત તેની વાયુસેના માનવામાં આવે છે. ૨૦૨૪માં સાઉદી અરેબિયાનું વાર્ષિક સંરક્ષણ બજેટ ૮૦.૩૦ અબજ ડોલર હતું. રોયલ સાઉદી એરફોર્સ પાસે F-15 સ્ટ્રાઈક ઈગલ અને યુરોફાઈટર ટાયફૂન જેવા ૩૦૦થી વધુ ફાઈટર જેટ છે, જે તેને તેના પડોશી દેશો પર મજબૂત ફાયદો આપે છે. સાઉદી અરેબિયા પાસે અદ્યતન હવાઈ સંરક્ષણ પ્રણાલી "પીસ શીલ્ડ"અને મિસાઈલો અને અદ્યતન ડ્રોન પણ છે. સાઉદી અરેબિયાની સેના પણ મજબૂત માનવામાં આવે છે, જે અમેરિકન અબ્રામ્સ ટેન્ક અને અત્યાધુનિક સશસ્ત્ર વાહનોથી સજ્જ છે. સાઉદી અરેબિયા તેના દરિયાઈ માર્ગો અને ઉર્જા મથકોનું રક્ષણ કરવા માટે તેની નૌકાદળને પણ મજબૂત બનાવી રહ્યું છે. જોકે, સાઉદી અરેબિયાનું સૈન્ય વિદેશી શસ્ત્રો અને ટેકનોલોજી પર ભારે નિર્ભર રહે છે. તે તેના મોટાભાગના શસ્ત્રો અને લશ્કરી સાધનો અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સ પાસેથી મેળવે છે. અન્ય એક ગલ્ફ રાષ્ટ્ર કુવૈત ઝડપથી એક મોટી લશ્કરી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. કુવૈતે તેની મજબૂત અર્થવ્યવસ્થા અને વ્યૂહાત્મક ભાગીદારીનો ઉપયોગ કરીને એક શક્તિશાળી લશ્કર બનાવ્યું છે. ૨૦૨૪માં કુવૈતનું સંરક્ષણ બજેટ ૭.૭૯ અબજ ડોલર હતું. કુવૈતમાં ૧૮ થી ૩૫ વર્ષની વયના પુરુષો માટે ફરજિયાત લશ્કરી સેવા છે. કુવૈતી સેના પાસે અંદાજે ૩૬૭ યુદ્ધ ટેન્ક છે. વાયુસેનામાં ૧૩૧ વિમાનો છે, જેમાં ૫૦ ફાઈટર જેટનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સંયુક્ત આરબ અમીરાત મધ્ય પૂર્વમાં સૌથી આધુનિક અને શક્તિશાળી સૈન્યમાંનું એક છે. ઈરાને દુબઈ પર અનેક હુમલા કર્યા છે, જેમાં નોંધપાત્ર નુકસાન થયું છે. દુબઈએ ઘણી ઈરાની મિસાઈલોને તોડી પાડી છે, પરંતુ હજુ સુધી કોઈ બદલો લેવાનો હુમલો કર્યો નથી.

યુએઈ પાસે ચોકસાઈથી હુમલો કરવાની ટેકનોલોજી અને ક્ષમતા છે. ૨૦૨૪માં યુએઈનું વાર્ષિક સંરક્ષણ બજેટ ૨૨.૭૫ અબજ ડોલર હતું. યુએઈએ યમન અને લિબિયામાં લશ્કરી કાર્યવાહીમાં ભાગ લીધો છે અને ઈસ્લામિક સ્ટેટ સામે આંતરરાષ્ટ્રીય કાર્યવાહીને પણ ટેકો આપ્યો છે. વાયુસેના યુએઈની મુખ્ય તાકાત છે, જેમાં F-16 અને મિરાજ ૨૦૦૦ જેવાં ફાઈટર જેટનો સમાવેશ થાય છે. યુએઈ પાસે પેટ્રિઅટ અને THAAD જેવી અદ્યતન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ છે. આમ છતાં તે હજુ યુદ્ધમાં સીધી રીતે જોડાયું નથી. કારણ કે તે પોતે યુદ્ધનો ભાગ બનવા નથી માંગતા. જોકે, ગુરુવારે ખાડીના દેશોએ હવે હુમલા સહન નહીં કરીએ તેવી ચીમકી આપતાં ઈરાન માટે હવે મોટી મુશ્કેલી ઊભી થાય તેમ છે.

manoj1968@yahoo. ca






# કેનેડા PRના નામે કરોડોની ઠગાઈ : આણંદની યુવતી પાસેથી રૂપિયા 40 લાખથી વધુ ઉસેટ્યા

## યુવતીએ પૈસા પરત માંગતા ધમકી આપી, પોલીસે અમદાવાદના કન્સલ્ટન્ટને ઝડપી લીધો

**આણંદ**

આણંદમાં રહેતી 36 વર્ષીય યુવતીએ પોતાના પતિ અને પુત્ર સાથે કેનેડામાં સ્થાયી થવા માટે સોશિયલ મીડિયા મારફતે અમદાવાદની વિઝા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. પરિમલ ગાર્ડન પાસે આવેલી 'વિઝા એક્સેપ્ટ' ઓફિસના માલિક કવિશ કપૂરે યુવતીને વિશ્વાસમાં લઈને 6થી 8 મહિનામાં ફેમિલી PR વિઝા અપાવવાનો વાયદો કર્યો હતો. સમગ્ર પ્રક્રિયા માટે અંદાજે 42 લાખ રૂપિયાનો ખર્ચ બતાવી શરૂઆતમાં 4.50 લાખ રૂપિયા એડવાન્સ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ અલગ-અલગ પ્રોસેસના બહાને યુવતી પાસેથી ટુકડે-ટુકડે કુલ 40.85 લાખ રૂપિયા બેંક ટ્રાન્સફર અને આંગડિયા મારફતે વસૂલવામાં આવ્યા હતા. મોટી રકમ ચૂકવ્યા બાદ જ્યારે વિઝા મળ્યા ત્યારે યુવતીને ખબર પડી કે PRના બદલે માત્ર ત્રણ વર્ષના વર્ક પરમિટ આપવામાં આવ્યા છે, જેના કારણે તે ચોંકી ઉઠી હતી. આ અંગે સવાલ કરતા આરોપીએ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ લાંબા સમય સુધી PR ન મળતા યુવતીને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. પૈસા પરત માંગતા આરોપીએ ધમકી આપી હતી કે પરિવારની ઈમિગ્રેશન પ્રોફાઈલ બરબાદ કરી દેશે. અંતે યુવતીએ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી લઈને વધુ તપાસ શરૂ કરી છે.

# શેરબજારમાં રોકાણના નામે શાંતિગ્રામના રહીશ સાથે રૂ.1.68 કરોડની છેતરપિંડી

## નફાની લાલચ આપી એપ ડાઉનલોડ કરાવી રૂપિયા પડાવ્યાં

**ગાંધીનગર**

ગાંધીનગર શહેર નજીક ખોરજની અદાણી શાંતિગ્રામ વસાહતમાં રહેતા રહીશ સાથે શેરબજારમાં રોકાણની લાલચ આપીને સાયબર ગઠિયાઓ દ્વારા ૧.૬૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી લેવામાં આવી છે. મૂળ આંધ્રપ્રદેશના રાજેશ સીરીગીરીસેટ્ટી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે ગત ૨૮ જાન્યુઆરીના રોજ તેમના મોબાઈલ નંબરને એક વોટ્સએપ ગૃપમાં એડ કરવામાં આવ્યો હતો. જ્યાં આ ગૃપમાં વિકાસ શર્મા અને એકાઉન્ટ મેનેજર માઈકલ કુલીન્સ નામના વ્યક્તિઓએ શેરબજારમાં રોકાણ કરવા માટે અને મોટો નફો મળવાની લાલચ આપવામાં આવી હતી. જેથી તેમને એક એપ્લિકેશન પણ ડાઉનલોડ કરાવડાવવામાં આવી હતી ત્યારબાદ તેમણે ૨૫ ફેબુરઆરીથી ૧૩ માર્ચ દરમિયાન અલગ-અલગ બેંક ખાતાઓમાંથી રૂપિયા ભરી દીધા હતા. જોકે રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે થઈ શક્યા ન હોવાથી સાયબર ફ્રોડ થયું હોવાનું ફરિયાદ કરી હતી.

# ઉણ ગામ કેસ : પોલીસ અત્યાચાર અને ખોટી ફરિયાદો સામે પગલાં લેવા માગ

**વાવ**

વાવ થરાદ જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે ગુજરાતના સમસ્ત આંજણા ચૌધરી સમાજ દ્વારા કલેકટરને લેખિત આવેદન પત્ર પાઠવીને સમાજના યુવાનો પર થયેલા કથિત પોલીસ અત્યાચાર અને ખોટી ફરિયાદો સામે કડક પગલાં લેવાની માગ કરવામાં આવી છે.

18 માર્ચના રોજ ચૌધરી સમાજના સંમલેન બાદ દીકરી પરત લાવવા બે સમાજ વચ્ચે ટકરાવ થયો હતો, સ્થિતિને કાબૂમાં લેવા પોલીસે બળપ્રયોગ પણ કર્યો હતો. હાલ ચૌધરી સમાજમાં પોલીસની એકતરફી કાર્યવાહીના આરોપ સાથે રોષ ભભૂકી ઉઠ્યો છે. 'ઉણ મુકામે પહોંચેલા શાંતિપ્રિય જનસમૂહ પર સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર કે. બી. દેસાઈ દ્વારા બળપ્રયોગ કરવામાં આવ્યો હતો. સમાજના આગેવાનોનું કહેવું છે કે પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો અને ટીયર ગેસના સેલ છોડવામાં આવ્યા આ ઘટનામાં સમાજના અનેક યુવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે અને હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. યુવાનો પર કલમ 307 (હત્યાનો પ્રયાસ) જેવી ગંભીર અને ખોટી કલમો લગાવીને ગુનો દાખલ કરવામાં આવ્યો છે પોલીસ અધિકારીએ સત્તાનો દુરુપયોગ કરી વાહનો તેમજ માલ-મિલકતને મોટું નુકસાન પહોંચાડ્યું છે'

# ધાનેરામાં માનવતા નેવે મુકાઈ! સાસરિયા વાળાએ પુત્રવધૂના મૃતદેહને રઝળતો મૂક્યો

## સાસરિયા વાળા દીકરીને માનસિક અને શારીરિક ત્રાસ આપતા : પિયર પક્ષ

**ધાનેરા**

બનાસકાંઠા જિલ્લામાં આવેલા ધાનેરામાં માનવતા શર્મશાર થયા તેવી એક ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં નાનુડાની 35 વર્ષીય અંતરીબેનના ગોલા ગામમાં લગ્ન કરેલ હતા. દીકરીના મૃતદેહને સાસરિયાએ ખાનગી હોસ્પિટલ આગળ ગાડીમાં છોડી રફુચક્કર થઈ ગયાં છે. જ્યારે આ અંગે પિયર પક્ષને જાણ થઈ ત્યારે સમગ્ર લોકો ઘટનાસ્થળે દોડી આવ્યાં હાતં. પિયર પક્ષ દ્વારા પોલીસને કરી દેવામાં આવી છે. આ ફરિયાદમાં પિયર પક્ષે લખાવ્યું છે કે, સાસરિયા વાળા દીકરીને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા. આ મામલે જાણ થતા ધાનેરા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ દ્વારા મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. આ મહિલાની કુદરતી મોત થયું છે કે, પછી તેની હત્યા કરવામાં આવી છે? તે દિશામાં પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ મામલે અત્યારે સમગ્ર જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. પોતાની પુત્રવધૂના મૃતદેહને આમ રઝળતો કેવી રીતે મુકી શકાય? આ મામલે યોગ્ય તપાસ કરવામાં આવે અને ગુનેગારોને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી રહી છે.

મહિલાના પિયર પક્ષના એક વ્યક્તિ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, અમને જ્યારે જાણ થઈ ત્યારે તરત આવી ગયાં હતા. અમે લાશ ગાડીમં જોઈ છે. ગોલા વાળા ગાડી મુકીને ભાગી ગયાં હતા. 11 વાગે ગાડી મુકીને ભાગી ગયાં હતા.

# ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસે ગાંધીનગર કોર્પોરેશનમાં નકલી નોટો ઉડાડી, હલ્લાબોલ કરી વિરોધ કર્યો

## મેયર સહિતના પદાધિકારીઓના વાહનો ઉપર પર ભ્રષ્ટ તંત્રના સ્ટીકરો લગાવ્યા

**ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરને એસીબી દ્વારા લાંચ લેતા ઝડપી લેવામાં આવ્યા બાદ કોંગ્રેસ દ્વારા કોર્પોરેશનમાં જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો અને કાર્યકર્તાઓએ ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી કરવાની માગણી સાથે કચેરીએ હલ્લાબોલ કર્યો હતો.




પ્રદર્શન દરમિયાન કાર્યકર્તાઓએ કમિશનરની ઓફિસને ઘેરી ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. પાલિકામાં રૂપિયા આપ્યા વગર કામ ન થતા હોવાના આક્ષેપ સાથે તંત્ર પર નિશાન સાધવામાં આવ્યું હતું. વિરોધ દરમિયાન કાર્યકર્તાઓએ નકલી નોટો હવામાં ઉડાડી ભ્રષ્ટાચાર વિરુદ્ધ પ્રતિકાત્મક વિરોધ નોંધાવ્યો હતો.

આ ઉપરાંત મેયરની સત્તાવાર ગાડી સહિત શાસક પક્ષના નેતાઓના વાહનો પર 'ભ્રષ્ટાચાર' અને 'લાંચિયા' લખેલા સ્ટીકરો ચોંટાડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે પાલિકા સંકુલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવામાં આવી હતી. પોલીસ દળ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

# USAની કંપની સાથે ડેટા એન્ટ્રીના નામે 45 લાખની ઠગાઇ કરનાર યુવતી પકડાઇ

**વડોદરા**

ડેટા એન્ટ્રીના નામે ૪૫ લાખની ઠગાઈના કેસમાં વોન્ટેડ મહિલા ૨૨ વર્ષ બાદ મુંબઈથી પકડાઇ જતાં ક્રાઈમ બ્રાન્ચ તેની પૂછપરછ કરી રહી છે. વડોદરામાં વર્ષ-૨૦૦૨માં ડેટા એન્ટ્રી એન્ડ પ્રોસેસિંગનું કામ કરતા એક સંચાલકને યુએસથી ડેટા એન્ટ્રીનું મોટું કામ અપાવવાના નામે વાતોમાં ફરાવનાર ભેજાબાજોએ મુંબઈના એક એજન્ટ સાથે મીટિંગના નામે વાત કરી હતી. ટોળકીએ ૨૦૦૦ કોમ્પ્યુટર માટે કોન્ટ્રાક્ટ પેટે રૂ.૬૦ લાખ ફી નક્કી કરી રૂ.૪૫ લાખ પડાવી લીધા હતા અને યુએસની કંપની સાથે વાત કરવા માટે એજન્ટ તરીકે સુનિતાના નામે એમઓયુ કરાવ્યું હતું.ત્યારબાદ જોબ વર્ક નહિ મળતાં વર્ષ-૨૦૦૪માં વડોદરા ક્રાઇમ બ્રાન્ચમાં ગુનો નોંધાયો હતો.આ દરમિયાન આરોપીઓએ રૂ.૧૫ લાખ પરત કર્યા હતા. જ્યારે બાકીની રકમ સંત તુકારામ ફિલ્મ માટે ઈન્વેસ્ટ કરી હોવાની વિગતો ખૂલી હતી. આ ગુનામાં પોલીસે અગાઉ બે આરોપીને પકડયા હતા. જ્યારે સુનિતા મળતી નહતી. સુનિતા જૂનું ઘર બદલીને હાલમાં મુંબઈના વિરાર ખાતે રહેતી હોવાની માહિતી મળતાં ક્રાઈમ બ્રાન્ચે સુનિતા રાજેશ માંડલ (પૂનમ પાર્ક, યાજુ પાર્ક પાસે)ને ઝડપી પાડી હતી.

# ચૈત્ર નવરાત્રીની આઠમે પાવાગઢમાં ભક્તોનું ઘોડાપૂર: લાખો ભક્તોએ દર્શન કર્યા

**પાવાગઢ**

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ચૈત્ર નવરાત્રીના આઠમાં નોરતે માતાજીના દર્શન કરવા લાખો માઈભક્તો ઉમટી પડ્યા હતા. નવરાત્રીની આઠમનું વિશેષ મહત્વ હોય, દર્શનની સાથે સાથે માતાજીના આઠમના હવનના દર્શનનો પણ લાભ લીધો હતો. ચૈત્ર નવરાત્રીના આઠમના દિવસે સવારના ચાર મંદિર ટ્રસ્ટ દ્વારા દ્વાર દર્શનાર્થે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આઠમના દર્શન માટે માઈભક્તોનો પ્રવાહ ગત મોડી રાત્રીથી અવિરત ચાલુ રહ્યો હતો. ચૈત્ર નવરાત્રીને લઈ પાવાગઢ ખાતે ભક્તોનો પ્રવાહ વધારે હોવાથી પોલીસ તેમજ વહીવટી તંત્ર દ્વારા સી.સી. ટીવી કેમેરા તેમ જ પોલીસ વિભાગના 800 પોલીસકર્મી દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી હતી.

# ગાંધીનગરમાં 20 લાખની ઉઘરાણીમાં જાહેરમાં ફાયરિંગ, એક યુવક ઈજાગ્રસ્ત

## પ્લોટના સોદાના નાણાં લેતીદેતીમાં મામલો બિચક્યો હતો

**ગાંધીનગર**

ગાંધીનગરમાં ગ-2 સર્કલ નજીક નાણાકીય લેતીદેતીના વિવાદમાં જાહેરમાં બે રાઉન્ડ ફાયરિંગ થતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે. પ્લોટના સોદાના બાકી નીકળતા 20 લાખ રૂપિયાની ઉઘરાણી કરવા ગયેલા શખસે ઉશ્કેરાટમાં આવી ગોળીબાર કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ઉનાવા ગામના પત્રકાર જીતુ રાઠોડ અને તેમના સાથી હિતેશ રબારી પ્લોટના સોદા પેટે બાકી નીકળતા 20 લાખ રૂપિયાની વસૂલાત માટે પ્રદીપ જાડેજા પાસે આવ્યા હતા. ગાંધીનગરના ગ-2 સર્કલ પાસે આ નાણાકીય વ્યવહાર અંગે ચર્ચા ચાલી રહી હતી ત્યારે બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ચર્ચા દરમિયાન મામલો એટલો હદ સુધી બિચક્યો હતો કે હિતેશ રબારીએ પોતાની પાસે રહેલી રિવોલ્વર કાઢી જાહેરમાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં પ્રદીપ જાડેજાને પેટના ભાગે ગોળી વાગતા તે લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ઢળી પડ્યો હતો.

# વડોદરામાં ભાજપના બે પૂર્વ કોર્પોરેટર સહિત 7 નેતાઓ કોંગ્રેસમાં જોડાયા

**વડોદરા**

શહેરમાં રાજકીય હલચલ વચ્ચે ભાજપના બે પૂર્વ કોર્પોરેટર સહિત કુલ ૭ નેતાઓએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. અમિત ચાવડા, મુકુલ વાસનિક અને તુષાર ચૌધરીની હાજરીમાં એરપોર્ટ દિશાવળ ભવન ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કોંગ્રેસમાં જોડાનારાઓમાં આશિષ જોષી (પૂર્વ ભાજપ કોર્પોરેટર), પારુલ પટેલ (પૂર્વ ભાજપ કોર્પોરેટર), સ્વેજલ વ્યાસ (સામાજિક કાર્યકર), દીપા શ્રીવાસ્તવ (પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવની પુત્રી), દર્પણ પટેલ (પૂર્વ સરપંચ, ભાયલી), મહેન્દ્રસિંહ રાઠોડ (પ્રવક્તા, કરણી સેના) અને નિર્દેશ પટેલ (ઉપ પ્રમુખ, એન.સી.પી.નો સમાવેશ થાય છે. આશિષ જોષીએ કહ્યું હતું કે, હરણી બોટકાંડ પીડિતોના હક માટે લડતા ભાજપે તેમને સસ્પેન્ડ કર્યા હતા.

# મહેસાણામાં ઈન્દ્રાડમાં લૂંટના ઈરાદે મહિલાની કરપીણ હત્યા

## ખોદાયેલી પોચી માટીથી શંકા ઊપજી : 4.40 લાખની લૂંટ કરી પુરાવા નાશ કરવાનો હત્યારાઓનો નિષ્ફળ પ્રયાસ

**મહેસાણા**

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઈન્દ્રાડ ગામની સીમમાં લૂંટના ઈરાદે એક 54 વર્ષીય મહિલાની કરપીણ હત્યા કરી, પુરાવાનો નાશ કરવા માટે લાશને ખેતરમાં જ દાટી દેવાની અત્યંત હચમચાવનારી ઘટના સામે આવી છે. નંદાસણ પોલીસ મથકની હદમાં ટૂંકા ગાળામાં મહિલાની હત્યાની આ બીજી ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભય અને રોષનો માહોલ વ્યાપ્યો છે. ઈન્દ્રાડના હોડકા વિસ્તારમાં રહેતા શારદાબેન ઠાકોર ગત 20 માર્ચના રોજ બપોરે ખેતરમાં ઘાસચારો લેવા ગયા હતા, પરંતુ સાંજ સુધી ઘરે પરત ન ફરતા પરિવારે શોધખોળ આદરી હતી. કોઈ પત્તો ન મળતા આખરે



21 માર્ચે નંદાસણ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની જાણ કરવામાં આવી હતી, જેના આધારે પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો હતો.

પોલીસની તપાસમાં આસપાસની ફેક્ટરીઓના સીસીટીવી ફૂટેજ અત્યંત મહત્વના સાબિત થયા હતા. ફૂટેજમાં શારદાબેન ખેતર તરફ જઈ રહ્યા હતા અને તેમની પાછળ એક શંકાસ્પદ શખ્સ જતો નજરે પડ્યો હતો. દરમિયાન, 23 માર્ચના રોજ તપાસ દરમિયાન સવિતા અમૃત ફાર્મમાં લીંબુડીના વાવેતર પાસે નવી ખોદાયેલી પોચી માટી જોવા મળતા પોલીસની શંકા પ્રબળ બની હતી. પંચોની હાજરીમાં અને વીડિયોગ્રાફી સાથે ત્યાં ખોદકામ કરાવતા અંદાજે એક ફૂટની ઊંડાઈએથી શારદાબેનની કોહવાયેલી લાશ મળી આવી હતી. આ દ્રશ્ય જોઈને પોલીસ અને પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા, કારણ કે હત્યારાઓએ અત્યંત નિર્મમતાથી મહિલાની હત્યા કરી પુરાવા નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ હત્યા પાછળનો મુખ્ય હેતુ લૂંટ હોવાનું બહાર આવ્યું છે. હત્યારાઓએ મહિલાના કાન ચીરીને સોનાની બુટ્ટીઓ અને અન્ય ઘરેણાં સહિત અંદાજે 4.40 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીનાની લૂંટ કરી હતી. લૂંટાયેલા મુદ્દામાલમાં 2 લાખની સોનાની બંગડીઓ, 1.40 લાખની સોનાની બુટ્ટી-વાળી અને 1 લાખની કિંમતના ચાંદીના કડલાનો સમાવેશ થાય છે. લૂંટારાઓની ક્રૂરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે કાનની બુટ્ટીઓ ખેંચતી વખતે સહેજ પણ દયા વગર મહિલાના કાન ચીરી નાખ્યા હતા. પોલીસે આ મામલે લૂંટ વિથ મર્ડરનો ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે પોલીસની અલગ-અલગ ટીમો મેદાને ઉતારી છે.

# ગોધરા APMCમાં રાઉલજી ચેરમેન, સોલંકી વા. ચેરમેન તરીકે ચૂંટાયા

**ગોધરા**

ગોધરા APMCના ચેરમેન તરીકે ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજીના પુત્ર માલવદીપસિંહ રાઉલજીની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જ્યારે વાઈસ ચેરમેન તરીકે શામાતસિંહ સોલંકીની પસંદગી કરવામાં આવી છે. ચેરમેન અને વાઈસ ચેરમેનનો અઢી વર્ષનો સમયગાળો પૂર્ણ થતા આજે આ નવી વરણી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ગોધરા APMCના મીટિંગ હોલ ખાતે જિલ્લા રજિસ્ટ્રારની અધ્યક્ષતામાં ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટેના નામોનું મેન્ડેટ રજૂ કરવામાં આવ્યું હતું. પક્ષ દ્વારા જાહેર કરાયેલા નામો સામે અન્ય કોઈ સભ્યોએ ફોર્મ ન ભરતા, બંને પદ પર ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. બિનહરીફ વરણી થતાની સાથે જ APMC પરિસરમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો ઉમટી પડ્યા હતા. ફટાકડા ફોડી અને એકબીજાને મોઢું મીઠું કરાવીને આ જીતની ઉજવણી કરવામાં આવી હતી. નવા નિમાયેલા ચેરમેન માલવદીપસિંહ રાઉલજીએ ખેડૂતોના હિતમાં અને બજાર સમિતિના વિકાસ માટે સતત કાર્યરત રહેવાની નેમ વ્યક્ત કરી હતી.

# વડોદરાના આલમગઢ તળાવમાં બે યુવકો અને શિનોર ખાતે પરિક્રમા કરનાર નર્મદામાં ડૂબ્યા

## ફાયર ટીમ દ્વારા બોટ-ડાઈવર્સની મદદથી સઘન સર્ચ ઓપરેશન ચલાવાયું હતું

**વડોદરા**

વાઘોડિયા તાલુકાના આલમગઢ ગામે રવિવારે ચાર યુવકો તળાવમાં નહાવા માટે પડ્યા હતા. આ દરમિયાન અચાનક ચારેય યુવકો ડૂબવા લાગ્યા હતા. જોકે, બે યુવકોને તરતા આવડતું હોવાથી તેઓ જીવ બચાવીને બહાર નીકળવામાં સફળ રહ્યા હતા, જ્યારે યુવકો ડૂબ્યા હતા. સાંજ સુધી બંનેની કોઈ ભાળ ન મળતા વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી છે. ફાયર ટીમ દ્વારા બોટ અને



ડાઈવર્સની મદદથી તળાવમાં સઘન સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

બીજી ઘટના શિનોર તાલુકામાં બની છે, જ્યાં નર્મદા પરિક્રમા માટે આવેલો એક યુવક નદીમાં ડૂબ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ, યુવક નર્મદા મૈયાના દર્શન કરવા અને સ્નાન કરવા ગયો હતો, આ દરમિયાન ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ગઈકાલથી ફાયર બ્રિગેડની ટીમ શોધખોળ કરી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ સફળતા મળી નથી. આજે ફરીથી વહેલી સવારથી રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. બંને સ્થળોએ વડોદરા ફાયર બ્રિગેડની ટીમો કાર્યરત છે. જ્યારે ગ્રામ્ય પોલીસ પણ આ બંને મામલે તપાસ કરી રહી છે.

# વડોદરામાં હનીટ્રેપનો ખતરનાક ખેલ : ટોળકીએ યુવકને ફ્લેટ પર બોલાવીને લાખો પડાવી લીધા

## ડેટિંગ એપથી મિત્રતા, નકલી પોલીસ બની ધમકાવી સોનાની ચેન અને વીંટી લઇ લીધી

**વડોદરા**

વડોદરામાં સોશિયલ મીડિયા અને ડેટિંગ એપ્લિકેશન મારફતે હનીટ્રેપ અને લૂંટનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. 32 વર્ષીય બાયો સેક્સ્યુઅલ યુવકને નિશાન બનાવી આરોપીઓએ પહેલાં વેબસાઈટ પર તેની પ્રોફાઈલ જોઈ અને પછી સંપર્ક કરીને વિશ્વાસમાં લીધો હતો. મિત્રતા વધાર્યા બાદ તેને મળવા માટે એક ફ્લેટ પર બોલાવવામાં આવ્યો હતો.

યુવક ત્યાં પહોંચતા પૂર્વ આયોજન મુજબ માત્ર એક આરોપી તેની સાથે બેઠો હતો, જ્યારે અન્ય આરોપીઓ બીજા રૂમમાં સંતાઈ ગયા હતા. થોડા સમય પછી બધા બહાર આવી 'તમે બંને બંધ રૂમમાં શું કરો છો?' કહી ધમકાવવાનું શરૂ કર્યું હતું. આરોપીઓએ પોતાને નકલી પોલીસ તરીકે ઓળખાવી કેસ કરવાની ધમકી આપી અને મામલો સેટલ કરવા પૈસાની માંગણી કરી હતી.

આરોપીઓ યુવકને બળજબરીથી એટીએમ સેન્ટર સુધી લઈ ગયા, પરંતુ ટેકનિકલ કારણોસર અથવા બેલેન્સ ન હોવાથી પૈસા નીકળ્યા ન હતા. ત્યારબાદ તેને ફરી ફ્લેટ પર લાવી તેની પાસેથી સોનાની બે વીંટી અને ચેન લૂંટી લઈ ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટનાએ શહેરમાં ભયનો માહોલ ઊભો કર્યો છે અને લોકોમાં ચિંતા ફેલાઈ છે.

ફરિયાદ નોંધાતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી કલાકોમાં આરોપીઓના નામ-સરનામા શોધી કાઢ્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે.

# મકરપુરાની રેસીડેન્સીમાં 9 ફૂટનો મગર આવતાં રહીશોમાં નાસભાગ

**વડોદરા**

મકરપુરામાં ગઈ રાત્રે આવી જ રીતે 9 ફૂટના એક મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. મકરપુરા જાંબુઆ વિસ્તારમાં આવેલી ગોકુલ રેસીડેન્સીમાં થોડા સમય પહેલા પણ એક મહાકાય મગર આવી ગયો હતો. જેનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ગઈકાલે રાત્રે લોકો વોક માટે નીકળ્યા હતા તે દરમિયાન ફરી એકવાર માનવ વસ્તી સુધી મગર આવી જતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. બનાવવાની જાણ જીવ દયા કાર્યક્રમને કરતા જયેશ પટેલ અને તેમની ટીમ દ્વારા નવ ફૂટના મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. અગાઉ



પણ આ જ મગર અહીં આવ્યો હોવાનું મનાય છે. મહાકાય મગરને ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવ્યો હતો.

## વનવાસી શબ્દથી આદિવાસી હકો નબળા પાડયા- રાહુલ ગાંધીના ભાજપ-RSS પર તીખા પ્રહારો

# આદિવાસીઓની જમીન છીનવી લેવાઈ, કંપનીઓના કરોડોના દેવા માફ કરી દેવાયા પણ આદિવાસીઓનું દેવું માફ નથી થતું

**વડોદરા**

આદિવાસી અધિકાર સંવિધાન સંમેલનમાં રાહુલ ગાંધીએ આદિવાસી હકો અને સામાજિક અસમાનતા મુદ્દે કેન્દ્ર સરકાર અને પ્રાઈવેટ -સરકારી સંસ્થાઓ પર તીખા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, હજારો વર્ષો પહેલા તમામ જમીન આદિવાસીઓની હતી, પરંતુ સમય જતાં તેમને તેમના હકોથી વંચિત કરવામાં આવ્યા છે. વિકાસના નામે આદિવાસીઓની જમીન છીનવી લેવામાં આવી રહી છે અને જંગલો કોર્પોરેટને સોંપાઈ રહ્યા છે. અદાણીના



ઉલ્લેખ સાથે તેમણ કટાક્ષ કર્યો હતો કે, મોટા ઉદ્યોગપતિઓને ફાયદો થાય તેવી નીતિઓ અમલમાં આવી રહી છે. મોટી કંપનીઓના કરોડો રૂપિયાના દેવા માફ કરવામાં આવે છે, જ્યારે એક પણ આદિવાસીનું દેવું માફ કરવામાં આવ્યું નથી. દેશનું ધન અમુક ઉદ્યોગપતિઓ વચ્ચે વહેંચાઈ રહ્યું છે.

વધુમાં જણાવ્યું હતું કે, જાતિ આધારિત જનગણનાનો હેતુ વિવિધ સંસ્થાઓ અને કોર્પોરેટ ક્ષેત્રમાં આદિવાસીઓની હિસ્સેદારી જાણી શકાય તે છે. સિનિયર મેનેજમેન્ટમાં એક પણ આદિવાસી નથી.આદિવાસી સમાજને પાવર અને આર્થિક હક મળે તે માટે કોંગ્રેસ લડત ચાલુ રાખશે. જ્યાં સુધી દરેક સેક્ટરમાં આદિવાસીઓની ભાગીદારી નહીં વધે, ત્યાં સુધી તેમને યોગ્ય લાભ નહીં મળે, તેવું જણાવ્યું હતું.

# નારધાના જંગલોમાં આગ લાગી, હજારો વૃક્ષો બળીને ખાખ, વન વિભાગની નિષ્ક્રિયતા સામે રોષ

**ગાંધીનગર**

નારધા ગામની સીમમાં ડુંગરો પર લાગેલી આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. પવનની ગતિને કારણે આગ જંગલના ઊંડા વિસ્તારોમાં પ્રસરી રહી છે. આ ભીષણ આગમાં જંગલની અમૂલ્ય સંપત્તિ સમાન હજારો વૃક્ષો બળી રહ્યા છે, જેના કારણે વન્યજીવોના અસ્તિત્વ સામે પણ જોખમ ઊભું થયું છે. જંગલ વિસ્તારમાં અવારનવાર આગ લાગવાની ઘટનાઓ બનતી હોવા છતાં વન વિભાગ દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી તેવો સ્થાનિકોનો આક્ષેપ છે. આગ લાગ્યાના કલાકો વીતી ગયા હોવા છતાં તંત્ર દ્વારા આગ પર કાબૂ મેળવવાની કોઈ અસરકારક કામગીરી દેખાતી નથી. વન વિભાગની આ કથિત નિષ્ક્રિયતાને કારણે કુદરતી સંપત્તિનો સોથ વળી રહ્યો છે.

# નવસારીમાં સાવકા પિતાએ દુષ્કર્મ આચરી બે દીકરીને સગર્ભા બનાવી

## આરોપી દીકરીઓને ભૂખ્યા રાખવાની ધમકી આપી કુકર્મ કરતો

**નવસારી**

નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાંથી એક એવી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે જેણે માનવતાને ફરી એકવાર શરમાવી દીધી છે. એક પાખંડી સાવકા પિતાએ પોતાની જ બે સગીર દીકરીઓ પર વારંવાર દુષ્કર્મ ગુજારી તેમને ગર્ભવતી બનાવી હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે.

આ નરાધમ પિતાના પાપનો ઘડો ત્યારે ફૂટ્યો જ્યારે નાની દીકરીને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. પરિવાર તેને સારવાર માટે કુકેરી પી.એચ.સી. સેન્ટર લઈ ગયા હતા. જ્યાં તબીબોને શંકા જતાં સોનોગ્રાફી કરાવવામાં આવી હતી. રિપોર્ટમાં સામે આવ્યું કે, સગીરાને 5 માસનો ગર્ભ છે. આ જાણીને માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જ્યારે માતાએ નાની દીકરીની આકરી પૂછપરછ કરી, ત્યારે તેણે રડતા રડતા તેના સાવકા પિતા અનિલ અમૃતભાઈ રાઠોડની કરતૂતો વર્ણવી હતી. આટલું ઓછું હોય તેમ, મોટી દીકરીની તપાસ કરાવતા તે પણ 2 માસની ગર્ભવતી હોવાનું બહાર આવ્યું હતું. આરોપી પિતા બંને દીકરીઓને જંગલમાં લાકડા લેવા જવાના બહાને અથવા રાત્રે પરિવારના ઊંઘી ગયા બાદ પોતાની હવસનો શિકાર બનાવતો હતો. માસૂમ દીકરીઓ લાંબા સમયથી આ નરક જેવી પીડા સહન કરી રહી હતી કારણ કે પિતા તેમને સતત ધમકાવતો હતો. તે કહેતો હતો કે, "જો તમે આ વાત કોઈને કહેશો, તો હું તમને અને તમારી મમ્મીને જમવાનું આપીશ નહીં અને ભૂખ્યા રાખીશ." જમવાનું નહીં મળે તેવા ડરથી દીકરીઓ આ અત્યાચાર મૂંગા મોઢે સહન કરતી રહી. સગીરાઓની માતાની ફરિયાદના આધારે ચીખલી પોલીસે આરોપી અનિલ રાઠોડ વિરુદ્ધ POCSO એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે જેથી આરોપીને કડકમાં કડક સજા અપાવી શકાય.

# ડિંડોલીમાં નાસ્તો કરવા મુદ્દે મિત્રોએ જ મિત્રની હત્યા કરી

**સુરત**

ડીંડોલી વિસ્તારના ભેસ્તાન આવાસ પાસે નાસ્તો કરવા ગયેલા મિત્રો વચ્ચે કોઈ બાબતે તકરાર થઈ હતી. જેમાં સામાન્ય ઝઘડામાં ઉશ્કેરાયેલા મિત્રએ ચપ્પુના ઘા ઝીંકીને અન્ય મિત્રને મોતને ઘાટ ઉતારી દીધો હતો. સમગ્ર મામલે પોલીસે આરોપી મિત્ર સામે ગુનો નોંધીને આગળની કર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, સુરતના ડીંડોલીમાં ભેસ્તાન આવાસ નજીક મિત્રો વચ્ચે થયેલા ઝઘડામાં એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જેમાં સુરત સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ યુવકનું મોત નીપજ્યું હતું. દીકરાના મોતને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

સમગ્ર મામલે મૃતકના પરિવારે ડીંડોલી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં પોલીસે ફરિયાદના આધારે આરોપીને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

# કરન્સી રેકેટમાં ઘટસ્ફોટ : યોગ ગુરુ ચીન જઈ નકલી નોટ છાપતાં શીખ્યો

## કાગળનો ઓર્ડર સ્ટેશનરીની આડમાં આપીને જથ્થો મંગાવ્યો

**સુરત**

સુરતમાં સત્યમ યોગ ફાઉન્ડેશનમાં યોગની પ્રવૃત્તિની આડમાં બનાવટી ચલણી નોટો છાપવાના કૌભાંડમાં ક્રાઈમ બ્રાન્ચે મુખ્ય આરોપી પ્રદીપ ગુરુજી અને તેના સાગરિતોની પૂછપરછમાં અનેક ચોંકાવનારી વિગતો જાણવા મળી છે. જેમાં સુરતમાં બનાવટી ચલણી નોટ છાપતા પહેલાં પ્રદીપ ગુરુજી અને મુકેશ હુમ્મર ચીન ગયા હતા. જ્યાં એજન્ટો સાથે મળીને નોટો છાપવા માટે તમામ સિસ્ટમ સમજીને ટ્રાયલ માટે નોટ પ્રિન્ટ પણ કરી હતી. ત્યારબાદ સુરતમાં મોટા પ્રમાણમાં બનાવટી ચલણી નોટો છાપવા માટે કરન્સી સિક્યોરિટી કાગળનો ઓર્ડર સ્ટેશનરીની આડમાં આપીને જથ્થો મંગાવ્યો હતો. અત્યારે ક્રાઈમ બ્રાન્ચની સાથે અન્ય તપાસ એજન્સીઓ પણ તપાસ કરી રહી છે.

કરન્સી સિક્યોરિટી પેપરના બોક્સ દીઠ દોઢ લાખ રૂપિયા ખર્ચ કર્યા હતા, ચીનથી કુલ ત્રણ વાર પેપર કન્સાઈનમેન્ટ મોકલવામાં આવ્યું હતું. સત્યમ યોગ ફાઉન્ડેશનના નામે સુરતના કામરેજ નજીક ધોરણ પારડી ગામમાં યોગ આશ્રમ શરૂ કરીને બનાવટી ચલણી નોટો છાપવાના કૌભાંડમાં ક્રાઈમ બ્રાન્ચે કથિત યોગ ગુરુ પ્રદીપ અને તેના સાગરિતોની સઘન પૂછપરછ કરી હતી. જેમાં તેણે સુરતમાં બનાવટી ચલણી નોટો છાપવાનું શરૂ કરવા માટે મુકેશ હુમ્મર સાથે મળીને સમગ્ર પ્લાન બનાવ્યો હતો. જેમાં તેને એક એજન્ટની મદદથી ચીનમાંથી કરન્સી પેપર મળવાની લીડ મળી હતી. જેથી ગત જાન્યુઆરી મહિનામાં ચીનના ગંગાઝાઉ અને કિંગડાઉ શહેરમાં પાંચ દિવસ માટે ગયો હતો. જ્યાં સ્થાનિક એજન્ટની મદદથી કાગળના સેમ્પલ મેળવીને ત્યાં જ ચીનની એક કરન્સીની નકલી નોટ ટ્રાયલ માટે છાપી હતી અને ત્યારબાદ 500ની ચલણી નોટ પણ છાપી હતી. જેની ગુણવત્તા અસલી જેવી જણાતા મુકેશ હુમ્મર સાથે મળીને સુરતમાં જ બનાવટી ચલણી નોટો છાપવાનું નક્કી કરીને મશીનરી પણ ખરીદી હતી.

Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અમરેલીમાં ભાજપમાં મોટું ભંગાણ : લેટરકાંડના આરોપી સરપંચ સહિત કાર્યકરોના રાજીનામા

## રાજ્યમાં ભાજપની સરકાર છતાં પણ ન્યાય માટે કાર્યકરોને જવલખા

અમરેલી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લા ભાજપમાં મોટું ભંગાણ સર્જાયું છે. જસવંતગઢના સરપંચ અને 25 વર્ષ જૂના પાયાના કાર્યકર અશોક માંગરોળીયા તેમજ યુવા કાર્યકર નિલેશ સાવલિયાએ પાર્ટીને 'રામ-રામ' કહી દીધા છે. આ રાજીનામા પાછળ 'અન્યાય' અને 'તંત્રની નિષ્ફળતા' જવાબદાર હોવાનું સામે આવતા રાજકીય ગરમાવો વધી ગયો છે.

રાજીનામું આપવાની પદ્ધતિ પણ ચર્ચાનો વિષય બની છે. અશોક માંગરોળીયાએ શિસ્તબદ્ધ રીતે ભાજપની ટોપી અને ખેસ પહેરીને જિલ્લા ભાજપ મહામંત્રીને રૂબરૂ અર્પણ કર્યા હતા. 25 વર્ષ સુધી જે પક્ષ માટે લોહી-પરસેવો એક કર્યો, તે જ પક્ષને અલવિદા કહેતી વખતે તેમની આંખોમાં અન્યાયનો રોષ સ્પષ્ટ દેખાતો હતો.

જસવંતગઢના સરપંચ અશોક માંગરોળીયા 'લેટર કાંડ'માં આરોપી રહી ચૂક્યા છે. જોકે, તેમનું કહેવું છે કે, "પોલીસે આ કેસમાં સી-સમરી ભરી દીધી છે, તેમ છતાં મને યોગ્ય ન્યાય મળી રહ્યો નથી. એક કાર્યકર તરીકે મને સતત અન્યાય થતો હોવાની અનુભૂતિ થઈ રહી છે, જેને કારણે મેં પક્ષ છોડવાનો નિર્ણય લીધો છે." પોતાની જ સરકાર સત્તામાં હોવા છતાં એક સરપંચ કક્ષાના કાર્યકરને ન્યાય માટે વલખાં મારવા પડે તે ભાજપની વહીવટી પકડ સામે સવાલો ઉભા કરે છે.

# સિંહ દર્શન માટે ગીર નહીં જવું પડે, રાજકોટમાં બનશે લાયન સફારી પાર્ક

રાજકોટ

ગુજરાતમાં સિંહો જોવા માટે હાલ ગીર નેશનલ પાર્ક અને અમરેલીના આંબરડી સફારી પાર્કમાં જવું પડે છે. જોકે હવે રાજ્યમાં વધુ એક સ્થળ પર સિંહ દર્શન થઈ શકશે. રાજકોટને ટૂંક સમયમાં લાયન સફારી પાર્ક મળી શકે છે. રાજકોટ મહાનગર પાલિકાનો આ પ્રોજેક્ટ ૭૦ ટકા પૂર્ણ થઈ ગયો છે અને ઉનાળાના વેકેશન દરમિયાન પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવી શકે છે. સિંહ દર્શન માટે ગીર, આંબરડી સફારી પાર્ક ધક્કો નહીં ખાવો પડે.

હાલમાં સિંહ દર્શન માટે સાસણ ગીર સૌથી લોકપ્રિય સ્થળ છે, જ્યાં દર વર્ષે 7 લાખથી વધુ પ્રવાસીઓ આવે છે. રાજકોટ તેની એર અને રેલ કનેક્ટિવિટીના કારણે ગીર જનારા પ્રવાસીઓ માટે પ્રવેશદ્વાર સમાન છે. જ્યારે ઉનાળા કે દિવાળી જેવા તહેવારોમાં સાસણના પરમિટ મળતા નથી, ત્યારે આ સફારી પાર્ક પ્રવાસીઓ માટે એક ઉત્તમ વિકલ્પ બનશે. પ્રોજેક્ટ પૂર્ણતાના આરે છે અને તે મે અથવા જૂન સુધીમાં ખુલ્લો મુકવામાં આવી શકે છે. કમ્પાઉન્ડ વૉલ, ફેન્સિંગ, નાઈટ શેલ્ટર, વોચટાવર અને પાણીના પોઈન્ટનું કામ પૂર્ણ થઈ ગયું છે. હાલમાં એન્ટ્રન્સ પ્લાઝા, પાર્કિંગ, ટિકિટ કાઉન્ટર અને ફૂડ કોર્ટ જેવી સુવિધાઓ પર કામ ચાલી રહ્યું છે.

# સોયલમાં પિતાને પ્રેમ સંબંધની જાણ થતાં યુવતીનો ફાંસો ખાઈ આપઘાત

જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સોયલ ગામમાં એક વિચિત્ર બનાવ બન્યો હતો. ત્યાં રહેતી ભરવાડ પરિવારની એક યુવતીએ પોતાના પ્રેમ સંબંધની પિતાને જાણ થઈ જતાં તેણીએ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. પોતાના પ્રેમીને ઘરે બોલાવ્યો હતો. જે દરમિયાન અચાનક પિતા આવી જતાં પોતાનો પ્રેમી ભાગ્યો હતો, જેનો પિતાએ પીછો કર્યો હતો.

જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના સોયલ ગામમાં એક વિચિત્ર બનાવ બન્યો હતો. જ્યાં રહેતા સિંધાભાઈ હરજીભાઈ ઝાપડા ગઈકાલે પોતાના ઘેર આવ્યા, ત્યારે તેમની પુત્રી ઘરમાં હાજર હતી. તે સમયે હેતલબેને પોતાના ઓળખીતાને (પ્રેમી)ને ઘરે બોલાવ્યો હતો. દરમિયાન પિતા અચાનક ઘરે આવી જતાં તે યુવક ત્યાંથી ભાગી ગયો, અને પિતા તેની પાછળ ગયા હતા. જે દરમિયાન હેતલબેનને લાગ્યું કે તેમના પ્રેમ સંબંધ અંગે તેમના પિતાને જાણ થઈ ગઈ છે. આ વાતને કારણે માનસિક તણાવમાં આવી હેતલબેને પોતાના રૂમમાં પંખા સાથે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

## ગાંધીધામમાં સોનાની તપાસ કરનાર જ નીકળ્યો ઠગ

# ફેડરલ બેંકમાં ગ્રાહકોના ઘરેણાંમાંથી સોનું કાઢી નકલી પેચ લગાવીને રૂ.40 લાખની છેતરપિંડી

ભુજ

ગાંધીધામ શહેરના બેન્કિંગ સર્કલમાં પ્લોટ નંબર ૩૪૦, વોર્ડ-૧૨-બી સ્થિત ફેડરલ બેંકમાં ગોલ્ડ લોન વેલ્યુએશન માટે 'ફોબોસ ગોલ્ડ ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડ' સાથે કરાર કરવામાં આવ્યો હતો. આ કંપની દ્વારા શિણાય વિસ્તારમાં રહેતા વિરેન વિનોદચંદ્ર પાટણિયાની નિમણૂક કરવામાં આવી હતી. ગત ૧ માર્ચ ૨૦૨૫ થી ૯ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન આરોપી વિરેન જ્યારે



ગ્રાહકોના દાગીનાની ચકાસણી કરતો, ત્યારે અત્યંત ચાલાકીપૂર્વક સોનાની બુટ્ટીઓ કે અન્ય દાગીનાના અસલી સોનાના પેચ કાઢી લેતો હતો અને તેના બદલે પોતાના ખિસ્સામાંથી નકલી પેચ લગાવી દેતો હતો. ફેબ્રુઆરી ૨૦૨૬માં માથક ગામના શંભુ દેવદાન ડાંગર નામના ગ્રાહક પોતાની ગોલ્ડ લોન ભરીને દાગીના છોડાવવા આવ્યા ત્યારે સમગ્ર ભોપાળું બહાર આવ્યું હતું. ફરિયાદ બાદ બેંક મેનેજર અંકુર કિરીટકુમાર મોદીએ વર્ષ ૨૦૨૫ના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, પેચ બદલાવી ગોલ્ડ વેલ્યુઅરે કુલ ૨૮૩ ગ્રામ સોનાના પેચની ચોરી કરી હતી, જેની કિંમત રૂ. ૪૦.૧૪ લાખથી વધુ થાય છે.

# જૂનાગઢમાં વોર્ડ નંબર 6ના ભાજપના સત્તાવાર વોટ્સએપ ગ્રુપમાં અશ્લીલ લિંક શેર થતા વિવાદ

## કાર્યકરે 'ફોન હેંગ' થયો હોવાનો દાવો કરી બી-ડિવિઝન પોલીસમાં લેખિત અરજી આપી

જૂનાગઢ

જૂનાગઢ શહેર ભાજપમાં લાંબા સમયથી ચાલી રહેલી આંતરિક ખેંચતાણ વચ્ચે ગત રાત્રે એક વિવાદાસ્પદ ઘટના સામે આવી છે. વોર્ડ નં. 6 ના ભાજપના સત્તાવાર વોટ્સએપ ગ્રુપમાં એકાએક બિભત્સ કન્ટેન્ટ ધરાવતી લિંક શેર કરવામાં આવતા રાજકીય ગરમાવો આવી ગયો છે. આ ઘટનાને પગલે પક્ષની શિસ્ત અને પ્રતિષ્ઠા સામે સવાલો ઉઠી રહ્યા છે.

ગઈકાલે મોડી રાત્રે જ્યારે ગ્રુપના સભ્યો સક્રિય હતા, ત્યારે એક કાર્યકરના મોબાઈલ નંબર પરથી અશ્લીલ લિંક મુકાઈ હતી. આ જોઈને અન્ય હોદ્દેદારો ચોંકી ઉઠ્યા હતા અને તુરંત મર્યાદા જાળવવા ટકોર કરી હતી. જોકે, જેમના નંબર પરથી મેસેજ ગયો હતો તે કાર્યકરે તુરંત સ્પષ્ટતા કરી કે, આ મેસેજ તેમણે જાણીજોઈને કર્યો નથી. તેમનો દાવો છે કે મોબાઈલ હેંગ થવાને કારણે અથવા ટેકનિકલ ખામીને લીધે લિંક આપમેળે શેર થઈ ગઈ હતી.

પોતાની નિર્દોષતા સાબિત કરવા કાર્યકરે તાત્કાલિક જૂનાગઢ બી-ડિવિઝન પોલીસ મથકે લેખિત અરજી આપી તપાસની માંગ કરી છે. બીજી તરફ, આ ઘટનાને જૂનાગઢ ભાજપમાં ચાલી રહેલા જૂના અને નવા કાર્યકરો વચ્ચેના 'શીતયુદ્ધ' સાથે જોડીને જોવામાં આવી રહી છે. વિરોધી જૂથો સોશિયલ મીડિયા પર આ મુદ્દે પક્ષની શિસ્ત પર પ્રહારો કરી રહ્યા છે, જેનાથી સંગઠનમાં વિખવાદ વધુ ઘેરો બન્યો છે.

# પાલીતાણા બાલાશ્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સાથે ગૃહપતિએ દુષ્કૃત્ય આચર્યું

## વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવાની ધમકી સાથે કૃત્ય કરતો હતો

ભાવનગર

ભાવનગર જિલ્લાના પાલીતાણા સ્થિત સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી પર છેલ્લા ત્રણ વર્ષથી ગૃહપતિ હસમુખ શાહ દ્વારા સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવતું હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આરોપી ગૃહપતિ વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવાની અને કરિયર સર્ટિફિકેટ નહીં આપવાની બીક બતાવી સતત માનસિક ત્રાસ આપતો અને માર મારતો હતો. આ અસહ્ય શોષણથી કંટાળીને વિદ્યાર્થીએ અંતે પોતાના પરિવારને જાણ કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ બાલાશ્રમના ટ્રસ્ટીઓ દ્વારા તાત્કાલિક અસરથી ગૃહપતિ હસમુખ શાહનું રાજીનામું લઈ લેવામાં આવ્યું છે. વિદ્યાર્થીના વાલીએ આ ગંભીર ગુના અંગે ભાવનગર જિલ્લા પોલીસ વડાને લેખિત અરજી આપી ન્યાયની ગુહાર લગાવી છે. હાલ પાલીતાણા ટાઉન પોલીસ મથકના પીઆઈને પણ આ અંગે જાણ કરવામાં આવી છે અને પોલીસ દ્વારા આ શરમજનક ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વિસાવદરમાં સનાતન ધર્મનાં પ્રસાર અને વિશ્વશાંતિ અર્થે અગ્નિકુંડો વચ્ચે કઠોર જપ-તપ

જૂનાગઢ

ચૈત્રી નવરાત્રીમાં વિસાવદરના લીમધ્રામાં સનાતન ધર્મની સ્થાપના, ગૌરક્ષા અને વિશ્વશાંતિની પ્રાર્થના સાથે ધગધગતા નવ અગ્નિ કુંડ વચ્ચે રામદેવપીર આશ્રમના મહંત કઠોર તપશ્ચર્યા કરી રહ્યા છે. આ ધર્મકાર્યમાં ભક્તિ અને શક્તિનો અદભૂત સંગમ સર્જાયો છે. દરેકના ઘરે ગાય માતાની સેવા-પૂજા થાય ત્યાં સુધી આ દર વખતે નવરાત્રીમાં આકરૂ અનુષ્ઠાન ચાલશે. આમાં નવ યજ્ઞ છે, જે નવ ગ્રહોને અપત છે. નવ દુર્ગા અને નારાયણી શક્તિને આ આહુતિ આપવામાં આવે છે. નવરાત્રીમાં ઠેર ઠેર અનુષ્ઠાન થતા હોય છે, પરંતુ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના લીમધ્રા ગામે આસ્થાનું એક અનોખું દ્રશ્ય જોવા મળી રહ્યું છે.

# જામનગરમાં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં બે આરોપીને 20 વર્ષની જેલ સજાનો હુકમ

## સગીરાને 4 લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કરાયો

જામનગર

જામનગરની પોક્સો અદાલતે સગીરા પર દુષ્કર્મ ગુજારનારા બે નરાધમો તોસીફહુશેન લાખા અને સમીરહુશેન ગજીયાને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ કેસની ગંભીર વિગત મુજબ, મુખ્ય આરોપી તોસીફહુશેને ૧૩ વર્ષની માસૂમ બાળાની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું, જેના કારણે સગીરા ગર્ભવતી બની હતી. બીજા આરોપી સમીરહુશેને આ કૃત્યનો વીડિયો પોતાની પાસે હોવાનું જણાવી, તે વાયરલ કરવાની ધમકી આપીને સગીરા સાથે બળજબરીથી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે ૨૦૨૨માં ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. અદાલતમાં ૧૦ સાહેદો અને ૪૦ દસ્તાવેજી પુરાવાઓને આધારે ગુનો નિઃશંકપણે સાબિત થતા કોર્ટે બંને આરોપીઓને ૨૦ વર્ષની જેલ, ૧૦ હજારનો દંડ અને ભોગ બનનાર સગીરાને ૪ લાખનું વળતર ચૂકવવાનો ઐતિહાસિક આદેશ કર્યો છે.

# ધ્રોલમાં નજીક 12 વર્ષ પહેલાં થયેલા થયેલી હત્યાના કેસમાં 4 આરોપીને આજીવન કેદની સજા

ધ્રોલ

ધ્રોલ પંથકમાં 12 વર્ષ પહેલા નિપજાવાયેલી હત્યાના કેસમાં ચાર આરોપીઓને અદાલતે આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે. જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ધ્રાંગડા-સોયલ પાસે વર્ષ 2014ના સુમારભાઈ સફિયાની કોઈતા, છરી, પાઈપ જેવા હથિયાર વડે હુમલો કરીને હત્યા કરી હતી. આ અંગેનો કેસ અદાલતમાં ચાલી જતા સરકારી વકીલની દલીલો અને આધાર પુરાવો દસ્તાવેજી પુરાવાઓ સાહેબ રાક્ષીઓ વગેરેની જુબાનીને ધ્યાનમાં રાખીને અદાલતે ચાર આરોપી હનીફ રસુલભાઈ મકવાણા, નરેન્દ્રસિંહ હરદેવસિંહ ઝાલા, ગિરીશ ગોપાલભાઈ બારૈયા અને રમજાન રસુલ મકવાણાને તકસીરવાદ ઠરાવી આજીવન કેદની સજાનો હુકમ કર્યો હતો.

સ્વદેશ

FRIDAY, 27 MARCH 2026





## તબુનું છ વર્ષ પછી સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પુનરાગમન

મુંબઈ: તબુ છ વર્ષ પછી ફરી સાઉથની ફિલ્મમાં પુનરાગમન કરી રહી છે. તેણે 'સ્લમડોગ, ૩૩ ટેમ્પલ રોડ' નામની ફિલ્મ સ્વીકારી છે. આ ફિલ્મમાં તે વિજય સેતુપતિ સાથે સ્ક્રીન શેર કરવાની છે. સાઉથના જાણીતા ફિલ્મ સર્જક પુરી જગન્નાથ આ ફિલ્મ બનાવી રહ્યા છે. તબુ છેલ્લે ૨૦૨૦માં એક તેલુગુ ફિલ્મમાં દેખાઈ હતી. ઉલ્લેખનીય છે કે તબુ મૂળ હૈદરાબાદની છે અને તે તેલુગુ બહુ સહજતાથી બોલી શકે છે. તે અગાઉ પણ અનેક તેલુગુ ફિલ્મો કરી ચૂકી છે. આ ફિલ્મમાં તબુની કો સ્ટાર સંયુક્તાએ એક વાતચીતમાં જણાવ્યું હતું કે તબુ ફિલ્મના સેટ પર સાથી કલાકારો તથા ક્રૂ સાથે તેલુગુમાં જ વાત કરે છે.

## બાદશાહે ગર્લફ્રેન્ડ ઈશા રિખી સાથે ગૂપચૂપ લગ્ન કરી લીધાં



મુંબઈ : સિંગર બાદશાહે પંજાબી અભિનેત્રી ઈશા રિખી સાથે છાનામાન લગ્ન કરી લીધા હોવાનું સોશિયલ મીડિયા પર વાયરલ તસવીરોથી મનાઈ રહ્યું છે. યુગલે પોતાના લગ્ન વિશે કોઈ માહિતી આપી નથી. પરંતુ બાદશાહની સાસુએ બાદશાહ અને ઈશાના લગ્નની ૧૦ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. વાયરલ તસવીરોમાં યુગલ એક-બીજાને જયમાલા પહેરાવતું જોવા મળે છે. તેમજ ઈશા રિખીના સેંથામાં સિંદુર પુરેલું પણ જોવા મળી રહ્યું છે. બન્નેએ તસવીરકારોને સારો પોઝ આપ્યો છે. ૪૦ વર્ષના બાદશાહ કરતાં ઈશા આઠ વર્ષ નાની છે. ઈશા રિખી પંજાબી અભિનેત્રી અને મોડલ છે. તેણે મોડલિંગ પછી સિનેમામાં એન્ટ્રી લીધી હતી. તેણે પંજાબી ઉપરાંત બોલીવૂડની ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

## ઈરાન યુદ્ધને પગલે પોપ સ્ટાર શકિરાની ભારત ટૂર રદ કરાઈ



મુંબઈ: ઈઝરાયેલ-અમેરિકા તથા ઈરાન વચ્ચે હાલ ચાલી રહેલાં યુદ્ધના કારણે શકીરાએ તેની આગામી એપ્રિલમાં ભારતમાં યોજાનારી કોન્સર્ટ રદ કરી દીધી છે. શકીરા છેલ્લે ૨૦૦૭માં ભારત આવી હતી. આમ, ૧૯ વર્ષ પછી તેની ભારતમાં ટૂર યોજાવાની હતી. જોકે, આ ટૂર હવે રદ કરી દેવાતાં તેના લાખો ચાહકો નિરાશ થઈ ગયા છે. એક સોશિયલ મીડિયા મેસેજમાં જણાવાયું હતું કે હાલની વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાને રાખીને આ ટૂર રદ કરવામાં આવી છે. કલાકારો, ક્રૂ મેમ્બર્સ ઉપરાંત ચાહકોની સલામતીને ધ્યાને રાખી આ નિર્ણય લેવાયો છે. જેમણે ટિકિટ લઈ લીધી હશે તેમને આપોઆપ રિફન્ડ ચૂકવી દેવામાં આવશે. આ મેસેજમાં જોકે, એવું આશ્વાસન પણ અપાયું છે કે ટૂંક સમયમાં ટૂરની નવી તારીખો નક્કી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આગામી એપ્રિલમાં શકીરા મુંબઈમાં તથા દિલ્હીમાં કુલ બે કોન્સર્ટ કરવાની હતી. જોકે, બાદમાં ચાહકોના પ્રતિસાદને જોતાં તેણે મુંબઈમાં વધુ એક કોન્સર્ટ યોજવાનું એલાન કર્યું હતું.

## જો મને કંઈ ગમશે તો, હું ચોક્કસ ટ્રાય કરીશ : અલાયા



મુંબઈ : અભિનેત્રી અલાયા એફે તાજેતરમાં ફિટનેસ, ફેશન અને સમર સ્ટાઈલ અંગે ખુલીને વાત કરી છે. પોતાનાં સ્પષ્ટ અને રિયલ અભિગમ માટે જાણીતી આ એક્ટ્રેસે એક ઈન્ટરવ્યુમાં પોતાની વ્યક્તિગત પસંદગી અને બદલાતી સ્ટાઈલ વિશે રસપ્રદ વાતો કરી હતી. ફિટનેસ વિશે વાત કરતાં અલાયા એફે જણાવ્યું કે તે ક્યારેય એક જ રૂટિનમાં બંધાતી નથી, પરંતુ હંમેશા નવી ચેલેન્જ ટ્રાય કરતી રહે છે. "હું હંમેશા નવી વસ્તુઓ શીખવાનો પ્રયાસ કરું છું. હાલમાં હું હેન્ડસ્ટેન્ડ પ્રેસ શીખવાનો પ્રયત્ન કરી રહી છું, જે ખૂબ જ મુશ્કેલ છે." તેની આ વાતથી સ્પષ્ટ થાય છે કે તે ફિટનેસમાં સતત પોતાની મર્યાદાઓ તોડીને આગળ વધવાની કોશિશ કરે છે. ફેશન અંગે તેણે સરળ અને પ્રેક્ટિકલ સલાહ આપી. "તમારા બૉડી ટાઈપ પ્રમાણે ડ્રેસ પહેરો, જે તમને ખુશ રાખે તે પહેરો, વધુ વિચાર ન કરો અને પોતાની રીતે રહો.'સમર સીઝન માટે તેની ત્રણ જરૂરી આઈટમ્સ છે - ડેનિમ શોટ્ર્સ, એક સફેદ શર્ટ અને સનગ્લાસિસ. ઓફ-ડ્યુટી લૂક માટે તે સિમ્પલ સ્ટાઈલ પસંદ કરે છે. અલાયા કહે છે, "મારો ગો-ટુ આઉટફિટ ક્રેકડ પેન્ટ્સ, બ્લેક સિંગલેટ છે - બસ એટલું જ." ફેશનમાં સસ્ટેનેબિલિટી અંગે પણ તેણે મહત્વની સલાહ આપી હતી. "ફાસ્ટ ફેશન ખરીદવાનું ટાળો, કપડાંનો ફરીથી ઉપયોગ કરો, મિત્રો સાથે શેર કરો અને સારી ક્વોલિટીના કપડાં લો જેથી લાંબા સમય સુધી ચાલે." અલાયા એફે એવું પણ જણાવ્યું કે તે નવી સ્ટાઈલ્સ અજમાવવામાં હચકાતી નથી. અલાયાએ કહ્યું, "જો મને કંઈ ગમે, તો હું ચોક્કસ ટ્રાય કરું. પહેલાં મને એનિમલ પ્રિન્ટ બિલકુલ પ સંદ નહોતી, પણ હવે મને તે ગમવા લાગી છે, તેથી હું તે પણ ટ્રાય કરી શકું." ફિટનેસ અને ફેશન વિશેની તેની આ ખુલા દિલની વાતચીતથી સ્પષ્ટ થાય છે કે અલાયા એફ આજની યુવા પેઢી માટે એક એવો અવાજ બની રહી છે.

**હું હંમેશા નવી વસ્તુઓ શીખવાનો પ્રયાસ કરું છું. હાલમાં હું હેન્ડસ્ટેન્ડ પ્રેસ શીખવાનો પ્રયત્ન કરી રહી છું**



## આર કે સ્ટુડિયો હાલ રિવાઈવ નહિ થાય : કરીના કપૂર

મુંબઈઃ થોડા સમય પહેલાં રણબીર કપૂરે મુંબઈમાં વિશાળ કમર્શિઅલ સ્પેસ ખરીદતાં તે આર કે સ્ટુડિયોનું બેનર રિવાઈવ કરી રહ્યે હોવાની વાત પ્રસરી હતી. જોકે, કરીના કપૂરે આ અટકળોને ફગાવી દીધી છે. કરીનાએ એક સંવાદમાં કહ્યું હતું કે રણબીર બહુ સારો એક્ટર છે અને તેનું સમગ્ર ફોક્સ પોતાની એક્ટિંગ કેરિયર પર જ છે. અમારા પરિવારમાં ફક્ત કરિશ્મા અને રણબીર જ આ બાબતે પહેલ કરી શકે તેમ છે પરંતુ હાલ તે બનવાનું નથી. અમારાં ફેમિલી ગૂરપમાં પણ આ બાબતે ચર્ચા થઈ ચૂકી છે. મારામાં એક ડિરેક્ટર કે પ્રોડયૂસર તરીકેની કોઈ ક્ષમતા નથી. આથી મારે ઉદાસ થઈને કહેવું પડે છે કે આર કે બેનર હાલ પુનર્જીવિત થવાનું નથી. બોલિવુડ વર્તુળોમાં છેલ્લા કેટલાય સમયથી ચર્ચા ચાલી રહી છે કે રણબીર આર કે બેનર રિવાઈવ કરી રહ્યે છે અને તેણે આ માટે સ્ક્રિપ્ટ અને કલાકારો પણ પસંદ કરી લીધા છે.

## 'ધુરંધર 2' 7માં દિવસે પણ બોક્સ ઓફિસ પર કમાણીમાં અસલી ધુરંધર



મુંબઈ : રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' વીકડેઝમાં પણ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. રિલીઝના માત્ર 7મા દિવસે જ આ ફિલ્મ ભારતમાં 600 કરોડનો આંકડો પાર કરી શકે છે. ફિલ્મની કમાણીની અવિશ્વસનીય ગતિ જોઈને ટ્રેડ એનાલિસ્ટ્સ પણ ચોંકી ગયા છે. 'ધુરંધર: ધ રિવેન્જ' બોક્સ ઓફિસની પણ અસલી ધુરંધર સાબિત થઈ છે. આ ફિલ્મે માત્ર 6 દિવસમાં જ જબરદસ્ત કલેક્શન કરીને મોટા સ્ટાર્સની ફિલ્મોને પછાડી દીધી છે. પ્રિવ્યુથી 43 કરોડની કમાણી કર્યા બાદ, ફિલ્મે 102.55 કરોડ સાથે ઐતિહાસિક ઓપનિંગ મેળવી હતી. 'ધુરંધર 2: ધ રિવિંજ' દુનિયાભરમાં ગદર મચાવી રહી છે. ખાસ કરીને નોર્થ અમેરિકામાં આ ફિલ્મે ભારતીય ફિલ્મો માટે નવો બેન્ચમાર્ક સેટ કર્યો છે. ઓવરસીઝમાં ફિલ્મે 231.57 કરોડનું ગ્રોસ કલેક્શન કર્યું છે, જેના કારણે તેનું કુલ વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન 919.06 કરોડ પર પહોંચી ગયું છે. સેકનિલ્કના આંકડા મુજબ, ભારતમાં ફિલ્મની 6 દિવસની કુલ નેટ કમાણી 575.72 કરોડ અને ગ્રોસ કમાણી 687.49 કરોડ રહી છે. રણવીર સિંહની આ ફિલ્મ વીકડેઝમાં પણ મજબૂત પકડ ધરાવે છે. સોમવાર અને મંગળવારના શાનદાર પ્રદર્શન બાદ, બુધવારે (7માં દિવસે) બપોરે 2 વાગ્યા સુધીમાં ફિલ્મે 11.64 કરોડ તેમજ રાત્રે 10 વાગ્યા સુધીમાં 47 કરોડની કમાણી કરી લીધી છે. બપોરના સમયે ઓક્યુપેન્સી 23.5 ટકા નોંધાઈ છે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news


## પશ્ચિમના દેશોમાં આતંકવાદથી થતા મોતના આંકડામાં 280%નો વધારો

# વીડિયો ગેમ્સ બની આતંકવાદની નવી નર્સરી

પ્રાસંગિક
ધવલ શુક્લ

ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે છેલ્લાં 20 દિવસથી ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ફરી કેટલાક દેશોમાં આતંકવાદને મુદ્દે ચિંતા ઉભી થઈ છે. આમ તો અનેક દેશો આતંકવાદ સામે સતત લડી રહ્યા છે. આ બધા વચ્ચે એક એવો અહેવાલ આવ્યો છે જે ચિંતા કરતા કરી દે તેવો છે.

ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ ૨૦૨૬ના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, પશ્ચિમી દેશોમાં આતંકવાદને કારણે થઈ રહેલા મૃત્યુ આંક ગંભીર રીતે વધ્યા છે. 2025માં પશ્ચિમી દેશોમાં આતંકવાદી હુમલાઓમાં મૃત્યુ પામનારા લોકોનો આંકડો ૨૮૦ ટકા વધ્યો હતો. આ આતંકવાદી હુમલા પાછળ જવાબદાર કારણોની છણાવટ થતા જણાયું કે, ટીનએજર્સ અને યુવાનો દ્વારા સૌથી વધારે આતંકવાદી હુમલા કરાયા છે. લોન વુલ્ફ ટેરર એટેકમાં પણ મોટાભાગે ટીનએજર અથવા યુવાન જ સામેલ હોય છે. યુવાનો અને ટીનએજર્સને હિંસા અને આતંકવાદના રસ્તે લઈ જવા સૌથી સરળ હોવાથી આતંકવાદીઓએ હવે નવો રસ્તો અપનાવ્યો છે. અહેવાલમાં બીજી ચિંતાજનક બાબત એ છે કે, યુવાનો અને ટીનએજર્સને હિંસાના માર્ગે દોરી જવામાં ઓનલાઈન વીડિયો ગેમ્સ સૌથી મોટું કારણ છે. હિંસક વીડિયો ગેમ્સ થકી જ યુવાનોનું બ્રેઈનવોશ કરીને તેમને ગુનાખોરીના રવાડે ચડાવવામાં આવી રહ્યા છે. માત્ર ગણતરીના અઠવાડિયામાં જ આવા હિંસક અને ગેરમાર્ગે દોરાયેલા યુવાનો અને ટીનએજર્સની ટોળકી તૈયાર થઈ જાય છે.

ઓનલાઈન માધ્યમો અને ગેમ્સનો ઉપયોગ કરીને લડવૈયાઓની ભરતી કરવાની પદ્ધતિ આતંકીઓએ હવે બદલી કાઢી છે. તેઓ હિંસક ગેમ્સ રમતા ટીનએજર્સ અને યુવાનોને ટાર્ગેટ કરી રહ્યા છે. ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ દ્વારા તાજેતરમાં જે આંકડા કાઢવામાં આવ્યા છે તેમાં ઘણો વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. તેમાં જણાવાયું છે કે, ૨૦૧૫થી ૨૦૨૫ સુધીમાં આતંકવાદી હુમલામાં સરેરાશ ૨૨ ટકાનો વધારો થયો છે. ઘટનાઓની સંખ્યામાં તે ૨૯૯૪ છે. બીજી તરફ આ હુમલામાં મૃત્યુનો આંકડો ૨૮ ટકા ઘટીને ૫,૫૮૨ સુધી નીચે ગયો છે. બીજી તરફ પશ્ચિમી દેશોમાં આતંકવાદને કારણે થતા મોતમાં ૨૮૦ ટકાનો વધારો થઈ ગયો છે. ગત વર્ષે ૫૭ લોકોના આંતકવાદી હુમલામાં મોત થયા હતા. ખાસ કરીને આતંકવાદ, રાજકીય આતંકવાદ અને ધાર્મિક આતંકવાદના નામે થયેલી હિંસા આ મોત માટે જવાબદાર હતી.



જાણકારોના મતે ગાઝા અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ અને હિંસાની સ્થિતિ વચ્ચે ટીનએજર્સ અને યુવાનોમાં કટ્ટરવાદ વધી રહ્યો છે. તેના કારણે તેઓ વધારે હિંસક અને આતંકવાદી જૂથો તેમને સરળતાથી પોતાની તરફ આકર્ષીને ધાર્યુ કામ કરાવવા માંડ્યું છએ. ચિંતાની વાત એ છે કે, દુનિયાનું સૌથી ભયાનક આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ૨૦૨૫માં પણ સૌથી વધારે હિંસક અને જીવલેણ આતંકવાદી સંગઠન જ રહ્યું હતું. તેમ છતાં વૈશ્વિક હુમલા અને હત્યાઓમાં તેમની ભૂમિકા માત્ર ૧૭ ટકા નોંધાઈ હતી. બીજી તરફ પશ્ચિમી દેશોમાં છેલ્લાં પાંચ વર્ષમાં થયેલા આતંકવાદી હુમલામાં ૯૩ ટકા હુમલા લોન વુલ્ફ હુમલા હતા.

લોન વુલ્ફ હુમલા એટલે કોઈ વ્યક્તિ કોઈ મોટા આતંકવાદી સંગઠનના સીધા સંપર્કમાં આવ્યા વગર કે તેમની સાથે જોડાયા વગર પોતાની રીતે જ આતંકી હુમલાનું આયોજન કરે અને તેને અંજામ આપે તે ઘટના છે. બીજી ચિંતાજનક બાબત એ હતી કે, બે કે ત્રણ આતંકીઓ અથવા તો તેનાથી વધારે આતંકીઓના જૂથ દ્વારા કરવામાં આવતા હુમલા કરતા લોન વુલ્ફના હુમલા અને તેની સફળતાનો દર ત્રણ ગણો વધારો નોંધાયો હતો.

અહેવાલ મુજબ મોટાભાગના મોત અને હુમલા વિવાદગ્રસ્ત કે યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં જ થયા છે. તેના કારણે એક બાબત સ્પષ્ટ થઈ રહી છે કે, પશ્ચિમી વિશ્વમાં જે વિવાદ વધતા હિંસા, કટ્ટરવાદ અને આતંકવાદમાં મોટાપાયે વધારો નોંધાયો છે. 2025માં યુરોપ, ઉત્તર અમેરિકા અને તેની આસપાસના વિસ્તારોમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસમાં બહાર આવ્યું કે, આ ઘટનાઓમાં ૪૨ ટકા આતંકવાદીઓ બાળકો, ટીનએજર્સ અથવા તો કિશોરો જવાબદાર હતા. ૨૦૨૧થી પાંચ વર્ષમાં આ સૌથી મોટો આંકડો હતો. જાણકારોના મતે ૨૦૨૧થી ૨૦૨૫ સુધીમાં તેમાં ત્રણ ગણો વધારો થયો છે.

પશ્ચિમમાં આતંકવાદીઓ દ્વારા તેમની મોટાપાયે ભરતી કરવામાં આવી રહી છે અને તેમનો ઉપયોગ પણ કરવામાં આવી રહ્યો છે. ૨૦૨૪માં ફ્રાન્સમાં થયેલા આતંકવાદી હુમલામાંથી પાંચમા ભાગના હુમલાઓમાં સગીરો ગુનેગાર હતા. તેવી જ રીતે બેલ્જિયમમાં ૨૦૨૨થી ૨૦૨૪ દરમિયાન થયેલા આતંકી હુમલા કે હિંસક ઘટનાઓમાં પણ પાંચમા ભાગના કિશોરો જવાબદાર હતા. યુકેમાં પણ બાળકો અને કિશોરો દ્વારા આતંકી હુમલામાં સંડોવણીની ઘટના વધી છે. ૨૦૧૯માં કિશોરો દ્વારા ૧૨ આતંકી હુમલા કરાયા હતા, ૨૦૨૪માં આ પ્રકારના હુમલાની સંખ્યા ૮૨ સુધી પહોંચી હતી. જાણકારોના મતે આતંકવાદી જૂથો દ્વારા ૧૩ વર્ષથી ૨૫ વર્ષ સુધીના કિશોરો અને યુવાનોને ફસાવીને આતંકી બનાવવામાં આવે છે. ઘણા કિસ્સામાં ૮ કે ૯ વર્ષના ગુનેગારો પણ નોંધાયા છે. તેમ છતાં પશ્ચિમી દેશોના યુવાન આતંકીઓની સરેરાશ ઉંમર ૧૭ આવી રહી છે, જે ચિંતાજનક છે. જાણકારો માને છે કે, યુવાનોમાં જે કટ્ટરવાદ વધ્યો છે તે લોન વુલ્ફ એટેકમાં પરિણમી રહ્યો છે. તેમના મતે છેલ્લાં ત્રણ વર્ષમાં કિશોરો અને યુવાનોની સંડોવણી ધરાવતા આતંકી હુમલાઓની સંખ્યામાં મોટો વધારો થયો છે.

સંશોધકોએ જણાવ્યું કે, ઓનલાઈન ગેમ્સ અને સોશિયલ મીડિયા માધ્યમો દ્વારા યુવાનોને સરળતાથી અને ઝડપથી ગેરમાર્ગે દોરી શકાય છે. ચોક્કસ અલ્ગોરિધમ અને સતત હિંસક કન્ટેન્ટ અને કટ્ટરવાદી વિચારો દ્વારા કિશોરો અને યુવાનોને હિંસા અને આતંકવાદના રસ્તે દોરી જવાય છે. એક દાયકા પહેલાં કોઈ વ્યક્તિને કટ્ટરવાદના રસ્તે લઈ જવી હોય તો મહિનાઓ અને કદાચ વર્ષો લાગી જતા હતા. આજે હવે ગણતરીના અઠવાડિયા કે દિવસોમાં કિશોરો અને યુવાનોને કટ્ટરવાદી બનાવી શકાય છે. ઓનલાઈન ગેમ્સ, વીડિયો, કન્ટેન્ટ, સોશિયલ મીડિયા દ્વારા ચોક્કસ આયોજન સાથે ગણતરીના દિવસોમાં આ પ્રોપેગેન્ડા પાર પાડી દેવાય છે. કિશોરોની બુદ્ધિ ક્ષમતા અને તર્ક શક્તિ યોગ્ય રીતે વિકસિત થઈ ન હોવાથી તેમને કટ્ટરવાદી બનાવવા ખૂબ જ સરળ થઈ ગયા છે અને તેની ઝડપ પણ ચિંતાજનક રીતે વધી રહી છે.

કિશોરો અને યુવાનોને એવી સ્થિતિ બતાવવામાં અને સમજાવવામાં આવે છે જેના કારણે તેઓ સીધા જ હિંસાના વિકલ્પ તરફ આગળ વધે છે. ત્યારબાદ ઓનલાઈન ગેમ્સ અને વીડિયો તથા સોશિયલ મીડિયા કન્ટેન્ટ દ્વારા તેમને હિંસાના વિવિધ વિકલ્પો બતાવવામાં આવે છે. અહેવાલ પ્રમાણે આતંકવાદી સંગઠનો દ્વારા માઈનક્રાફ્ટ અને રોબલોક્સ જેવા જાણીતા ઓનલાઈન પ્લેટફોર્મ થકી યુવાનોને ડાયવર્ટ કરીને આતંકવાદ તરફ લઈ જવામાં આવે છે.

અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની ઈન્ટેલિજન્સ એજન્સીઓએ નોંધ્યું છે કે, રોબલોક્સ જેવી ગેમ્સ અને સોશિયલ મીડિયા કોમ્યુનિટી જેવી કે ડિસ્કોર્ડનો સૌથી વધારે ઉપયોગ કરવામાં આવે છે. કિશોરો અને યુવાનોને બનાવટી સીન ઊભો કરીને ગેમ્સમાં હિંસા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**નબળી મનઃસ્થિતિનો લાભ ઉઠાવી કિશોરો અને યુવાનો પાસે હિંસા કરાવાઈ રહી છે. આ માટે આતંકી જૂથો દ્વારા પહેલાં હિંસક ગેમ્સ થકી સ્કોરબોર્ડનું એક માળખું ઊભું કરાય છે. અને ચેલેન્જ આપીને પાવરફુલ બનાવ્યા બાદ વાસ્તવિક હૂમલા તરફ દોરવામાં આવે છે**

# ઉનાળાની ઋતુને અનુરૂપ વસ્ત્રો પહેરીને રહો હળવા

છેલ્લાં કેટલાક વર્ષથી ભારતના મોટાભાગમાં ઉનાળો પોતાનો અસલ મિજાજ બતાવતો હોય એવો તાલ જોવા મળે છે. ૩૭, ૩૮, ૪૦, ૪૧ ડિગ્રી ગરમી તો સાવ સામાન્ય થઈ ગઈ છે. આવી સ્થિતિમાં કોની મજાલ છે કે સિન્થેટિક કે ટાઈટ કપડાં પહેરે. જે લોકો સીઝનને સમજ્યા વગર શિયાળા કે ચોમાસામાં પહેરવામાં આવતા પરિધાન પહેરવાનું જારી રાખે છે તેઓ ભારે અકળામણ અનુભવે છે. આમ છતાં ઘણી ફેશનેબલ માનુનીઓ તેમના ચુસ્ત ડેનિમ કે લેગિંગ છોડવા રાજી નથી થતી. પરંતુ આવી મહિલાઓને ફેશન ડિઝાઈનરો કહે છે કે ફેશન તેને જ કહેવાય જે તમને સુંદર દેખાડવા સાથે કમ્ફર્ટેબલ પણ રાખે. જે કપડાંમાં તમે અસુખ અનુભવો તેને ફેશનના નામે પહેરવા નરી મૂર્ખતા છે. તમે જ્યારે ચોક્કસ પ્રકારના વસ્ત્રોમાં અકળામણ અનુભવો ત્યારે તમારો ચહેરો તેની ચાડી ખાધા વિના રહેતો નથી. આવી સ્થિતિમાં તમારું સૌંદર્ય પણ ઝંખવાઈ જાય છે. બહેતર છે કે ઉનાળામાં તમારી ત્વચાને અનુકૂળ હોય તેવા પોશાક જ પહેરવા.

એક ફેશન ડિઝાઈનર કહે છે કે મેં એક જાણીતા એક્ઝિબિશનમાં મારો સ્ટોલ રાખ્યો તેનાથી પહેલા ઈન્સ્ટાગ્રામ પર મારા ગ્રીષ્મ કલેક્શનના કેટલાંક ફોટા મૂક્યાં હતાં. અને મારા આશ્ચર્ય વચ્ચે કંઈકેટલીય યુવતીઓ મારા આ કલેક્શનની ખરીદી કરવા આવી હતી. તેમની ફેશન સેન્સ જોઈને હું આભો બની ગયો હતો. મઝાની વાત એ છે કે તેમણે મારી પાસે ચોક્કસ પ્રકારના સુતરાઉ વસ્ત્રોની માગ કરી ત્યારે મારા મગજમાં નવી નવી ડિઝાઈનોએ આકાર લીથો હતી. તે વધુમાં કહે છે કે મારા ગ્રીષ્મ કલેક્શનમાં ખુલતાં વસ્ત્રો વધારે હતાં. પરિણામે મહિલાઓને તેમાં કમ્ફર્ટ વિથ ફેશનનો અહસાસ થયો હતો.

અન્ય એક ફેશન ડિઝાઈનર કહે છે કે ગ્રીષ્મમાં હવાની અવરજવર થઈ શકે એવા ખુલતાં વસ્ત્રો પહેરવા જોઈએ. ચુસ્ત કપડાંને કારણે ત્વચા પર લાલ ચકામા ઉપસી આવવાની કે અળાઈઓ થવાની ભીતિ રહે છે. આ સીઝનમાં હેન્ડલૂમ, ખાદી, મલમલ જેવા મટિરિયલ શ્રેષ્ઠ ગણાય છે. તેમાંય ગુલાબી, આસમાની, ગ્રે, સફેદ, ક્રીમ, બદામી જેવા રંગો ત્વચાને ટાઢક આપે છે. આ પ્રકારના ફેબ્રિક અને કલરમાં ચેક્સવાળી કે આડા-ઊભા પટ્ટા-લાઈનિંગવાળી ડિઝાઈન ખૂબ જચે છે. તમે ચાહો તો તેમાં લોંગ સ્કર્ટ પહેરો કે ઢીંચણ સુધી આવતું વન પીસ, તે કમ્ફર્ટેબલ અને ફેશનેબલ લાગે છે.



કોલેજ કન્યાઓનું એક જૂથ કહે છે કે અમારી કોલેજમાં ચોક્કસ પ્રકારના વસ્ત્રો પહેરવાની મનાઈ છે. ખાસ કરીને મીની ડ્રેસીસ. ઉનાળામાં ટૂંકા ડ્રેસ બહુ કમ્ફર્ટેબલ લાગે. પરંતુ અમારી કોલેજમાં મીની ડ્રેસ પહેરવાની મનાઈ હોવાથી અમે સ્લીવલેસ ટોપ સાથે લોંગ સ્કર્ટ પહેરીએ છીએ. તેમાં અમને ફેશન કરવા સાથે સુવિધાનો અનુભવ પણ થાય છે. આ સિવાય ચેક્સની ડિઝાઈનવાળા ઢીંચણ સુધીની લંબાઈ ધરાવતા સ્કર્ટસ કે વન પીસ પણ અમારા જૂથમાં માનીતા છે. આ બધા પોશાક સાથે સફેદ રંગના શૂઝ ખૂબ સુંદર અને સગવડદાયક લાગે છે. તેથી અમે બધા મોટાભાગે સફેદ પગરખાં જ પહેરીએ છીએ.

જોકે નોકરી કરતી માનુનીઓમાં આ સીઝનમાં સુતરાઉ સલવાર-કમીઝ વધુ પોપ્યુલર છે. લોકલ ટ્રેન કે અન્ય કોઈ જાહેર પરિવહનની ભીડમાં પ્રવાસ કરતી વખતે આવો ડ્રેસ સૌથી વધુ સુવિધાજનક લાગે છે. મુંબઈની એક કપડાં બજારના એક વેપારી કહે છે કે આ દિવસોમાં અમારી પાસે કોટનના પંજાબી સુટનો ઉપાડ

**ઉનાળામાં ટૂંકા ડ્રેસ બહુ કમ્ફર્ટેબલ લાગે. પરંતુ અમારી કોલેજમાં મીની ડ્રેસ પહેરવાની મનાઈ હોવાથી અમે સ્લીવલેસ ટોપ સાથે લોંગ સ્કર્ટ પહેરીએ છીએ. તેમાં અમને ફેશન કરવા સાથે સુવિધાનો અનુભવ પણ થાય છે. આ સિવાય ચેક્સની ડિઝાઇનવાળા ઢીંચણ સુધીની લંબાઇ ધરાવતા સ્કર્ટસ કે વન પીસ પણ અમારા જૂથમાં માનીતા છે.**

સૌથી વધુ હોય છે. તેમાંય પ્રૌઢ કે ત્રીસી વટાવી ગયેલી મહિલાઓ દુપટ્ટાવૌળા ડ્રેસ પહેરવાનું વધુ પસંદ કરતી હોવાથી કોટનના દુપટ્ટાવાળા પંજાબી સુટ સૌથી વધું વેંચાય છે. આ પ્રકારના ડ્રેસમાં હવે ઘણી ડિઝાઈનો પણ મળી રહેતી હોવાથી તે પાર્ટીવેઅર તરીકે પણ ચાલે છે. હા, પ્રસંગોપાત પહેરવા જેવા પંજાબી સુટમાં ભરચક વર્ક કરેલા દુપટ્ટાની માગ વધુ રહે છે. આ સિવાય જેમને સાદી સલવાર પહેરવાનું ન ગમતું હોય તે વધુ મટિરિયલ લઈને પટિયાલા સલવાર બનાવડાવે છે. કે પછી તૈયાર મળતી પટિયાલા સલવાર ખરીદવાનું પસંદ કરે છે. તેવી જ રીતે ઘણી સ્ત્રીઓ કોટનની સાડી પહેરવાનું પણ પસંદ કરે છે. ખાસ કરીન રાજસ્થાની કોટો, કોલકત્તાની કે પછી સાંબલપુરી કોટનની સાડીની માગ વધુ રહે છે.

પાર્ટીમાં જતી યુવતીઓમાં જોકે મીની સ્કર્ટસ વધુ માનીતા છે.ઈવનિંગ પાર્ટીઝમાં આ સીઝનમાં પણ બ્લેક કલરના મીની સ્કર્ટ સાથે રેડ, ડાર્ક પિંક, બદામી જેવા કલરના સ્લીવલેસ ટોપ હોટ ફેવરિટ ગણાય છે. જ્યારે કેટલીક યુવતીઓ ટૂંકા બ્લેક્ સ્કર્ટ સાથે ઝાલરવાળી સ્લીવ્ઝ ધરાવતું વાઈટ ટોપ પહેરવાનું પસંદ કરે છે. આ ડ્રેસ સાથે બ્લેક અથવા વાઈટ પગરખાં ખૂબ જચે છે.

ફેશન ડિઝાઈનરો કહે છે કે તમે ચાહે તે પહેરો, પરંતુ તે મોસમને અનુરૂપ હોવું જોઈએ. તેમાં તમે અસુખ અનુભવો તો તે ફેશનનો કોઈ અર્થ રહેતો નથી. તેઓ વધુમાં કહે છે કે તમે ટાઢ કે વરસાદ સહન કરી શકો. પરંતુ ગરમીમાં શેકાવાનું બહુ કપરું હોય છે. તેથી અન્ય કોઈ સીઝનમાં તમે ભલે તમારા પરિધાનમાં થોડી બાંધછોડ કરો. પરંતુ ગ્રીષ્મમાં આવી ભૂલ ક્યારેય ન કરો.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

**17 Room Motel in Huntsville - $2.5M**
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

- 78 Room Hotel Ramada Inn – SOLD
- 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
- 17 Room Motel near Chattham – SOLD
- 12 Room Motel in Blind River – Sold Conditional
- 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
- 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

**43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M**
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Ac-cess land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

**15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K**
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

**12 Room Motel in Blind River - $1,050,000**
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

**17 Room Motel in Sault Ste Mari - $1.8M**
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

**Now licensed to work in ALBERTA as well**
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

**Motel Jobs AND Working Partner Opperunity (min $200,000 to invest) Ontario & Alberta**
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

બજાજ પરિવારના નિવાસસ્થાને ચૈત્ર નવરાત્રી અને ગણગૌરની ઉજવણીમાં 300થી વધુ મહેમાનો ઉમટ્યા; એકત્રિત ભંડોળ 'વિલિયમ ઓસ્લર ફાઉન્ડેશન'ને અર્પણ

# ભક્તિ-માનવતાનો સંગમ : ગણગૌર પૂજા 'કેન્સર જાગૃતિ'ને સમર્પિત

હાથબનાવટની સજાવટ અને પારંપરિક પોશાકમાં સજ્જ શ્રદ્ધાળુઓએ મન મોહ્યું, હિન્દુ સભાના પ્રમુખ મધુ લામાજી સહિત અનેક અગ્રણીઓએ રાશિ અને નવલ બજાજના સામાજિક પ્રયાસોને બિરદાવ્યા : દસ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ સ્તન કેન્સરના સંશોધન માટે 100 ટકા આવક દાનમાં આપવાનો સંકલ્પ











**બ્રામ્ટન**

શનિવાર, 23 માર્ચ, 2026ના રોજ, ચૈત્ર નવરાત્રી સાથે ગણગૌરનો જીવંત તહેવાર બ્રામ્પટનમાં રાશિ અને નવલ બજાજના નિવાસસ્થાને ખૂબ જ ભક્તિ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. એક દાયકાથી વધુ જૂની તેમની હૃદયસ્પર્શી પરંપરાને ચાલુ રાખીને બજાજ પરિવારે ફરી એકવાર ગણગૌર પૂજાને સ્તન કેન્સર જાગૃતિ માટે સમર્પિત કરી હતી. જે બે પ્રિય મિત્રોની પ્રેમાળ સ્મૃતિમાં છે, જેમણે નાની ઉંમરે કેન્સરથી પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ અર્થપૂર્ણ પ્રસંગે, સ્તન કેન્સર સંશોધન માટે ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું, જેમાં 100% આવક વિલિયમ ઓસ્લર ફાઉન્ડેશનને આપવામાં આવી હતી. ગણગૌર એ રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં ઉજવાતા સૌથી મહત્વપૂર્ણ તહેવારોમાંનો એક છે.

હિન્દુ કેલેન્ડરમાં ચૈત્ર મહિનામાં ઉજવાતો હોવાથી આ પર્વને “ગણગૌર” નામ અપાયું છે. ગણ - ભગવાન શિવનો ઉલ્લેખ કરે છે, જ્યારે ગૌરી - દેવી પાર્વતીનો ઉલ્લેખ કરે છે

. આ તહેવાર ખાસ કરીને પરિણીત સ્ત્રીઓ માટે મહત્વપૂર્ણ છે, જેઓ પારિવારિક સુમેળ, કૌટુંબિક સુખાકારી અને સમૃદ્ધિ માટે દેવી પાર્વતીને પ્રાર્થના કરે છે. અપરિણીત છોકરીઓ પણ યોગ્ય જીવનસાથી મેળવવાની આશા સાથે ભાગ લે છે.

આ ઉજવણી હોળી પછીના દિવસે શરૂ થાય છે અને ૧૬-૧૮ દિવસ સુધી ચાલુ રહે છે, જે ચૈત્ર મહિનાના શુક્લ પક્ષના ત્રીજા દિવસે પૂર્ણ થાય છે. લોકવાયકા અને પરંપરાથી સમૃદ્ધ, ગણગૌર ભારતભરના સમુદાયો માટે ઊંડો સાંસ્કૃતિક જોડાણ ધરાવે છે.

તે સંસ્કૃતિ અને સમુદાયનો ઉત્સવ છે. બજાજના નિવાસસ્થાને વાતાવરણ ખરેખર મનમોહક રહ્યું હતું, રંગબેરંગી રાજસ્થાની સજાવટમાં હાથથી બનાવેલી વસ્તુઓ, સુશોભન છત્રીઓ, ફૂલોની કૃતિ અને પરંપરાગત કલાકૃતિઓએ આકર્ષણ જમાવ્યું હતુ.

મહેમાનોએ આ પ્રસંગની ભાવનાને સ્વીકારી હતી. સ્ત્રીઓએ તેજસ્વી લહેંગા-ચોલી અને સાડી પહેરી હતી. જ્યારે પુરુષોએ કુર્તા પાયજામા અને પરંપરાગત રાજસ્થાની પોશાક પહેર્યો હતો.

આ તકે, રાશિ બજાજે ગણગૌરનું મહત્વ અને તેને એક ઉમદા હેતુ સાથે જોડવા પાછળની પ્રેરણા શેર કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. તેમણે ઈન્ડો-કેનેડિયન સમુદાયમાં સાંસ્કૃતિક વારસાને જાળવવાનું મહત્વ સમજાવ્યું હતુ.

તેણીએ કેન્સર વોરિયર્સ કેનેડા ફાઉન્ડેશનના સભ્યોનો પરિચય પણ કરાવ્યો હતો, જેમણે કેન્સર સર્વાઈવર તરીકેની તેમની હિંમતભરી સફર શેર કરી હતી, જેનાથી પ્રેક્ષકો ખૂબ જ પ્રભાવિત અને પ્રેરિત થયા હતા. રાશીએ ઉપસ્થિતોને સ્તન કેન્સર સંશોધનમાં ઉદારતાથી યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા અને ભાર મૂક્યો કે, બધા દાન સીધા વિલિયમ ઓસ્લર ફાઉન્ડેશનને જશે. કાર્યક્રમમાં નીતિ નિર્માતાઓ, સમુદાયના નેતાઓ, મીડિયા પ્રતિનિધિઓ અને ઘણા સંગઠનના વડાઓ સહિત 300થી વધુ ઉપસ્થિતોનું સ્વાગત કરાયું હતુ. હિન્દુ સભાના પ્રમુખ મધુ લામાજીએ સભાને સંબોધન કરતાં બજાજ પરિવારને તેમના સતત યોગદાન બદલ અભિનંદન આપ્યા હતા. સાથે જ સમાજ સેવામાં બજાજ પરિવારના સતત પ્રયાસો બદલ તેમની પ્રશંસા કરી હતી. તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે, રાશિ હિન્દુ સભા મંદિર માટે પણ આવા જ કાર્યક્રમનું આયોજન કરશે. કાર્યક્રમનું સમાપન જીવંત પરંપરાગત નૃત્ય અને પ્રદર્શન સાથે થયું હતુ. આ ઉજવણી માત્ર એક સાંસ્કૃતિક સફળતા જ નહોતી, પણ કરુણા અને 'સમુદાયિક ભાવનાને ઉજાગર કરતી પણરહી હતી.

રાશિ બજાજે દરેકની હાજરી અને સમર્થન બદલ આભાર માનીને, આ ઉમદા કાર્યમાં સતત યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરીને કાર્યક્રમનું સમાપન કર્યું હતુ.

# સંસ્કૃત સાહિત્યમાં BAPSનો ડંકો : મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને 'સાહિત્ય અકાદમી પુરસ્કાર'

હિન્દુ ફિલસૂફીના પ્રસ્થાનત્રયી ગ્રંથો અને વચનામૃત પર આધારિત અજોડ દાર્શનિક કવિતાને રાષ્ટ્રીય માન્યતા

**ટોરોન્ટો**

૧૭ માર્ચ, ૨૦૨૫ – સંસ્કૃત વિદ્વતા અને હિન્દુ ફિલસૂફીની સીમાચિહ્નરૂપ માન્યતામાં BAPS સ્વામિનારાયણ સંસ્થાના મહામહોપાધ્યાય ડૉ. ભદ્રેશદાસ સ્વામીને તેમની કૃતિ “પ્રસ્થાનચતુષ્ટયે બ્રહ્મઘોષ” માટે સાહિત્ય ક્ષેત્રે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫ માટે પ્રતિષ્ઠિત સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

ભારતમાં શ્રેષ્ઠ સંસ્કૃત કૃતિ તરીકે પસંદ કરાયેલો આ ગ્રંથ હિન્દુ ધર્મના પ્રાથમિક ગ્રંથો - ઉપનિષદો, ભગવદ ગીતા અને બ્રહ્મસૂત્રો - પર આધારિત બ્રહ્મ સિદ્ધાંતનું વ્યાપક વર્ણન પૂરું પાડે છે, સાથે સાથે ભગવાન સ્વામિનારાયણ દ્વારા આપવામાં આવેલા વચનામૃત પણ રજૂ કરે છે.

સૂત્રનો ઉપયોગ કરીને કાવ્યાત્મક શૈલીમાં રચાયેલી કૃતિને વિદ્વાનો દાર્શનિક કવિતાના એક ભાગ તરીકે જુએ છે. તેની સાહિત્યિક



લાક્ષણિકતાઓ અને દાર્શનિક ઊંડાણને ધ્યાનમાં રાખીને, વિદ્વાનોની પસંદગી સમિતિએ તેને 2025ની શ્રેષ્ઠ સંસ્કૃત કૃતિ તરીકે પસંદ કરી છે. આ ગ્રંથ ભગવાન સ્વામિનારાયણ દ્વારા રજૂ કરાયેલા તત્વજ્ઞાનને સાહિત્યિક શૈલીમાં રજૂ કરે છે. મહામોપાધ્યાય ડૉ. ભદ્રેશદાસ સ્વામી ભારતીય ફિલસૂફીમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આદરણીય, પ્રખ્યાત સંસ્કૃત વિદ્વાન અને વિચારશીલ નેતા છે. તેમની પાસે અનેક શૈક્ષણિક વિશિષ્ટતાઓ છે, જેમાં M.A., Ph.D., D.Litt. અને IIT ખડગપુરમાંથી માનદ ડોક્ટર ઓફ સાયન્સ (D.Sc.) નો સમાવેશ થાય છે. હાલમાં BAPS સ્વામિનારાયણ સંશોધન સંસ્થાના વડા તરીકે સેવા આપતા, તેમણે સંસ્કૃત શિષ્યવૃત્તિ અને વૈદિક ફિલસૂફીને આગળ વધારવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે.

તેમને ઉત્તર પ્રદેશ રાજ્ય સરકાર તરફથી આચાર્ય પ્રવર પદવી પણ પ્રાપ્ત થઈ છે, અને બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી, લખનૌ દ્વારા ફિલોસોફીમાં શ્રેષ્ઠતા માટે માન્યતા આપવામાં આવી છે. વધારાના પુરસ્કારોમાં મૈસુર યુનિવર્સિટી તરફથી દર્શનકેસરી પુરસ્કાર અને પ્રોફેસર જી.એમ. મેમોરિયલપુરસ્કાર તેમજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી તરફથી વેદાંત પ્રકાશ પુરસ્કાર અને અભિનવ ભાષ્યકર પુરસ્કારનો સમાવેશ થાય છે.

# પ્રવાસન ક્ષેત્રે નવો કિર્તીમાન : બેન્ફ નેશનલ પાર્કમાં ૪૫ લાખ મુલાકાતીઓ

**કેલગેરી**

બેન્ફ નેશનલ પાર્કમાં 2025-26 નાણાકીય વર્ષમાં 4.5 મિલિયન મુલાકાતીઓ આવ્યા હતા, જે આંકડો 2023-24માં 4.28 મિલિયનના અગાઉના ઉચ્ચ સ્તરને વટાવી ગયો હતો. જે છેલ્લા દાયકામાં લગભગ વાર્ષિક વધારો છે.

બેન્ફ નેશનલ પાર્કના કાર્યકારી અધિક્ષક ડેનિએલા રુબેલિંગે તેના 26મા વાર્ષિક ઉત્સવ વેળા જણાવ્યું હતું કે, મને લાગે છે કે, એક બાબત જે ચોક્કસ હશે તે એ છે કે બેન્ફ એક એવું સ્થળ બનશે જ્યાં લોકો આવવા માંગશે,” COVID-19 રોગચાળાએ મુલાકાતીઓની સંખ્યા ઘટાડીને 30 લાખ કરી દીધી હતી, પરંતુ તે ઝડપથી ફરી વધી છે. આ વિસ્તારની લોકપ્રિયતાને કારણે પાર્ક્સ કેનેડા, બેન્ફ ટાઉન અને સ્થાનિક સંસ્થાઓ હવે કેનેડાના સૌથી જૂના રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેનારા લોકોની સતત ભીડથી વ્યવસ્થા ન બગડે તે માટે ટૂંકા અને લાંબા ગાળાના ઉકેલો શોધવા માટે ઝઝૂમી રહી છે. રુબેલિંગે નોંધ્યું કે, અપર હોટ સ્પ્રિંગ્સમાં ત્રણ વર્ષના પેઈડ પાર્કિંગ પાઈલટ, લેક લુઈસ અને મોરેન લેક માટે શટલ અને લોકોને રોમ ટ્રાન્ઝિટ લેવા માટે પ્રોત્સાહિત કરવા જેવી પહેલ ભીડ ઘટાડવા માટે છે.

કોરોનાકાળ પછી ટુરિઝમમાં જોરદાર ઉછાળો; પાર્કિંગ ફી, શટલ સર્વિસ અને રોમ ટ્રાન્ઝિટ જેવા પગલાંથી ભીડ ઘટાડવા પ્રયાસ

તેમણે કહ્યું કે, પાર્ક્સ કેનેડાના પ્રદેશમાં લોકોને ટકાઉ રીતે ખસેડવા અંગેના નિષ્ણાત પેનલ દ્વારા આ વર્ષે વધુ માહિતી બહાર પાડવામાં આવે તેવી શક્યતા છે. માસે કહ્યું કે આઈસફિલ્ડ્સ પાર્કવે પર બો અને પીટો તળાવો અને યોહો નેશનલ પાર્કના એમેરાલ્ડ તળાવ પણ તેમના રડાર પર છે, પરંતુ કંઈ પણ નજીક નથી. દક્ષિણ આલ્બર્ટામાં કેનેડિયન પાર્ક્સ અને વાઈલ્ડરનેસ સોસાયટીના સંરક્ષણ અભિયાન નિષ્ણાત એમ્મા હોસ્કિન્સે જણાવ્યું હતું કે લેક લુઈસ અને લેક મિનેવાન્કામાં મુલાકાતીઓના ઉપયોગ વ્યવસ્થાપન યોજનાઓ ચાલી રહી હોવા છતાં, વધુ વ્યાપક યોજના મદદરૂપ થઈ શકે છે.

# ગુજરાતમાંથી એક વર્ષમાં 606 કરોડ રૂપિયાના દારૂ-ડ્રગ્સ પકડાયા

## તંત્રની મીઠી નજર હેઠળ બેરોકટોક હેરાફેરી, એકલ દોકલ કેસમાં મુખ્ય આરોપીની અટકાયત કરી સરકાર અને પોલીસ વાહવાહી મેળવે છે

અમદાવાદ : ગુજરાત ડ્રાય સ્ટેટ હોવાના બણગાં વચ્ચે રાજ્યમાંથી એક વર્ષમાં 299 કરોડ રૂપિયાનો દારૂ પકડાયો છે. આવી રીતે જ 337 કરોડ રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો પકડાયો છે. વિધાનસભામાં રજૂ થયેલાં આંકડા દારૂબંધીની કેટલી કડક અમલવારી થાય છે! તેની સાબિતી આપે છે. સબ સલામતના દાવા વચ્ચે બૂટલેગરો અને પેડલરો આટલા મોટા જથ્થામાં નશીલા પદાર્થો રાજ્યમાં લઈ આવે ત્યાં સુધી પોલીસને ગંધ સુદ્ધા આવતી નથી. જાણે ખુરશી અને ખાખીની મીઠીનજર હેઠળ ગુજરાત નશાનું કેન્દ્ર બની રહ્યું હોય તેવું ચિત્ર સર્જાયું છે.



દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પર જ રહી ગયો હોય તેમ એક વર્ષમાં રાજ્યભરમાંથી 269,11,03,328 રૂપિયાનો વિદેશી-દેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો છે. જો કે, આ આંકડો માત્ર ઝડપાયેલા દારૂનો છે. આ સિવાય પ્યાસીએ ગટગટાવેલા દારૂનો હિસાબ માંડવામાં આવે તો આંકડા અનેક ગણા વધારે હશે. જેમાં સૌથી વધુ દારૂ બનાસકાંઠા, દાહોદ, સુરેન્દ્રનગર, રાજકોટ તથા કચ્છમાંથી ઝડપાયો છે. રાજ્યના સરહદ પર કડક બંદોબસ્ત હોવા છતાં રાજ્યમાં આટઆટલો દારૂ પહોંચે છે કેવી રીતે? તે પ્રશ્ન ઊભો થયો છે. સાથે જ દારૂની મોટાભાગની ઘટનામાં માત્ર હેરફેર કરનારની અટકાયત કરાઈ છે. એકલ દોકલ કેસમાં મુખ્ય આરોપીની અટકાયત કરી સરકાર અને પોલીસ વાહવાહી મેળવે છે. જ્યારે મોટાભાગના કિસ્સાઓમાં તેનો મુખ્ય સૂત્રધાર કોણ છે? દારૂ ક્યાંથી આવ્યો હતો? કોને પહોંચાડવાનો હતો? તે પ્રશ્નોનો ઉકેલ જવલ્લે જ મળે છે. એટલું જ નહીં શહેરમાં ધમધમતી દારૂની ભટ્ઠી તેમજ વેચાણ કેન્દ્ર પર પણ જનતારેઈડ થાય ત્યારે પોલીસ તંત્રને પોતાની ફરજ યાદ આવે છે. એક સમયે ગુજરાત મોડેલના નામે પ્રખ્યાત રાજ્ય ધીમે ધીમે નશીલા પદાર્થના વેચાણનું કેન્દ્ર બની રહ્યું છે.

બહાર આવેલાં આંકડા મુજબ રાજ્યભરમાંથી દારૂ સિવાય પણ 337,44,54,909 રૂપિયાનો ડ્રગ-ગાંજા સહિતના કેફી દ્રવ્યોનો જથ્થો મળી આવ્યો હતો. નશાનું વધતું વેચાણ યુવાધનના ભવિષ્યને અંધારામાં ધકેલી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# એટ્રોસિટીને મળેલી ફરિયાદોના નિકાલમાં ગુજરાત દેશમાં પ્રથમ

ગાંધીનગર

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આ સમિતિની રચના અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) સુધારા નિયમો 2018 અન્વયે કરવામાં આવેલી છે. રાજ્યમાં અનુસૂચિત જાતિ અને આદિજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ 1989 તથા નાગરિક હક્ક રક્ષણ અધિનિયમ 1955 હેઠળ અનુસૂચિત જાતિ અને જનજાતિ પર 2025ના વર્ષમાં બનેલા બનાવોની સમીક્ષા, અત્યાચારના કિસ્સાઓમાં ચૂકવવામાં આવેલી સહાય તથા સામાજિક સમરસતા માટે લેવાયેલા પગલા સહિતની બાબતોની આ બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં પ્રસ્તુત કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં અત્યાચાર નિવારણ માટે માર્ચ-2022થી અલ્ટ્રા મોર્ડન કોલ સેન્ટર-નેશનલ હેલ્પલાઈન અગેઈન્સ્ટ એટ્રોસિટી અંતર્ગત કાર્યરત કરવામાં આવ્યું છે.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, આ કોલ સેન્ટરમાં અત્યાર સુધીમાં મળેલી ફરિયાદોના 100 ટકા નિકાલની કામગીરીમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે.

# 200 પ્રોજેક્ટ અધૂરાં, કોઈ જવાબદારી લેવા તૈયાર નથી! પ્રજાના 22000 કરોડનું આંધણ

અમદાવાદ

ગુજરાત સરકારની નાણાકીય સ્થિતિ અંગેના 'કેગ' (CAG)ના વર્ષ 2024-25ના ઓડિટ રિપોર્ટમાં એક ચોંકાવનારી વિગત સામે આવી છે. આ અહેવાલ મુજબ, માર્ચ 2025 સુધીમાં રાજ્યમાં 10 કરોડ કે તેથી વધુ બજેટ ધરાવતી 200 જેટલી મહત્ત્વની યોજનાઓ અધૂરી રહી છે. નવાઈની વાત એ છે કે, આ તમામ કામો 31 માર્ચ, 2025 સુધીમાં પૂર્ણ થઈ જવા જોઈતા હતા, પરંતુ સમયમર્યાદા વીતી ગઈ હોવા છતાં આ પ્રોજેક્ટ્સ પૂરા થયા નથી. અત્યાર સુધીમાં આ અધૂરી યોજનાઓ પાછળ 18,144 કરોડથી પણ વધુ રકમનો ખર્ચ થઈ ચૂક્યો છે. કામો સમયસર પૂરા ન થવાને કારણે સરકારી નાણાંના રોકાણ પર નકારાત્મક અસર પડી છે અને તેનાથી ખર્ચની ગુણવત્તા પણ જોખમાઈ છે.

### 31 માર્ચ 2025 સુધીમાં પૂર્ણ થવાના લક્ષ્યાંકો અધૂરા

ગુજરાત રાજ્યમાં 31 માર્ચ, 2025 સુધીમાં કુલ 200 જેટલા મહત્ત્વના મૂડી કામો પૂર્ણ થવાના હતા, પરંતુ નિર્ધારિત સમયમર્યાદા પૂરી થવા છતાં આ યોજનાઓ અધૂરી રહી છે. આ 200 યોજનાઓ માટે અંદાજે 22816.48 કરોડ રૂપિયાના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની સામે અત્યાર સુધીમાં 18144.66 કરોડ રૂપિયા ખર્ચાઈ ચૂક્યા છે. આ અપૂર્ણ કામોમાં સૌથી વધુ હિસ્સો માર્ગ અને મકાન વિભાગનો છે, જેના 166 કામો હજુ બાકી છે.

ભારત સરકારના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) દ્વારા ગુજરાત સરકારના વર્ષ 2024-25ના નાણાકીય હિસાબોનું ઓડિટ કરવામાં આવ્યું છે. જેમાં 2200 કરોડનું આંધણ થયાનું નોધાયું હતું.

# સ્થાનિક સ્વરાજ ચૂંટણીની તૈયારી, સત્તાધારી પાર્ટી અને વિપક્ષો વચ્ચે 'ખરાખરીનો જંગ

## કેટલાક પરિબળોના કારણે ચૂંટણી પ્રક્રિયામાં વિલંબ : સરવેમાં આપ મજબૂત

ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને દરેક રાજકીય પક્ષો મેદાનમાં આવી ગયા છે. ગુજરાતમાં 15 મ્યુનિસિપલ કોર્પોરેશન, 84 નગરપાલિકાઓ, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયત માટે ચૂંટણીઓની તૈયારીઓને રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આખરી ઓપ આપી દીધો છે. એપ્રિલના પહેલા અઠવાડિયામાં ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. તારીખો અંગે હજી કોઈ અટકળો આવી નથી, પરંતુ 15 મે સુધીમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરે તો નવાઈ નહીં. થોડી સમય પહેલા જ પલ્સ ઓફ ગુજરાત 2026 અંતર્ગત એક સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતમાં કઈ પાર્ટીને લોકો વધારે પસંદ કરે છે તેનો સર્વે કરવામાં આવ્યો હતો. 'પલ્સ ઓફ ગુજરાત 2026 સર્વે' પ્રમાણે ભાજપ 49.5% 'વોટ શેર' સાથે રાજ્યમાં પ્રથમ સ્થાને છે. જ્યારે વિપક્ષની વાત કરવામાં આવે તો, કોંગ્રેસનો વોટ શેર ઘટીને 17.3% પર આવી ગયો છે. જ્યારે ગુજરાતમાં AAP (આમ આદમી પાર્ટી) નો અંદાજિત વોટ શેર વધીને 24.8% થયો છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટી હવે કોંગ્રેસ કરતા પણ આગળ નીકળી ગઈ છે. આપ અને કોંગ્રેસ અત્યારે વર્ચસ્વની લડાઈ રમી રહ્યાં છે. તેવામાં હવે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કઈ વિપક્ષી પાર્ટી વધુ સારું પર્ફોમન્સ કરશે તેના પર દરેકની નજર રહેવાની છે.

# ગાંધીનગર તેમજ અમદાવાદમાં 174 નાગરિકો બોગસ ખેડૂત બની બેઠા

## સરકારી તંત્રની મિલીભગતથી બોગસ દસ્તાવેજનું કૌભાંડ

ગાંધીનગર

જમીન હડપ કરવા અને સરકારી યોજનાઓનો લાભ લેવા માટે ગુજરાતમાં બોગસ ખેડૂત ખાતેદાર બનવાનો સીલસીલો હજુય યથાવત રહ્યો છે. માત્ર પાટનગર ગાંધીનગર અને અમદાવાદમાં જ છેલ્લા બે વર્ષમાં 174 જણાં બોગસ ખેડૂત ખાતેદાર બની બેઠાં હોવાનું સરકારે સ્વીકાર્યું છે.

ભ્રષ્ટ સરકારી તંત્રને લીધે બોગસ દસ્તાવેજો આધારે ખેડૂત ખાતેદાર બનવાના કૌભાંડ બહાર આવી રહ્યાં છે. પૂર્વ મંત્રી અને ઇડરના ધારાસભ્ય રમણ વોરા પણ મળતા નામે દસ્તાવેજો રજૂ કરીને ખોટા ખેડૂત બની બેઠાં છે ત્યારે આ વિવાદ છેક દિલ્હી હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. આ મામલે વિધાનસભામાં સવાલ પૂછાતાં સરકારે એવો ખુલાસો કર્યો છે કે, છેલ્લાં બે વર્ષમાં વટવામાં 7, ઘાટલોડિયામાં 5, વેજલપુરમાં 4, સાબરમતીમાં 2, દશક્રોઈમાં 29, સાણંદમાં 25, બાવળામાં 3, વિરમગામમાં 11, દેત્રોજમાં 2 અને માંડલમાં 1 બોગસ ખેડૂત ખાતેદાર મુદ્દે મહેસૂલ વિભાગને ફરિયાદ મળી હતી.

# લો બોલો, પત્નીની હત્યા કરી પતિ પોતે જ લાશને હોસ્પિટલ લઈ ગયો

ભાવનગર

ભાવનગર જિલ્લાના વરતેજ ખાતે રહેતા અર્જુન કાળુભાઈ પરમારના લગ્ન અલ્પાબેન સાથે વર્ષ 2016માં પ્રેમલગ્નથી થયા હતા. લગ્ન બાદ દંપતીને બે દીકરાઓ પણ હતા. પરંતુ, છેલ્લા કેટલાક સમયથી અર્જુનને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો બંધાયા હતા. આ યુવતીને તે ઘરમાં રાખવા માંગતો હતો, જેનો અલ્પાબેન વિરોધ કરતા હતા. આ બાબતે અવારનવાર ઝઘડા થતા હતા. ગત તા. 19 માર્ચ 2026ના રોજ સવારે અર્જુને આવેશમાં આવી કોઈ વસ્તુ વડે અલ્પાબેનનું ગળું દબાવી તેમની હત્યા કરી નાખી હતી.

હત્યા કર્યા બાદ પાપી પતિએ અલ્પાબેનને હાર્ટ એટેક આવ્યો હોવાનું નાટક કરી હોસ્પિટલ લઈ ગયો હતો. જોકે, હોસ્પિટલના તબીબોને મૃતદેહ પર ઈજાના નિશાન દેખાતા મામલો શંકાસ્પદ લાગ્યો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી પેનલ પીએમ કરાવ્યું હતું. ફોરેન્સિક રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે આ મોત કુદરતી નથી પણ ગળું દબાવવાને કારણે થયું છે. ભાવનગર ગ્રામ્યના ASP ધનશ્યામ ગૌતમના જણાવ્યા અનુસાર, પીએમ રિપોર્ટમાં હત્યાનો ખુલાસો થતા જ પોલીસે પતિ અર્જુન વિરૂદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

# પહેલાં પ્રમોશન પછી જ બદલી, રાજ્ય સરકારના 'ખેલ' થી મહેસૂલી કર્મચારીઓ અકળાઈ ગયા

## અન્યાય સામે લડી લેવાના હુંકાર સાથે ચૂંટણીકાર્યના બહિષ્કારની ચીમકી

અમદાવાદ

રાજ્યના 33 જિલ્લાઓમાં ફરજ બજાવતા રેવન્યૂ ક્લાર્કો તેમજ તલાટીઓને ચૈત્ર નવરાત્રિમાં જ સારા સમાચાર સરકાર દ્વારા આપવામાં આવ્યા છે. જો કે સરકારનો આ નિર્ણય કર્મચારીઓએ આવકાર્યો છે કે અમોને મોડે મોડે પણ પ્રમોશન આપવાનું સરકારને યાદ આવ્યું પરંતુ સાથે સાથે કર્મચારીઓમાં નારાજગી પણ છે કેમ કે મોટાભાગના કર્મચારીઓને અન્ય જિલ્લાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે કેટલાંક કર્મચારીઓને તો 300 કિલોમીટર દૂર બદલીના હુકમો કરાયા છે. રાજ્ય સરકાર દ્વારા પ્રમોશન અને ટ્રાન્સફરના ઓર્ડરો જાહેર કરાયા બાદ મહેસૂલી મંડળો દ્વારા દરેક જિલ્લાના કર્મચારીઓનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું જેમાં જણાયું હતું કે કુલ 800 કર્મચારીઓને પ્રમોશન આપવામાં આવ્યા છે. પ્રમોશન મેળવેલ કુલ કર્મચારીઓમાં 563 કર્મચારીઓને તો નજીક અથવા ખૂબ દૂરના જિલ્લાઓમાં બદલી કરી દેવામાં આવી છે. કર્મચારી મંડળોએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા એક વર્ષ જેટલા વિલંબ બાદ અમોને પ્રમોશન આપ્યું છે સારી વાત છે પરંતુ અનેક કર્મચારીઓને 300 થી 400 કિ.મી. દૂર બદલી કરીને કર્મચારીઓને અન્યાય કર્યો છે. અમો મુખ્યમંત્રીને રજૂઆત કરવાના છે. જો સરકાર દ્વારા કોઈ હકારાત્મક પ્રતિભાવ નહી મળે તો ચૂંટણી બહિષ્કાર સુધીના પણ નિર્ણયો લઈ શકાય છે. બહુ ઓછા કર્મચારીઓ છે જેમને પોતાના જિલ્લામાં અથવા માંગેલી જિલ્લામાં જ પોસ્ટિંગ મળ્યું છે.

# ઉત્તરાખંડ બાદ ગુજરાતમાં UCC બિલ બહુમતીથી પસાર

## વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભામાં આજે રજૂ કરાયેલું યુસીસી બિલ બહુમતીથી પસાર થયું છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એક્સ પર માહિતી શેર કરી હતી. તેમણે લખ્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ભાજપ સરકારે વિધાનસભામાં UCC બિલ પસાર થયું છે. ન કોઈ કાયદાથી ઉપર ન કોઈ નાગરિક કાયદા નીચે. સમાન ગુજરાત સશક્ત ગુજરાત.

આ પૂર્વે રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભામાં ગુજરાત સમાન નાગરિક સંહિતા 2026' (યુસીસી) વિધેયક રજૂ કર્યું હતું. વિધેયક રજૂ થતાં જ ભાજપના ધારાસભ્યોએ જય શ્રી રામના નારા લગાવ્યા હતા. બીલ પર ચર્ચા માટે 6 કલાકનો સમય ફાળવવામાં આવ્યો હતો. 'ગુજરાત બિલ નંબર 17 ઓફ 2026' તરીકે ઓળખાતા આ બિલ પર આજે ગૃહમાં વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ બિલને સર્વગ્રાહી ચર્ચા માટે ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યું હતું. ગૃહમાં આ બિલ પર ચર્ચા દરમિયાન હલાલા મુદ્દે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી.

આ બિલ કુલ 4 ભાગમાં તૈયાર કરાયું છે, જેમાં ભાગ 1 અને ભાગ બેમાં કુલ 7 પ્રકરણમાં વિસ્તૃત માહિતી અને નિયમો દર્શાવાયા છે. આ બિલ વિધાનસભામાં પસાર થયા બાદ કાયદો બનશે અને બાદમાં ગુજરાતના તમામ નાગરીકોને આ કાયદો અનુસરવાનો રહેશે. આ સાથે જ યુસીસી બિલ લાવનાર ગુજરાત ઉત્તરાખંડ બાદ બીજું રાજ્ય બન્યું છે. આ મહત્ત્વકાંક્ષી બિલને પસાર કરાવવા માટે શાસક પક્ષ ભાજપ દ્વારા તમામ ધારાસભ્યોને વ્હીપ જાહેર કરીને હાજર રહેવા આદેશ અપાયો હતો.

## નકલી ડૉક્ટરોની હવે ખેર નથી! નવો કાયદો અમલી બનશે

ગાંધીનગર : વિધાનસભા ગૃહમાં 'ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) (સુધારા) વિધેયક-2026' વિના વિરોધે પસાર કરવામાં આવ્યું છે. આ નવા સુધારાથી હોસ્પિટલો અને ક્લિનિક્સના રજિસ્ટ્રેશનની જટિલ પ્રક્રિયા હવે વધુ લવચીક અને કાર્યક્ષમ બનશે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ વિધેયક રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ 2021માં આ કાયદો લાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લાયકાત વગરના 'ભેભાગુ' તત્ત્વો દ્વારા થતી પ્રેક્ટિસ પર નિયંત્રણ લાવવાનો હતો. અત્યાર સુધીમાં રાજ્યમાં 41,000 જેટલા કામચલાઉ (પ્રોવિઝનલ) રજિસ્ટ્રેશન થયા છે. 2,000 જેટલા કાયમી રજિસ્ટ્રેશન પૂર્ણ થઈ ચૂક્યા છે. વહીવટી સરળતા રહે અને વારંવાર કાયદામાં સુધારા ન કરવા પડે તે માટે કલમ-9 અને કલમ-18માં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે.

## ગુજરાતમાં આતંકવાદના ગુનામાં હવે BNS હેઠળ કાર્યવાહી

ગુજરાત વિધાનસભામાં 'ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક-૨૦૨૬' સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. આ સુધારા મુજબ, હવે રાજ્યના મૂળ GUJCTOC કાયદામાંથી આતંકવાદી કૃત્યોને લગતી જોગવાઈઓ દૂર કરવામાં આવી છે. હવેથી આતંકવાદ સંબંધિત ગુનાઓની તપાસ કેન્દ્ર સરકારના નવા કાયદા 'ભારતીય ન્યાય સંહિતા' (BNS) હેઠળ કરવામાં આવશે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, 2015માં જ્યારે GUJCTOC અમલમાં આવ્યો ત્યારે તેમાં આતંકવાદ અને સંગઠિત ગુના બંનેનો સમાવેશ થતો હતો. જોકે, કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલી નવી 'ભારતીય ન્યાય સંહિતા-2023' (BNS) ની કલમ 113માં આતંકવાદ વિરોધી કડક જોગવાઈઓ પહેલેથી જ સામેલ છે. એક જ ગુના માટે બે અલગ-અલગ કાયદા હેઠળ તપાસ ન થાય તે હેતુથી આ ફેરફાર કરવામાં આવ્યો છે.

# દારૂના પરમિટધારકોમાં અમદાવાદ નંબર 1 અને સુરત બીજા ક્રમે રહ્યું

**અમદાવાદ**

ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ તેમ છતાં સામે આવેલા આંકડા મુજબ, રાજ્યમાં 33 હજાર પરમિટ ધારકો છે. રાજ્યમાં દારૂની પરમિટમાં અમદાવાદ પ્રથમ અને સુરત બીજા ક્રમે છે.

માત્ર અમદાવાદમાં જ 14,862 સક્રિય પરમિટધારકો છે. આ યાદીમાં સુરત બીજા ક્રમે છે, જ્યાં 8,622 લોકો પાસે પરમિટ છે. 3754 પરમિટધારકો સાથે વડોદરા ત્રીજા ક્રમે છે. આણંદમાં 1,611 અને કચ્છ 1,558 પરમિટધારકો છે. બીજી તરફ, પાટણ જેવા જિલ્લાઓમાં માત્ર 80 અને સાબરકાંઠામાં 89 પરમિટધારકો છે. નવસારીમાં 164 અને ગીર સોમનાથમાં 196 લોકો પાસે પરમિટ છે. છેલ્લા બે વર્ષમાં નવી પરમિટ આપવામાં પણ અમદાવાદ મોખરે રહ્યું છે, જ્યાં 1,146 નવી પરમિટ આપવામાં આવી છે, જ્યારે સુરતમાં 1,251 અને વડોદરામાં 453 નવી પરમિટ ઇશ્યૂ કરવામાં આવી છે. રિન્યુઅલની વાત કરીએ તો, અમદાવાદમાં સૌથી વધુ 6,988 પરમિટ રિન્યુ થઈ છે.

# ગુજરાતનું દેવું રૂ. 3.80 લાખ કરોડે પહોંચ્યું આવકમાં પણ 4,208 કરોડનો ઘટાડો નોંધાયો

## રાજ્યની આવકમાં ઘટાડો અને દેવામાં 22,000 કરોડનો વધારો નોંધાયો

**ગાંધીનગર**

વિધાનસભા સત્રના અંતિમ દિવસે નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈ દ્વારા વર્ષ 2024-25નો કેગનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. રિપોર્ટ પ્રમાણે ગુજરાતની આવકમાં ઘટાડો અને દેવામાં ધરખમ વધારો થયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વર્ષ 2024-25નો કેગ રિપોર્ટ કેમ ચર્ચામાં છે? ચાલો જાણીએ..

વર્ષ 2024-25નો કેગ પ્રમાણે વાત કરવામાં આવે તો ગુજરાતના કુલ જાહેર દેવામાં વધારો થયો હતો. જાહેર દેવુ 3.80 લાખ કરોડ રૂપિયા થઈ ગયું હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ ગુજરાતનું દેવું 22 હજાર કરોડ રૂપિયા વધ્યું છે. આ સાથે બજાર લોનનો આંક 3.11 લાખ કરોડ રૂપિયાને આંકી ગયો છે. તેમાં પણ ગત વર્ષની સરખામણીએ 16 હજાર કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે. આ આંકડા ચિંતાજનક જણાઈ રહ્યાં છે.

કેગના રિપોર્ટ્સ પ્રમાણે રાજ્યમાં વર્ષ 2024-25માં મહેસૂલી ખર્ચમાં 10,326 કરોડનો વધારો થયો, જ્યારે સામે આવકમાં 4,208 કરોડનો ઘટાડો નોંધાયો છે. આ રિપોર્ટ જાહેર થતા સરકારને અનેક પ્રકારના સવાલ કરવામાં આવી રહ્યાં છે.

# ગુજરાતને અન્યાય! ફંડમાં 13000 કરોડનો ઘટાડો

## 2020-21માં 27178.29 કરોડ અનુદાન મળ્યું હતું, જે 2024-25માં 14127 કરોડ રૂપિયા નોંધાયું

**ગાંધીનગર**

કેગના રિપોર્ટ મુજબ ગુજરાત સરકારને કેન્દ્ર સરકાર તરફથી મળતું સહાયક અનુદાન એટલે કે ફંડ ચાર વર્ષમાં 13 હજાર કરોડ રૂપિયાથી વધુ ઘટ્યું છે. 2020-21માં કેન્દ્ર સરકાર તરફથી 27178.29 કરોડ રૂપિયા અનુદાન મળ્યું હતું, જે 2024-25માં 14127.04 કરોડ રૂપિયા નોંધાયું હતું. કેગના એનાલિસિસ પ્રમાણે ગુજરાતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન સામે ભારત સરકાર તરફથી સહાયક અનુદાન 1.68 ટકાથી ઘટીને ગત વર્ષે 2024-25માં 0.53 ટકા જ રહ્યું હતું. આમ, ફંડ-ગ્રાન્ટ ઘટતા સરકારે જુદી જુદી રીતે આવક વધારવા અને ઋણ વધારવા પર નિર્ભર રહેવું પડે છે. કેગ દ્વારા જાહેર કરવામાં આવેલા ગુજરાતની નાણાકીય પરિસ્થિતિના 2024-25ના અહેવાલ મુજબ રાજ્યના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શનની ટકાવારીની રીતે કેન્દ્ર સરકારના સહાયક અનુદાનમાં મોટો ઘટાડો નોંધાયો છે. 2020-21માં સહાયક અનુદાનની ટકાવારી 1.68 ટકા હતી, જે ઘટીને 2024-25માં 0.53 ટકા રહી હતી. કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે 8624.70 કરોડ રૂપિયાનું અનુદાન નક્કી થયું હતું, જેમાંથી 4865.8 કરોડ રૂપિયાની ફાળવણી થઈ હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણમાં 132.90 ટકાનો અને સમગ્ર શિક્ષણમાં 9.98 ટકાનો વધારો થયો છે. શહેરી કાયાકલ્પ મિશન અંતર્ગત 176.41 ટકાનો વધારો થયો છે. આરોગ્ય મિશન હેઠળ 9.47 ટકાનો અને સક્ષમ આંગણવાડી-પોષણ યોજનામાં 46.63 ટકાનો સૌથી મોટો ઘટાડો નોંધાયો છે.

# ઉનાળો શરૂ થતાં 207 ડેમમાં જળ 27% ઘટીને 69% સુધી પહોંચી ગયું

## સૌરાષ્ટ્ર-કચ્છના ડેમમાં 25 ટકાથી ઓછું પાણી

**અમદાવાદ**

પાણીની માંગ ઉનાળામાં શિયાળા કરતા દર વર્ષે નોંધપાત્ર વધતી રહી છે, ત્યારે આજની સ્થિતિએ રાજ્યના કુલ 207 ડેમોમાંથી 46 ડેમો જે મુખ્યત્વે સૌરાષ્ટ્ર-કચ્છના જ છે તેમાં 25 ટકાથી ઓછું પાણી છે. જે પૈકીના 18 ડેમોમાં 10 ટકાથી ઓછું અને તેમાં પણ સૌરાષ્ટ્રના સાની (જામ કલ્યાણપુર), ઉંડ-2 (ધ્રોલ), મોરશલ (ચોટીલા), કૈલા (ભૂજ), પ્રેમપરા (વિસાવદર), અમીપુર અને સરણ (કુતિયાણા) એમ 7 ડેમોમાં ઝીરો સ્ટોરેજ અર્થાત્ મેદાનમાં ફેરવાયા છે. જિલ્લા પ્રમાણે જળાશયોની સ્થિતિ મુજબ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, પોરબંદર મોરબી, જામનગરના જળાશયોમાં અર્ધા ભરેલા અને અર્ધા ખાલી, જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તો માત્ર 20 ટકા સંગ્રહ અર્થાત્ 80 ટકા ખાલી છે. સરદાર સરોવરમાં હાલ 73 ટકા સંગ્રહ છે જે ચાર માસ પૂર્વે 96 ટકાથી વધારે હતો.

# ગુજરાતમાં દોઢ લાખ લોકો સાથે સાયબર ઠગાઈ, 45 ટકા વરિષ્ઠો

**અમદાવાદ**

ગુજરાતમાં ગત વર્ષે દોઢ લાખ લોકો સાયબર ઠગાઈનો ભોગ બન્યા, તેમાં અંદાજે 45 ટકા સિનિયર સિટીઝન હતાં. ગુજરાત સાથે જ દેશભરમાં વર્ષ 2020થી અત્યાર સુધીમાં સિનિયર સિટીઝનો સાથે સાયબર ઠગાઈના કિસ્સામાં 86 ટકા જેવો વધારો નોંધાયો છે. સાયબર ક્રાઈમના વધતા ગુના સાથે સિનિયર સિટીઝનોને ટાર્ગેટ કરવાનું પ્રમાણ શા માટે વધી રહ્યું છે? તેવા સવાલ અંગે જાણકાર સાયબર નિષ્ણાતોનું અનુમાન છે કે, એકલવાયાપણું અનુભવવા સાથે જ સ્વતંત્રતા ઝંખતા સિનિયર સિટીઝનો નિશ્ચિત સમય વોટ્સ-એપ, ફેસબુક સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર પસાર કરે છે. આવા પ્લેટફોર્મ ઉપર પોસ્ટ, પ્રોફાઈલ અને સ્ટેટસથી શેર કરવામાં આવતી વિગતો સાયબર ચાંચિયાઓ મેળવી લે છે. ટ્રુ કોલર, અઢળક સોશિયલ મીડિયા, બેન્કો, ઓનલાઈન પેમેન્ટ્સ કે અન્ય ઓપન પ્લેટફોર્મ ઉપરથી સિનિયર સિટીઝનો અને તેમના પરિવારની અંગત વિગતો મેળવ્યા પછી સાયબર ક્રિમિનલ્સ સિનિયર સિટીઝનોને ટાર્ગેટ કરે છે.

# ગુજરાતમાં 'જેન્ડર ચેન્જ'ની સર્જરી વધી

## પુરુષમાંથી સ્ત્રી થવાનું પ્રમાણ વધ્યું! સુરતની અલિશા પ્રથમ પ્રમાણિત ટ્રાન્સવુમન

**સુરત**

જેન્ડર ચેન્જની સર્જરી કરાવનારાનું પ્રમાણ ગુજરાતમાં પણ વધી રહ્યું છે. જાણકારોના મતે, મોટાભાગના લોકો શોખથી જેન્ડર ચેન્જની સર્જરી કરાવી રહ્યા. પરંતુ જેન્ડર ડિસ્ફોરિયા એટલે કે એવી વ્યક્તિ જે પુરુષ હોય પણ વિચારો મહિલા જેવા હોય તેમના દ્વારા આ સર્જરી કરાવવામાં આવી રહી છે.



જુલાઈ 2021માં સુરતના સંદિપ પટેલ જેન્ડર ચેન્જનું ઓપરેશન કરાવીને અલિશા પટેલ બન્યાં અને તેઓ નવા નિયમ પ્રમાણે પ્રમાણપત્ર મેળવનારા ગુજરાતનાં સૌપ્રથમ ટ્રાન્સવુમન બન્યાં હતાં. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રકારના કિસ્સામાં અનેકગણો વધારો થયો છે જ્યારે વ્યક્તિને એવી અનુભૂતિ થાય છે તેનું શરીર ભલે પુરુષનું છે પણ અંદર આત્મા સ્ત્રીની છે. તજજ્ઞોના મતે, સામાન્ય રીતે 12-13 વર્ષની ઉંમરમાં જ ખબર પડી જાય છે કે તે કુદરતના શરીરમાં સહજ છે કે નહીં. આ પ્રકારની કોઈ વ્યક્તિ છુપાઈને છોકરીના કે છોકરાનાં કપડાં પહેરવા લાગે છે. તેના હાવભાવ પણ છોકરી જેવા જ હોય છે. જો માતા-પિતા અને પરિવાર બાળકો પર ધ્યાન આપે તો નાની ઉંમરમાં જ તેનામાં જેન્ડર ડિસ્ફોરિયા હોવાનો અંદાજ લગાવી શકાય છે. પરંતુ માતા-પિતાએ ડરવાને બદલે તેમને માનસિક સહકાર આપવો જોઈએ અને તેમની લાગણી સમજવાની જરૂર છે.

# એમપીમાં બસને ગમખ્વાર અકસ્માત, 10નાં મોત, અનેકને ઈજા

## મુખ્યમંત્રીએ જાહેર કરી આર્થિક સહાય, પ્રવાસીઓને ગંભીર ઈજા, ઘટના સ્થળે રહેલા સ્થાનિકોએ લોકોને બહાર કાઢ્યા

**છિંદવાડા**

મધ્યપ્રદેશના છિંદવાડામાં મુખ્યમંત્રી મોહન યાદવના કાર્યક્રમમાંથી પરત આવી રહેલી બસનો અકસ્માત થતા 10 વ્યક્તિઓના મોત નીપજ્યા છે. આ બસની ટક્કર એટલી તીવ્ર હતી કે, બસ પલટી મારી ગઈ હતી. આ ઘટના સાંજના 7 વાગ્યા આસપાસ બની હોવાનું જાણવા મળ્યું છે. આ બસમાં કુલ 47 પ્રવાસીઓ બેઠા હતા.



બસનો અકસ્માત થતાં જ દોડધામ મચી ગઈ હતી. રસ્તા પર કાચના ટુકડા વિખેરાઈ ગયા હતા. સ્થાનિકઓ અંદર બેઠેલા લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. સ્થાનિકોએ ઈજાગ્રસ્તને હોસ્પિટલ ખસેડવા માટે વ્યવસ્થા કરી હતી. યુદ્ધના ધોરણે રાહત કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. તમામ ઈજાગ્રસ્તોને છિંદવાડાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. તબીબોની ટીમે તાત્કાલિક સારવાર શરૂ કરી દીધી છે. પ્રાથમિક તપાસમાંથી એ વાત જાણવા મળી છે કે, બસ ઓવરસ્પીડમાં હતી અને બેદરકારીને કારણે અકસ્માત થયો હતો.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે, અકસ્માત એટલો ગમખ્વાર હતો કે, પ્રવાસીને ગંભીર ઈજા પહોંચી છે. પિકઅપ વાન સાથે બસની ટક્કર થઈ હતી. બસના ડ્રાઈવરે કાબુ ગુમાવતા બસ પલટી ગઈ હતી. જિલ્લા કલેક્ટર હરેન્દ્ર નારાયણે દસ વ્યક્તિઓના મૃત્યું થયાની વાતની ખાતરી કરી છે. આ ઘટના પર મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે પણ દુઃખ વ્યક્ત કર્યું છે. આ ઘટનાને લઈને આર્થિક મદદનું પણ એલાન કર્યું છે, પોલીસકર્મીએ જણાવ્યું હતું કે, ઉમરાનાલા વિસ્તારમાં આ ઘટના બની હતી. બસમાં બેઠેલા મોટાભાગના લોકો ચૌરઈ તાલુકામાં આયોજિક મુખ્યમંત્રીના કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગયા હતા.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે કહ્યું હતું કે, મૃતકોના પરિવારજનો અને ઈજાગ્રસ્તો પ્રત્યે મારી સંવેદના છે. ઈજાગ્રસ્ત લોકો ઝડપથી સ્વસ્થ થાય એ માટે તબીબોની ટીમ ખડે પગે છે, જ્યારે મૃતકોની આત્મને ઈશ્વર શાંતિ અર્પે એવી પ્રાર્થના કરૂ છું. આ વિષયને લઈને સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી દેવામાં આવી છે. જબલપુરથી તબીબોની ટીમને છિંદવાડા રવાના કરવામાં આવી છે. મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 1 લાખ રૂપિયાની આર્થિક મદદનું પણ એલાન કરવામાં આવ્યું છે.

# ઢોંગી બાબા અશોક ખરાતની SIT તપાસમાં ખુલાસો, 100થી વધુ અશ્લીલ વીડિયો મળ્યા

## 1500 કરોડની સંપત્તિ હતી, બાબાને મંદિર વિકાસ માટે 1 કરોડનું ફંડ મળ્યું હતું

**નાસિક**

100થી વધુ અશ્લીલ વીડિયો અને અંદાજે 1500 કરોડની સંપત્તિ સાથે મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં પોતાને ગોડમેન તરીકે રજૂ કરનાર ઢોંગી બાબા અશોક ખરાત સામે SIT તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. રેપ કેસ બહાર આવતા જ તેની સમગ્ર ક્રાઈમ કુંડળી સામે આવી છે. તપાસ દરમિયાન બાબા સાથે જોડાયેલા 100થી વધુ અશ્લીલ વીડિયો મળી આવ્યા છે, જ્યારે તેની પાસે ભારે મૂલ્યની સંપત્તિ હોવાની પણ વિગતો સામે આવી છે. હાલ આ સમગ્ર મામલો રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે.

સત્તાવાર દસ્તાવેજો મુજબ, 13 માર્ચ 2018ના રોજ મહારાષ્ટ્ર સરકારે પ્રવાસન વિકાસ યોજના હેઠળ અશોક ખરાત સંકળાયેલા મંદિર માટે 1 કરોડનું ફંડ મંજૂર કર્યું હતું. તે સમયે પર્યટન અને સાંસ્કૃતિક વિભાગ ભાજપના નેતા જયકુમાર રાવલ સંભાળતા હતા. નાસિક જિલ્લાના સિન્નર વિસ્તારમાં આવેલા શ્રી ઈશાન્યેશ્વર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મંદિરનું સંચાલન થતું હતું, જેનો હવાલો ખરાત પાસે હતો. તે સમયે તેના વિરુદ્ધ કોઈ ગંભીર આરોપ ન હોવાને કારણે સરકાર દ્વારા નિયમિત પ્રક્રિયા મુજબ આ ફંડ આપવામાં આવ્યું હતું.

આ સમગ્ર કેસ ત્યારે સામે આવ્યો જ્યારે 35 વર્ષની મહિલાએ 18 માર્ચે અશોક ખરાત વિરુદ્ધ દુષ્કર્મનો આક્ષેપ કર્યો. મહિલાના કહેવા મુજબ, બાબાએ ત્રણ વર્ષ સુધી તેના પર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. હાલ આરોપી બાબા પોલીસ કસ્ટડીમાં છે.

# ચાર ધામ યાત્રા માટે અત્યારથી 10 લાખથી વધુ શ્રદ્ધાળુનું રજિસ્ટ્રેશન

## કેદારનાથના 22, બદ્રીનાથ ધામના દ્વાર 23 એપ્રિલે ખુલશે

**અમરાવતી**

ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રા શરૂ થવા જઈ રહી છે. યાત્રાને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચાર ધામ યાત્રા માટે ગત 6 માર્ચ, 2026થી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જેમાં અત્યાર સુધીમાં 10 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. કેદારનાથના દ્વાર 22 એપ્રિલે અને બદ્રીનાથ ધામના દ્વાર 23 એપ્રિલે ખુલશે. ચાર ધામ યાત્રાને લઈને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતુ કે, દેશ અને વિદેશથી આવનારા તમામ શ્રદ્ધાળુઓ માટે સરળ અને સલામત યાત્રાનો અનુભવ સુનિશ્ચિત કરવાની જવાબદારી સરકારની છે. શ્રદ્ધાળુઓ વેબસાઈટ registration and touristcare. uk. gov in અને 'Tourist Care Uttarakhand' એપ્લિકેશન દ્વારા રજિસ્ટ્રેશન કરી શકશે. રાહતની વાત એ છે કે, હજુ સુધી રજિસ્ટ્રેશન માટે કોઈ છેલ્લી તારીખ જાહેર કરાઈ નથી. કેદારનાથ અને બદ્રીનાથ દ્વાર ખુલતા પહેલા અથવા યાત્રા સ્લોટ ઉપલબ્ધ થવા સુધી રજિસ્ટ્રેશન થઈ શકે છે.

# લોકસભામાં 816 બેઠકો કરાશે, 273 બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે

**નવી દિલ્હી**

ભારતીય સંસદના ઈતિહાસમાં અને દેશના રાજકારણમાં સૌથી મોટો ફેરફાર થવાનો છે. લોકસભા ચૂંટણી 2029 પહેલા લોકસભા બેઠકો વધારવા અને 33 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો પ્રસ્તાવ લાવવાની તૈયારી કરાઈ છે. રિપોર્ટ મુજબ હાલ ચાલી રહેલા સંસદના સત્રમાં જ આ બે પ્રસ્તાવ રજૂ કરાશે. જો યોજના મુજબ પ્રસ્તાવ પસાર થઈ જશે તો લોકસભાની સંપૂર્ણ તસવીર બદલાઈ જશે.

અહેવાલો પ્રમાણે, આ પ્રસ્તાવમાં સૂચન કરાયું છે કે હાલ લોકસભામાં 543 બેઠકો છે, જે વધારીને 816 કરવામાં આવે. આ પૈકી 273 બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. આવું થશે તો સંસદમાં મહિલાઓની ભાગીદારી વધી જશે. સરકાર મહિલા અનામત લાગુ કરીને વર્તમાન શરતોમાં ફેરફાર કરવા ઈચ્છે છે. વર્તમાન કાયદા મુજબ, નવી વસ્તી ગણતરી અને નવા સીમાંકનની કામગીરી પૂર્ણ થયા બાદ જ અનામત લાગુ કરવાની વાત હતી. જો કે, મહિલાઓને 2029 પહેલા 33 ટકા અનામત મળી જાય, તે માટે 2011ની વસ્તી ગણતરીના આધારે પ્રસ્તાવ પ્રક્રિયા પૂરી કરવાની યોજના ચાલી રહી છે.

# કેન્દ્ર સરકારનો મોટા નિર્ણય : દેશમાં 100 નવા ઍરપૉર્ટ અને 200 હેલિપેડ બનાવવાની મંજૂરી

## ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં હવાઈ મુસાફરી વધુ સરળ અને સુવિધાજનક બનશે

**નવી દિલ્હી**

ભારત સરકારે દેશના ઉડ્ડયન માળખા, ઈમિગ્રેશન સિસ્ટમ અને વૈશ્વિક આબોહવા પ્રતિબદ્ધતાઓને મજબૂત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. કેન્દ્રીય કેબિનેટે કુલ 30,640 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ અને નીતિગત નિર્ણયોને પોતાની મંજૂરી આપી દીધી છે. આ નિર્ણયોમાં પ્રાદેશિક કનેક્ટિવિટીને વેગ આપતી 'મોડિફાઈડ ઉડાન યોજના' અને




'IVFRT 3.0' ના વિસ્તરણની સાથે પેરિસ કરાર હેઠળ ભારતના નેશનલી ડિટરમાઈન્ડ કોન્ટ્રીબ્યુશન (NDC) સાથે જોડાયેલ એક મહત્ત્વપૂર્ણ નીતિગત નિર્ણય સામેલ છે. કેબિનેટની બેઠકમાં સૌથી મોટી નાણાકીય ફાળવણી ઉડ્ડયન ક્ષેત્રના માળખાગત સુવિધાઓના વિસ્તરણ માટે કરવામાં આવી છે. ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં હવાઈ સંપર્કને વધુ સુવિધાજનક બનાવવા માટે સરકારે 'મોડિફાઈડ ઉડાન યોજના' ને 28,840 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આ યોજના હેઠળ દેશભરમાં 100 નવા ઍરપૉર્ટ અને 200 હેલીપેડ વિકસાવવાની યોજનાઓ સાથે પ્રાદેશિક હવાઈ સંપર્કને મોટો વેગ મળશે.

# પંજાબમાં બળાત્કાર-છેતરપિંડી જેવા ગંભીર ગુનામાં ફરાર AAP ધારાસભ્યની ધરપકડ

## 6 મહિનાથી ફરાર આરોપીને સમન્સ છતાં કોર્ટમાં હાજર ન રહેતાં ભાગેડુ જાહેર કરાયો હતો

**ચંડીગઢ**

પંજાબ રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. બળાત્કાર અને છેતરપિંડી જેવા ગંભીર આરોપોમાં છેલ્લા છ મહિનાથી ફરાર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરાની પંજાબ પોલીસે ધરપકડ કરી લીધી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા 48 કલાકમાં ધરપકડ થનારા તે બીજો વર્તમાન ધારાસભ્ય છે. આ પહેલા સોમવારે પૂર્વ પરિવહન મંત્રી લાલજીત સિંહ ભુલ્લરની આત્મહત્યા માટે દુષ્પ્રેરણાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

આપ ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરા વિરુદ્ધ બળાત્કાર, છેતરપિંડી અને ગુનાહિત ધમકી જેવી ગંભીર કલમો હેઠળ ફરિયાદ દાખલ થઈ હતી. ધરપકડથી બચવા માટે તે 2 સપ્ટેમ્બર, 2025થી જ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. વારંવાર સમન્સ મોકલવા છતાં પોલીસ સમક્ષ હાજર ન થતા કોર્ટે તેને પ્રોક્લેમ ઓફેન્ડર જાહેર કર્યો હતો.

પઠાણમાજરા દેશ છોડીને ભાગી ન જાય તે માટે પોલીસ દ્વારા લુકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી હતી. પોલીસની એક વિશેષ ટીમ છેલ્લા ઘણા સમયથી તેના સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડી રહી હતી. અંતે, સતત પ્રયત્નો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે તેને દબોચી લીધો હતો. હવે પોલીસ તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરશે જેથી આ કેસમાં ઊંડી તપાસ થઈ શકે.

# દેશના 22 રાજ્યોમાં વાવાઝોડાં સાથે ભારે વરસાદની આગાહી

**નવી દિલ્હી**

IMDએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભારતનાં આશરે 22 રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદની ગંભીર ચેતવણી જારી કરવામાં આવી છે.

હિમાલયના પહાડી વિસ્તારો જેવા કે જમ્મુ કશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં 27 માર્ચ સુધી હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા ચાલુ રહેશે. મેદાની વિસ્તારોમાં પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં 30 થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દિલ્હી એનસીઆરમાં 29 અને 30 માર્ચે પવનની ગતિ 70 કિમી સુધી પહોંચી શકે છે. જે ચિંતાનો વિષય છે.

ઉત્તર પ્રદેશમાં 27 માર્ચે ભારે વરસાદ સાથે કરા પડવાની સંભાવના છે. તેવી જ રીતે બિહારમાં પણ 27 અને 28 માર્ચે વાવાઝોડા અને કરા પડવાની ચેતવણી આપવામાં આવી છે. અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય-નાગાલેન્ડ સહિતના પૂર્વોત્તર રાજ્યોમાં 29 માર્ચ સુધી વરસાદની શક્યતા છે. દક્ષિણ ભારતના તેલંગાણા, કર્ણાટક અને કેરળમાં આગામી 5 દિવસ સુધી વાવાઝોડાની અસર જોવા મળશે, જ્યારે મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમી અને ભેજનું પ્રમાણ વધશે.

# આંધ્રપ્રદેશમાં બસમાં ભંયકર આગ લાગી, 10 લોકોના મોત

## હૈદરાબાદથી પામુર બસ કાંકરી ભરેલા ટ્રક સાથે અથડાતાં વાહનોમાં આગ, લોકો બહાર નીકળી ન શકતાં મોતને ભેટ્યા

**હૈદરાબાદ**

આંધ્રપ્રદેશના માર્કપુરમ જિલ્લામાં એક અત્યંત ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં માનવતા કાંપી ઉઠે તેવી દ્રશ્યો સર્જાયા હતા. રાયવરમ નજીક એક ખાનગી લક્ઝરી બસ અને કાંકરી ભરેલા ટિપર ટ્રક વચ્ચે થયેલી સામસામે ટક્કરમાં બસમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં બસમાં સવાર 10 મુસાફરો બહાર નીકળી શક્યા ન હતા અને આગની જ્વાળાઓમાં જીવતા ભૂંજાયા હતા.

'હરિકૃષ્ણ' નામની ખાનગી ટ્રાવેલ્સની બસ અંદાજે 40 મુસાફરોને લઈને હૈદરાબાદથી પામુર તરફ જઈ રહી હતી. જ્યારે બસ રાયવરમ નજીક લાકડાની ખાણ પાસે પહોંચી, ત્યારે સામેથી આવતા અને કાંકરી ભરેલા એક ટિપર ટ્રક સાથે તેની જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બસ ડિવાઈડર સાથે અથડાઈને પલટી ગઈ હતી અને ગણતરીની મિનિટોમાં જ બન્ને



વાહનોમાં ભીષણ આગ લાગી ગઈ હતી.

અકસ્માત સર્જાતા જ આસપાસના સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા, પરંતુ આગની જ્વાળાઓ એટલી વિકરાળ હતી કે મુસાફરોને બહાર કાઢવા અશક્ય બની ગયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો અને ફાયર ફાઈટરની ટીમો સ્થળ પર પહોંચી હતી. ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, ત્યાં સુધીમાં બસ સંપૂર્ણપણે રાખ થઈ ગઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં 10 લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા છે. આશરે 20 જેટલા મુસાફરો ગંભીર રીતે દાઝી ગયા છે, જ્યારે અન્ય 12 લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. તમામ ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. ડોક્ટરોના જણાવ્યા મુજબ, કેટલાક મુસાફરોની હાલત અત્યંત ગંભીર હોવાથી મૃત્યુઆંક હજુ વધી શકે તેવી આશંકા છે. પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ વાહનોની વધુ પડતી ઝડપ હોવાનું મનાઈ રહ્યું છે. મૃતકોમાં મોટાભાગના લોકો કાનિગિરી અને પામુર વિસ્તારના રહેવાસી હોવાનું ઓળખાયું છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ કરુણ અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# પશ્ચિમ બંગાળમાં ચૂંટણી : ભાજપ દ્વારા 174 બેઠકો માટે 3જી યાદી જાહેર કરાઈ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીએ તેની ત્રીજી ઉમેદવાર યાદી જાહેર કરી છે. આ યાદીમાં કુલ 19 ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. ખાસ કરીને પાણીહાટી બેઠક પરથી રત્ના દેવનાથને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે, જે આર.જી. કર મેડિકલ કોલેજ રેપ પીડિતાની માતા હોવાનું જાણવા મળી રહ્યું છે.

પાર્ટીએ અન્ય બેઠકો માટે પણ મહત્વપૂર્ણ નામોની જાહેરાત કરી છે. હરિપાલ બેઠક પરથી મધુમિતા ઘોષ, મિદનાપુરથી શંકર ગુચ્છેત, કૂચબિહાર દક્ષિણથી રથીન્દ્ર નાથ બોસ, ઈંગ્લિશ બજારથી અમલન ભાદુરી અને શાંતિપુરથી સ્વપન દાસને ટિકિટ આપવામાં આવી છે. ઉપરાંત હાવડા મધ્યથી બિપ્લબ મંડલ અને ઉત્તરપાડાથી દીપાંજન ચક્રવર્તીને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. આ સાથે ભાજપે અત્યાર સુધીમાં બંગાળ ચૂંટણી માટે કુલ 174 બેઠકો પર ઉમેદવારો જાહેર કરી દીધા છે. અગાઉ પાર્ટીએ પ્રથમ યાદીમાં 144 અને બીજી યાદીમાં 111 ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા.

# મહાદેવ એપના સૌરભ ચંદ્રાકારની બુર્જ ખલીફાનાં એપાર્ટમેન્ટ સહિત 1700 કરોડની મિલકતો ટાંચમાં

## દુબઇ હિલ્સ એસ્ટેટમાં 18 હાઇ વેલ્યુ લક્ઝરી વિલા ઉપરાંત એપાર્ટમેન્ટ પણ જપ્ત કરાયા

**ગુવાહાટી**

મહાદેવ એપનાં પ્રમોટરો પૈકીનાં એક સૌરભ ચંદ્રાકરની લગભગ ૧૭૦૦ કરોડ રૂપિયાની સ્થિર મિલકતો ટાંચમાં લેવામાં આવી છે. આ સંપત્તિઓ મુખ્યત્વે દુબઈમાં આવેલી છે. જેમાં બુર્જ ખલીફાની પણ મિલકત સામેલ છે.

આ કેસમાં છત્તીસગઢનાં અનેક મોટા રાજકીય નેતાઓ અને અધિકારીઓ સંડોવાયેલા છે. એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બુધવારે



એજન્સીની રાયપુર ઝોનલ ઓફિસે પીએમએલએ હેઠળ એક વચગાળાનો આદેશ જારી કર્યો હતો. આ આદેશ હેઠળ દુબઈ હિલ્સ એસ્ટેટમાં ૧૮ હાઇ વેલ્યુ લક્ઝરી વિલા અને એપાર્ટમેન્ટ ટાંચમાં લેવામાં આવ્યા છે. જેમાં હિલ્સ વ્યુ, ફેયરવે રેસિડન્સી અને સિદરામાં સ્થિત સંપત્તિઓ સામેલ છે. એજન્સીએ વધુમાં જણાવ્યું હતું કે બુર્જ ખલીફામાં આવેલા એપાર્ટમેન્ટ ઉપરાંત બિઝનેસ બે અને એસએલએસ હોટેલ એન્ડ રેસિડન્સીમાં અનેક હાઈ એન્ડ એપાર્ટમેન્ટ ટાંચમાં લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે બુર્જ ખલીફા વિશ્વની સૌથી ઉંચી ઈમારત છે અને તેની ઉંચાઈ ૮૨૯.૮ મીટર છે.

# 10.6 કરોડની સાયબર છેતરપિંડીનો પર્દાફાશ 6ની ધરપકડ, નકલી આઈપીઓનો પણ આરોપ

## ઝારખંડ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, યુપીમાં અનેક જગ્યાઓએ દરોડા

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસે અનેક આંતર રાજ્ય સાયબર ક્રાઈમ સિન્ડિકેટ્સથી જોડાયેલા છ શંકાસ્પદોની ધરપકડ કરી છે. આ શંકાસ્પદો પર કથિત રીતે ડિજિટલ એરેસ્ટ, નકલી આઈપીઓ અને ટ્રેડિંગ કૌભાંડોમાં સામેલ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી ૮૯ ફરિયાદોથી જોડાયેલ લગભગ ૧૦.૬ કરોડ રૂપિયાની ઉચાપતનો પર્દાફાશ થયો છે.

આરોપીઓની ઝારખંડ, ઉત્તરાખંડ,




મધ્ય પ્રદેશ, રાજસ્થાન, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં અનેક જગ્યાઓએ દરોડા પાડવામાં આવ્યા પછી ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપી ઓછામાં ઓછા ચાર સાયબર છેતરપિંડી કેસોમાં સંડોવાયેલા છે. જેમાં મુખ્ય સ્વરૂપે નિર્દોષ નાગરિકો ખાસ કરીને વૃદ્ધોને ઓનલાઈન કૌભાંડો દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતાં. ડિજિટલ એરેસ્ટ કૌભાંડથી જોડાયેલા એક કેસમાં એક વૃદ્ધ દંપતિ સાથે ૨૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. સાયબર છેતરપિંડી કરનારાઓએ ટ્રાઈ અને સીબીઆઈ અધિકારી બનીને પીડિતોને નકલી વોરન્ટ અને ધરપકડની ધમકી આપીને એક હપ્તા સુધી માનસિક દબાણ બનાવીને નાણાં પડાવ્યા હતાં.

# ચૂંટણી પહેલાં મમતાનો સ્ટ્રેટેજિક દાવ, 23 પદો ઉપરથી રાજીનામું

## રાજ્યોને સામેલ કરીને 'ભવ્ય' પ્રોજેક્ટ અમલમાં મૂકાશે

**કોલકાતાં**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ 23 પદો પરથી રાજીનામું આપી દીધું છે. રાજ્યના ગૃહ વિભાગે તમામ સંબંધિત વિભાગોને બુધવારે સાંજે 4 વાગ્યા સુધીમાં તેમનું રાજીનામું સ્વીકારવાની પ્રક્રિયા પૂર્ણ કરવાનો આદેશ આપ્યો છે. મુખ્યમંત્રી તરીકે તેમણે વિવિધ રાજ્ય બોર્ડના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. તેમણે આ નિર્ણય જાતે લીધો છે, જેમાં રાજ્ય આરોગ્ય મિશનના વડા, રાજ્ય વન્યજીવન બોર્ડના અધ્યક્ષ અને ઈકો-ટુરિઝમ સલાહકાર બોર્ડ જેવા અનેક મુખ્ય પદોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી કાર્યાલયને લખેલા પત્રમાં, મમતા બેનર્જીએ વિનંતી કરી હતી કે સૂચિબદ્ધ હોય કે ન હોય, બધા હોદ્દા પરથી તેમનું રાજીનામું સ્વીકારવા માટે જરૂરી પગલાં લેવામાં આવે. તેમણે જે હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા નફાના પદના નિયમો સંબંધિત સંભવિત કાનૂની પડકારોને ટાળવા માટે આ પદો પરથી રાજીનામું આપ્યું હતું.

# 1 એપ્રિલથી તાવ સહિતની દવાઓ મોંઘી થશે, 1000થી વધુ મેડિસિનના ભાવ વધશે

**નવી દિલ્હી**

1 એપ્રિલ 2026થી તાવ, ઈન્ફેક્શન અને એનીમિયા જેવી બીમારીઓમાં વપરાતી આવશ્યક દવાઓના ભાવમાં વધારો થવા જઈ રહ્યો છે. સરકાર દ્વારા નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન્સ માં સામેલ દવાઓની કિંમતોમાં અંદાજે 0.6% ના વધારાને મંજૂરી આપવામાં આવી છે. આ વધારો 1000થી વધુ આવશ્યક દવાઓ પર લાગુ થશે. જેમાં મુખ્યત્વે પેરાસીટામોલ કે જે તાવ અને દુખાવા માટે સૌથી વધુ વપરાતી દવા છે. બેક્ટેરિયલ ઈન્ફેક્શન માટે વપરાતી એઝિથ્રોમાસીન જેવી દવાઓ, એનીમિયા અને વિટામિન્સ લોહીની ઉણપ દૂર કરવાની દવાઓ અને મિનરલ્સ, સ્ટીરોઈડ્સ કે જે ગંભીર બીમારીઓ અને શ્વસન સંબંધી સારવારમાં વપરાતી દવાઓનો સમાવેશ થાય છે.

# દેશમાં 5 દિવસમાં અપાશે PNG કનેક્શન સંગ્રહખોરી મુદ્દે એક દિવસમાં 2700 દરોડા

**નવી દિલ્હી**

દેશમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસના પુરવઠાને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે કેન્દ્ર સરકારે સ્થિતિ સ્પષ્ટ કરી છે. સરકારે જણાવ્યું છે કે, દેશમાં ઈંધણનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય છે.

સરકારે પાઈપલાઈન નેટવર્ક વિસ્તારવા માટે નવા માર્ગદર્શિકા જાહેર કરી છે. રહેણાંક શાળાઓ, છાત્રાલયો અને સામુદાયિક રસોડા જેવા સ્થળોએ હવે પ્રાથમિકતાના ધોરણે માત્ર 5 દિવસમાં PNG કનેક્શન આપવામાં આવશે. PESO ને નિર્દેશ આપવામાં આવ્યો છે કે સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) ને લગતી અરજીઓનો નિકાલ 10 દિવસમાં કરવો. એક જ દિવસમાં દેશભરમાં 9,046 નવા PNG કનેક્શન આપીને રેકોર્ડ સર્જાયો છે.

કોમર્શિયલ LPG માં હોટેલ, ઢાબા અને રેસ્ટોરન્ટ માટે કોમર્શિયલ LPGનું ફાળવણી વધારીને 50% કરવામાં આવી છે. સ્થળાંતરિત મજૂરો માટે 5 કિલોના સિલિન્ડરને પ્રાથમિકતા અપાશે. આવશ્યક વસ્તુ ધારા હેઠળ 2,700થી વધુ દરોડા પાડીને 2,000 સિલિન્ડર જપ્ત કરાયા છે. આ મામલે 650 FIR અને 155 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# પુરીના જગવિખ્યાત જગન્નાથ મંદિરનો રત્ન ભંડાર ખોલાયો, 48 વર્ષે સોના-ચાંદીની ગણતરી શરુ

**નવી દિલ્હી**

ઓડિશાના પુરીમાં આવેલા વિશ્વ વિખ્યાત ભગવાન જગન્નાથ મંદિરના રત્ન ભંડારને લઈને અનેક રહસ્યો છે. આ મંદિરમાં કેટલું સોના ચાંદી કે જ્વેલરી છે તેની જાણકારી મેળવવા માટે આખરે 48 વર્ષ બાદ રત્ન ભંડાર ખોલવામાં આવ્યો છે. અને તેની ગણતરી શરૂ કરી દેવામાં આવી છે. મંદિર સંચાલકોએ જણાવ્યું હતું કે રત્ન ભંડારમાં ગણતરી પ્રક્રિયા બુધવારે બપોરે 12:09 કલાક અને 1:45 કલાક વચ્ચે શરૂ કરી દેવામાં આવી હતી. આ દરમિયાન માત્ર સત્તાવાર વ્યક્તિને જ અંદર પ્રવેશવાની છૂટ આપવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન મંદિરના સંચાલન, પૂજાપાઠ પર કોઈ જ અસર નહીં થાય.

# IPL - ૨૦૨૬ના બીજા તબક્કાનો કાર્યક્રમ, ૧૨ શહેરમાં ૫૦ મેચ

## બીજા તબક્કાની મેચ ૧૩ એપ્રિલથી ૨૪ મે વચ્ચે રમાશે, પ્લેઓફ મેચોની તારીખ - વેન્યૂ જાહેર નથી કરાયા

| તારીખ | સમય | ટીમ | સ્થાન |
|---|---|---|---|
| ૧૩ એપ્રિલ | ૭.30 | SRH V/s RR | હૈદરાબાદ |
| ૧૪ એપ્રિલ | ૭.30 | CSK V/s KKR | ચેન્નઈ |
| ૧૫ એપ્રિલ | ૭.30 | RCB V/s LSG | બેંગલુરૂ |
| ૧૬ એપ્રિલ | ૭.30 | MI V/s PK | મુંબઇ |
| ૧૭ એપ્રિલ | ૭.30 | GT V/s KKR | અમદાવાદ |
| ૧૮ એપ્રિલ | 3.30 | RCB V/s DC | બેંગલુરુ |
| ૧૮ એપ્રિલ | ૭.30 | SRH V/s CSK | હૈદરાબાદ |
| ૧૯ એપ્રિલ | 3.30 | KKR V/s RR | કોલકાતા |
| ૧૯ એપ્રિલ | ૭.30 | PK V/s LSG | ન્યૂ ચંદીગઢ |
| ૨૦ એપ્રિલ | ૭.30 | GT V/s MI | અમદાવાદ |
| ૨૧ એપ્રિલ | ૭.30 | SRH V/s DC | હૈદરાબાદ |
| ૨૨ એપ્રિલ | ૭.30 | LSG V/s RR | લખનઉ |
| ૨૩ એપ્રિલ | ૭.30 | MI V/s CSK | મુંબઇ |
| ૨૪ એપ્રિલ | ૭.30 | RCB V/s GT | બેંગલુરૂ |
| ૨૫ એપ્રિલ | 3.30 | DC V/s PK | દિલ્હી |
| ૨૫ એપ્રિલ | ૭.30 | RR V/s SRH | જયપુર |
| ૨૬ એપ્રિલ | 3.30 | GT V/s CSK | અમદાવાદ |
| ૨૬ એપ્રિલ | ૭.30 | LSG V/s KKR | લખનઉ |
| ૨૭ એપ્રિલ | ૭.30 | RCB V/s DC | દિલ્હી |
| ૨૮ એપ્રિલ | ૭.30 | PK V/s RR | ન્યૂ ચંદીગઢ |
| ૨૯ એપ્રિલ | ૭.30 | MI V/s SRH | મુંબઇ |
| 30 એપ્રિલ | ૭.30 | GT V/s RCB | અમદાવાદ |
| ૦૧ મે | ૭.30 | RR V/s DC | જયપુર |
| ૦૨ મે | ૭.30 | CSK V/s MI | ચેન્નઈ |
| ૦3 મે | 3.30 | SRH V/s KKR | હૈદરાબાદ |
| ૦3 મે | ૭.30 | GT V/s PK | અમદાવાદ |
| ૦૪ મે | ૭.30 | MI V/s LSG | મુંબઇ |
| ૦૫ મે | ૭.30 | DC V/s ચેન્નઇ | દિલ્હી |
| ૦૬ મે | ૭.30 | SRH V/s PK | હૈદરાબાદ |
| ૦૭ મે | ૭.30 | LSG V/s RCB | લખનઉ |
| ૦૮ મે | ૭.30 | DCV/s KKR | દિલ્હી |
| ૦૯ મે | ૭.30 | RR V/s GT | જયપુર |
| ૧૦ મે | 3.30 | CSK V/s LSG | ચેન્નઈ |
| ૧૦ મે | ૭.30 | RCB V/s MI | રાયપુર |
| ૧૧ મે | ૭.30 | PK V/s DC | ધરમશાલા |
| ૧૨ મે | ૭.30 | GT V/s SRH | અમદાવાદ |
| ૧૩ મે | ૭.30 | RCB V/s KKR | રાયપુર |
| ૧૪ મે | ૭.30 | PK V/s MI | ધરમશાલા |
| ૧૫ મે | ૭.30 | LSG V/s CSK | લખનઉ |
| ૧૬ મે | ૭.30 | KKR V/s GT | કોલકાતા |
| ૧૭ મે | 3.30 | PK V/s RCB | ધરમશાલા |
| ૧૭ મે | ૭.30 | DC V/s RR | દિલ્હી |
| ૧૮ મે | ૭.30 | CSK V/s SRH | ચેન્નઈ |
| ૧૯ મે | ૭.30 | RR V/s LSG | જયપુર |
| ૨૦ મે | ૭.30 | KKR V/s MI | કોલકાતા |
| ૨૧ મે | ૭.30 | CSK V/s GT | ચેન્નઈ |
| ૨૨ મે | ૭.30 | SRH V/s RCB | હૈદરાબાદ |
| ૨૩ મે | ૭.30 | LSG V/s PK | લખનઉ |
| ૨૩ મે | 3.30 | MI V/s RR | મુંબઇ |
| ૨૪ મે | ૭.30 | KKR V/s DC | કોલકાતા |

પ્લેઓફ મેચોની તારીખ - વેન્યૂ જાહેર નથી કરાયા

મુંબઈ : BCCI આઈપીએલ ૨૦૨૬ના બીજા તબક્કાનો કાર્યક્રમ જાહેર કરી દીધો છે. ૧૩ એપ્રિલથી ૨૪ મે વચ્ચે ૧૨ શહેરમાં ૫૦ મેચ રમાશે. બીજા તબક્કાની પહેલી મેચ સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાશે. આ તબક્કામાં કુલ ૮ ડબલ હેડર રહેશે. તો પંજાબ, રાજસ્થાન અને આરસીબીના હોમ વેન્યૂમાં પણ ફેરફાર જોવા મળશે. આ તબક્કાની મેચો બેંગલુરુ, ચેન્નઈ, મુંબઈ, કોલકાતા, દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, લખનઉ, જયપુર, ધરમશાલા, રાયપુર અને ન્યૂ ચંદીગઢ શહેરમાં રમાશે.

## RR 15000 કરોડ તથા RCB 16,700 કરોડમાં વેચાઈ

આઈપીએલની સૌથી ચર્ચિત ટીમોમાંની એક અને ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) હવે નવા માલિકોના હાથમાં ગઈ છે. આદિત્ય બિરલા ગ્રુપ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રુપ, બોલ્ટ વેન્ચર્સ અને બ્લેકસ્ટોને મળીને આ ટીમને અંદાજે 1.78 બિલિયન ડોલર (આશરે 16,706 કરોડ રૂપિયા)માં ખરીદી લીધી છે. RCBની આ ડીલ પહેલા રાજસ્થાન રોયલ્સને પણ અમેરિકન બિઝનેસમેન કાલ સોમાનીએ અંદાજે 15 હજાર કરોડમાં ખરીદી લીધી છે. ક્રિકબઝના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે RCBની આ ડીલ યુનાઈટેડ સ્પિરિટ્સ લિમિટેડ (જે ડિઆજિયોની સબસિડિયરી છે) સાથે થઈ છે, જેમાં RCBની 100 ટકા ભાગીદારી ટ્રાન્સફર કરવામાં આવશે. આ ડીલમાં IPLની સાથે સાથે WPL (મહિલા ટીમ) પણ સામેલ છે. એટલે કે હવે RCBની મેન્સ અને વુમન્સ બંને ટીમોના માલિક આ 4 ભાગીદારો રહેશે. જોકે, આ ડીલ અત્યારે કેટલીક શરતો પર નિર્ભર છે. તેને BCCI, કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા અને અન્ય રેગ્યુલેટરી ઓથોરિટીઝ પાસેથી મંજૂરી મળવાની બાકી છે. જ્યારે બીજી તરફ અમેરિકન બીઝનેશમેન કાલ સોમાણી આઈપીએલ ફ્રેન્ચાઈઝી રાજસ્થાન રૉયલનું સંપૂર્ણ હિસ્સો 1.63 બિલિયન ડૉલર (લગભગ 15,286 કરોડ રૂપિયા)ની મોટી રકમમાં ખરીદી લીધી છે. આ ડીલ સાથે રાજસ્થાન રોયલ્સ વિશ્વની બીજા નંબરની સૌથી મોંઘી ફ્રેન્ચાઈઝી બની ગઈ છે.

## BCCI દ્વારા ૨૦૨૬-૨૭ની ઘરેલું ક્રિકેટના કાર્યક્રમની જાહેરાત

**ટીમ ઇન્ડિયા ૧૫૩ દિવસમાં દેશના ૧૭ શહેરમાં કુલ ૨૨ મેચ રમશે**

### અમદાવાદમાં શ્રીલંકા સામે વન ડે અને બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ટેસ્ટ રમાશે

મુંબઈ : ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI)એ ગુરુવારે ટીમ ઈન્ડિયાની ૨૦૨૬-૨૭ની સીઝનના ઘરેલૂ શેડયૂલની જાહેરાત કરી દીધી છે. ભારત ઘરેલૂ સીઝનમાં ઓસ્ટ્રેલિયા સહિત ચાર ટીમોની યજમાની કરશે. ટીમ ઈન્ડિયાઆ દરમિયાન ૧૫૩ દિવસમાં ૧૭ શહેરમાં કુલ ૨૨ ઈન્ટરનેશનલ મેચ રમશે. ભારત છેલ્લે ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૬માં રમ્યુ હતું અને ચેમ્પિયન બન્યું હતું. ટીમ ઈન્ડિયા જૂનમાં ઘરઆંગણે એક ટેસ્ટ અને ત્રણ નવડે રમશે. તે બાદ ટીમ ઈન્ડિયા જુલાઈમાં પાંચ ટી-૨૦ અને ત્રણ વનડે રમવા ઈંગ્લેન્ડ પ્રવાસે જવાની છે. ઈંગ્લેન્ડ પ્રવાસેથી પરત ફર્યા બાદ ભારતની ઘરેલૂ સીઝન શરૂ થશે. સીઝનનો પ્રારંભ ૨૭ સપ્ટેમ્બરથી વિન્ડીઝના ભારત પ્રવાસથી થશે. ભારત અને વેસ્ટઈન્ડીઝ વચ્ચે ૩ વનડે અને પાંચ ટી-૨૦ મેચની સીરીઝ રમાશે. ડિસેમ્બરમાં ભારત શ્રીલંકાની યજમાની કરશે. ટીમ ઈન્ડિયા નવા વર્ષની શરૂઆત ઝિમ્બાબ્વે સીરીઝથી કરશે. ઝિમ્બાબ્વેની ટીમ જાન્યુઆરીમાં ત્રણ વનડે મેચની સીરીઝ માટે ભારત આવશે. સીરીઝ ૩ થી ૯ જાન્યુઆરી સુધી ચાલશે. સીઝનનો અંત બોર્ડર-ગાવસ્કર ટ્રોફી સાથે થશે. ભારત અને ઓસ્ટ્રેલિયા પાંચ મેચની ટેસ્ટ સીરીઝમાં એકબીજા સામે ટકરાશે. જેનો પ્રારંભ ૨૧ જાન્યુઆરીએ નાગપુર ટેસ્ટથી થશે.

#### વેસ્ટઇન્ડીઝ સીરીઝનો કાર્યક્રમ

| મેચ | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| પહેલી વનડે | ૨૭ સપ્ટેમ્બર | ૨.૦૦ | ત્રિવેન્દ્રમ |
| બીજી વનડે | ૩૦ સપ્ટેમ્બર | ૨.૦૦ | ગુવાહાટી |
| ત્રીજી વનડે | ૩ ઓક્ટોબર | ૨.૦૦ | ન્યૂ ચંદીગઢ |
| પહેલી ટી-૨૦ | ૬ ઓક્ટોબર | ૭.૦૦ | લખનઉ |
| બીજી ટી-૨૦ | ૯ ઓક્ટોબર | ૭.૦૦ | રાંચી |
| ત્રીજી ટી-૨૦ | ૧૧ ઓક્ટોબર | ૭.૦૦ | ઈન્દૌર |
| ચોથી ટી-૨૦ | ૧૪ ઓક્ટોબર | ૭.૦૦ | હૈદરાબાદ |
| પાંચમી ટી-૨૦ | ૧૭ ઓક્ટોબર | ૭.૦૦ | બેંગલુરુ |

#### ઝિમ્બાબ્વે સીરીઝનો કાર્યક્રમ

| મેચ | તારીખ | સમય | સ્થાન |
|---|---|---|---|
| પહેલી વનડે | ૩ જાન્યુઆરી | ૨.૦૦ | કોલકાતા |
| બીજી વનડે | ૬ જાન્યુઆરી | ૨.૦૦ | હૈદરાબાદ |
| ત્રીજી વનડે | ૯ જાન્યુઆરી | ૨.૦૦ | મુંબઈ |

#### શ્રીલંકા સીરીઝનો કાર્યક્રમ

| મેચ | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| પહેલી વનડે | ૧૩ ડિસેમ્બર | ૨.૦૦ | દિલ્હી |
| બીજી વનડે | ૧૬ ડિસેમ્બર | ૨.૦૦ | બેંગલુરુ |
| ત્રીજી વનડે | ૧૯ ડિસેમ્બર | ૨.૦૦ | અમદાવાદ |
| પહેલી ટી-૨૦ | ૨૨ ડિસેમ્બર | ૭.૦૦ | રાજકોટ |
| બીજી ટી-૨૦ | ૨૪ ડિસેમ્બર | ૭.૦૦ | કટક |
| ત્રીજી ટી-૨૦ | ૨૭ ડિસેમ્બર | ૭.૦૦ | પુણે |

#### બોર્ડર-ગાવસ્કર ટ્રોફી

| મેચ | તારીખ | સમય | સ્થાન |
|---|---|---|---|
| પહેલી ટેસ્ટ | ૨૧-૨૫ જાન્યુ. | ૯.૩૦ | નાગપુર |
| બીજી ટેસ્ટ | ૨૯ જાન્યુ-૨ ફેબ્રુ. | ૯.૩૦ | ચેન્નઈ |
| ત્રીજી ટેસ્ટ | ૧૧-૧૫ ફેબ્રુ. | ૯.૦૦ | ગુવાહાટી |
| ચોથી ટેસ્ટ | ૧૯-૨૩ ફેબ્રુ. | ૯.૩૦ | રાંચી |
| પાંચમી ટેસ્ટ | ૨૭ ફેબ્રુ.-૩ માર્ચ | ૯.૩૦ | અમદાવાદ |

## મોહમ્મદ સાલાહ નવ વર્ષ બાદ લિવરપૂલનો સાથ છોડી દેશે

**લંડન :** ઈજિપ્તના દિગ્ગજ ફુટબોલર મોહમ્મદ સાલાહે લિવરપુલ ફુટબોલ ક્લબ છોડવાની જાહેરાત કરી છે. આ સીઝનના અંતની સાથે જ તેનો લિવરપુલ સાથેનો કોન્ટ્રાક્ટ સમાપ્ત થઈ જશે. તેનો કરાર રિન્યૂ નહીં કરાય. જોકે, સવાલ આ ઉઠી રહ્યો છે કે સાલાહ લિવરપુલનો મહત્ત્વનો સ્ટ્રાઈકર મનાય છે. પરંતુ એવું તો શું થયું કે સાલાહે તે ટીમને છોડવી પડી છે જે ટીમમાંથી તે રિટાયરમેન્ટ સુધી રમવા માગતો હતો. સાલાહે સોશિયલ મીડિયા મારફત આ જાણકારી આપી હતી. તેણે પોતાના ભાવુક વીડિયો મેસેજમાં કહ્યું હતું કે તેઓ ઈચ્છતા હતા કે તેમના સમર્થકો આ સમાચાર સીધા તેની પાસેથી સાંભળે.



## પાંચમી ટી-૨૦માં ન્યૂઝી.ને 33 રને હરાવી સા.આફ્રિકા સીરીઝ જીત્યું

**ક્રાઇસ્ટચર્ચ :** દક્ષિણ આફ્રીકાએ ન્યૂઝીલેન્ડને ટી-૨૦ સીરીઝમાં ૩-૨થી હરાવીને જીત મએળવી છે. બુધવારે રમાયેલી સીરીઝની પાંચમી અને નિર્ણાયક મેચમાં મહેમાન ટીમે ૩૩ રનથી જીત મેળવી હતી. સાઉથ આફ્રીકાએ ક્રાઈસ્ટચર્ચના હેગલે ઓવલમાં ન્યૂઝીલેન્ડ સામે પહેલા બેટિંગ કરતા ૧૮૮ રનનો ટાર્ગેટ આપ્યો હતો જેના જવાબમાં યજમાન ન્યૂઝીલેન્ડની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૪ રન જ બનાવી શકી હતી. ન્યૂઝીલેન્ડ માટે સૌથી વધારે બેવોન જેકબ્સે ૩૬ રન કર્યા હતા. ઓપનર રોબિન્સ ૨૫, નીશમ ૨૪ અને ક્લાર્કસન ૧૩ રન બનાવી શક્યો હતો. મહેમાન ટીમ માટે




કોએત્જી, મુલ્ડર એ; બાર્ટમેને ૨-૨ વિકેટ લીધી હતી. આ પહેલા સાઉથ આફ્રીકાએ ટોસ હાર્યા બાદ પહેલા બેટિંગ કરતા વિકેટકીપર કૉનર એસ્ટરહુઈજનની શાનદાર બેટિંગના જોરે ચાર વિકેટે ૧૮૭ રન કર્યા હતા. એસ્ટરહુઈજને ચોથા નંબરે બેટિંગ કરતા ૩૩ બોલમાં ૭૫ રન કર્યા હતા.

## ભારતની ચેસ પ્લેયર કોનેરુ હમ્પી કેન્ડિડેટ્સ સ્પર્ધામાંથી હટી ગઈ

**નવી દિલ્હી :** ભારતીય ગ્રાન્ડમાસ્ટર કોનેરુ હમ્પિએ સાયપ્રસમાં યોજાનારી પ્રતિષ્ઠિત 'વિમેન્સ કેન્ડિડેટ્સ ટૂર્નામેન્ટ ૨૦૨૬' માંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ અને સુરક્ષાના કારણોસર તેમણે આ કઠોર નિર્ણય લીધો છે.હમ્પિએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, 'કોઈપણ ઈવેન્ટ વ્યક્તિગત સુરક્ષા અને સુખાકારીથી ઉપર હોઈ શકે નહીં. આયોજકોની ખાતરી છતાં, વર્તમાન સંજોગોમાં હું સુરક્ષિત અનુભવતી નથી.' નોંધનીય છે કે બ્રિટિશ એરબેઝ પર તાજેતરમાં થયેલા ડ્રોન હુમલા બાદ સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે.



# તુર્કીનાં ઓઈલ ટેન્કર M/T અલ્તુરા પર ડ્રોન હુમલાથી તંગદિલી

## વૈશ્વિક તેલ પૂરવઠો પૂરો પાડવા માટે બોસ્પરસની સમુદ્રધુનિ મહત્ત્વનો જળમાર્ગ છે : હુમલો ગણતરીપૂર્વક થયો હોવાની શક્યતા

**જેરૂસલેમ**

કાળા સમુદ્રમાં ૧૦ લાખ જેટલું તેલ લઈ જતાં તેલવાહક જહાજ એમ/ટી અલ્તુરા ઉપર અચાનક અને અકારણ થયેલા ડ્રોન હુમલાથી ભૂરાજકીય તંગદિલી વધી ગઈ છે. ચીક્કાર તેલ ભરેલાં આ જહાજ ઉપર ઈસ્તંબુલથી ૧૫ નોટિકલ માઈલ દૂર આ હુમલો થયો હતો. તેથી તેના બ્રીજ અને એન્જિનરૂમને પણ ભારે નુકસાન થયું હતું. જો કે હજી સુધી તેથી કોઈ મૃત્યુ થયાં હોવાની માહિતી મળી નથી. પરંતુ તે ઓઈલ ટેન્કરમાં રહેલા કેટલાયે ખલાસીઓ અને અધિકારીઓ મૃત્યુ પામ્યા જ હશે. તેમ સહજ રીતે માની શકાય તેમ છે.

ઉલ્લેખનીય તે છે કે જ્યારે વિશ્વ ક્રૂડ-ઓઈલની કટોકટી અનુભવી રહ્યું છે. ત્યારે થયેલી આ ઘટના ઘણી ગંભીર માનવામાં આવે છે.

વધુમાં જાણવા મળ્યું છે કે ખાસ કરીને એન્જિનરૂમમાં થયેલા આ વિસ્ફોટને લીધે જહાજમાં સમુદ્ર જળ ધસી આવ્યું છે. એમ/ટી અલ્તુરા તે 'સ્યુઝમેક્ષ' વર્ગનું ઓઈલ ટેન્કર છે તે ઘણા મોટા પ્રમાણમાં ક્રૂડ લઈ જઈ શકે તેમ છે.

આ ઓઈલ ટેન્કર ઉપર વિસ્તારનું ૧૦ લાખ બેરલ ક્રૂડ લઈને રશિયાનાં નોવોરોઝીસ્ક પોર્ટ ઉપરથી ભૂમધ્ય સમુદ્ર તરફ જવા રવાના થયું હતું ત્યાં જ બોસ્પરસની સમુદ્રધુનિ પાસે તેની ઉપર હુમલો થયો હતો. હજી સુધી તે ડ્રોન વિમાન કયા દેશનું હતું તે પણ જાણી શકાયું નથી. ટૂંકમાં તેટલું તો ચોક્કસ છે કે જ્યારે વિશ્વ તેલ કટોકટી અનુભવી રહ્યું છે ત્યારે આ હુમલો ચોક્કસ ગણતરીપૂર્વક કરવામાં આવ્યો હતો.



# પેશાવરની નેશનલ બેંકમાંથી 4 કિલો સોનું અને કરોડો રૂપિયા લૂંટી લૂંટારુઓ ફરાર

## ચાંદ રાત્રે નેશનલ બેંકમાં પાછળથી કાણું પાડી પ્રવેશ, ગેસ કટરથી લોકરો તોડ્યા

**પેશાવર**

પાકિસ્તાનમાં ઈદ પહેલાં ચાંદ રાત્રે પેશાવરના કોટાહ રોડ પર આવેલી નેશનલ બેંકની શાખામાં ચોરોએ ફિલ્મી અંદાજમાં મોટી લૂંટ ચલાવી હતી. ચોરોએ બેંકના પાછળના ભાગમાં કાણું પાડી અંદર પ્રવેશ કર્યો અને ગેસ કટર તથા અન્ય સાધનોની મદદથી લોકરો તોડી નાખ્યા. આ ઘટનામાં આશરે 4 કિલોથી વધુ સોનાના દાગીના અને અંદાજે 2.10 કરોડ રૂપિયા કેશ લઈ તેઓ ફરાર થઈ ગયા હતા.

માહિતી મુજબ, બેંકમાં સુરક્ષા ગાર્ડની ગેરહાજરી ચોરો માટે સહેલી બની હતી. કહેવાય છે કે હવે કેટલીક બેંકો સુરક્ષા માટે ગાર્ડ રાખવાના બદલે ઈન્સ્યુરન્સ પર આધાર રાખે છે, જેના કારણે આવી ઘટનાઓ વધતી જોવા મળી રહી છે.

બેંકમાં લાગેલા CCTV કેમેરામાં ચોરોની હરકતો કેદ થઈ છે, પરંતુ તેઓએ ચહેરો સંપૂર્ણ ઢંકાઈ જાય તેવો બુરખો પહેર્યો હોવાથી તેમની ઓળખ કરવી મુશ્કેલ બની છે. પોલીસ તપાસમાં લાગી છે, પરંતુ હજુ સુધી ચોરોનો કોઈ પત્તો લાગ્યો નથી. આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે અને સંદિગ્ધોની પૂછપરછ પણ શરૂ કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ પેશાવરમાં 15 દિવસ પહેલાં એક બેંક લૂંટનો પ્રયાસ થયો હતો, જેમાં પોલીસ અને ડાકુઓ વચ્ચે ગોળીબાર થયો હતો. આ ઘટનામાં ત્રણ પોલીસકર્મી ઘાયલ થયા હતા, જેમાંથી એકનું મૃત્યુ થયું હતું.

# શી-જિનપિંગે દક્ષિણ ચીન સમુદ્રમાં USAનાં સાથી ફિલિપાઈન્સને ઘેર્યું

## તાઈવાનથી પણ આગળ વધી ચીને નવો મોરચો ખોલ્યો

**શાંઘાઈ**

દુનિયા આખીની નજર જ્યારે મધ્યપૂર્વમાં મંડાઈ રહી છે ત્યારે ચીને દક્ષિણ ચીન સમુદ્રમાં તેની કાર્યવાહી વધારી દીધી છે. હજી સુધીમાં પહેલી જ વાર ચાઈનીઝ કોસ્ટગાર્ડે, લાઈવ રેડીયો બ્રોડકાસ્ટિંગ ઉપર મૂળભૂત રીતે ફિલિપાઈન્સના જ ક્ષેત્રમાં આવેલી સ્કાયબરો શોલમાં સાફ સૂફી કાર્યવાહી શરૂ કરી હોવાની જાહેરાત કરી છે.

ફિલિપાઈન્સના કોસ્ટગાર્ડના પ્રવક્તા એડમિરલ જય તેરીલાએ જણાવ્યું હતું કે અમારાં વિમાનો, અમારી જળસીમા ઉપર નિગરાની રાખવા ઊડી રહ્યાં હતાં ત્યારે તેમને ચીની યુદ્ધ જહાજો પણ ચીની કોસ્ટગાર્ડસ સાથે જોવા મળ્યાં હતાં.

આ નૌસેના અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ૬ ચાઈનીઝ કોસ્ટગાર્ડ બેસલ્સ આશરે ૨૦ મિલિશિયા બોટ્સ (લશ્કરી બોટ) અને એક ચીની યુદ્ધ જહાજ ફિલિપાઈન્સની જળસીમામાં જોવા મળ્યાં હતાં. તે બધાં લશ્કરી જહાજોએ સ્થાનિક માછીમાર બોટ્સને બીવડાવી કાઢી મુકી હતી. ચીની જહાજો ઉપરથી સલામતી, સલામતી, સલામતી તેવું બ્રોડકાસ્ટ થતું રહેતું હતું.

# કુવૈતમાં નેતાઓની હત્યાનું ષડયંત્ર નિષ્ફળ, 6 આરોપીની ધરપકડ કરાઈ

**તહેરાન**

ખાડી દેશ કુવૈતમાં એક મોટા ષડયંત્રનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જ્યાં દેશના નેતાઓની હત્યાની યોજના બનાવવામાં આવી રહી હતી. કુવૈત ગૃહ મંત્રાલયે આ મામલે 6 લોકોની ધરપકડ કરી છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા મુજબ ધરપકડ કરેલા 6 લોકો પર આરોપ છે કે તે કુવૈતના ટોચના નેતાઓની હત્યાનું ષડયંત્ર રચી રહ્યા હતા. આ ષડયંત્ર ખુબ જ લાંબા સમયથી તૈયાર કરવામાં આવી રહ્યું હતું અને તેમાં ઘણા લોકોની ભૂમિકા સામે આવી છે. અધિકારીઓનું કહેવું છે કે આ એક સંગઠિત નેટવર્ક હતું, જે દેશની સુરક્ષા માટે ગંભીર જોખમ પહોંચાડી શકતું હતું. સુરક્ષા એજન્સીઓ હવે એ જાણવા પ્રયત્ન કરી રહી છે કે આ લોકોને કયા પ્રકારે ભરતી કરવામાં આવ્યા અને તેમને કોણે નિર્દેશ આપ્યા હતા. ગૃહ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે આ ષડયંત્રથી જોડાયેલા 14 અન્ય શંકાસ્પદ દેશ છોડીને ફરાર થઈ ચૂક્યા છે. જેમાં 5 કુવૈતી નાગરિક, 5 એવા કુવૈતી નાગરિક છે, જેમની નાગરિકતા પહેલા જ રદ કરવામાં આવી ચૂકી છે, જ્યારે 2 ઈરાની અને 2 લેબનાની નાગરિક પણ સામેલ છે.

# ઈદ બાદ ફરી ભડકી હિંસા : અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે જંગ, 2ના મોત, અનેક ઘાયલ

## પાકિસ્તાને નારાઈ અને સરકાનો જિલ્લાઓ પર ડઝનબંધ તોપખાનાના ગોળા છોડ્યા

**ઈસ્લામાબાદ**

ઈદ-ઉલ-ફિત્રના પવિત્ર તહેવાર નિમિત્તે જાહેર કરવામાં આવેલો યુદ્ધવિરામ સમાપ્ત થતાની સાથે જ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ફરી એકવાર લોહિયાળ સંઘર્ષ શરૂ થયો છે. બુધવારે પૂર્વી અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં બંને દેશોના સૈન્ય વચ્ચે થયેલા ભારે ગોળીબારમાં બે નાગરિકોના મોત થયા હતા અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ હતા.

કુનાર પ્રાંતના માહિતી નિર્દેશક ઝિયાઉર રહેમાન સ્પિનઘરના જણાવ્યા અનુસાર, યુદ્ધવિરામની મુદત પૂરી થતા જ પાકિસ્તાની દળોએ નારાઈ અને સરકાનો જિલ્લાઓ પર ડઝનબંધ તોપખાનાના ગોળા છોડ્યા હતા. આ હુમલામાં બે સામાન્ય નાગરિકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે 8 લોકો ઈજાગ્રસ્ત થયા છે. સામે પક્ષે, અફઘાન સરહદ સુરક્ષા દળોએ પણ આક્રમક વળતો જવાબ આપ્યો હતો. તાલિબાન અધિકારીઓએ દાવો કર્યો છે કે તેમના વળતા પ્રહારમાં પાકિસ્તાની સેનાની ત્રણ લશ્કરી ચોકીઓ ધ્વસ્ત થઈ ગઈ હતી અને એક પાકિસ્તાની સૈનિકનું મોત નીપજ્યું છે. જો કે, પાકિસ્તાન તરફથી આ નુકસાન અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. પાકિસ્તાની સેનાએ આ મામલે મૌન સેવ્યું છે, પરંતુ ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના સ્થાનિક અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે અફઘાન દળોએ પહેલા ગોળીબાર કરીને ઉશ્કેરણી કરી હતી.

# ફોર્ટનાઈટ ગેમ બનાવનારી એપિક ગેમ્સ કંપની 1000 કર્મચારીઓની છટણી કરશે

**લોસ એન્જેલસ**

વિખ્યાત ગેમ ફોર્ટનાઈટ બનાવનારી એપિક ગેમ્સ કંપની ગેમની લોકપ્રિયતા ઘટવાથી અને વધતા જતાં ખર્ચને પહોંચી વળવા તેના ૧૦૦૦ કર્મચારીઓની છટણી કરશે. ગેમિંગ સેક્ટરમાં આ વર્ષે થઈ રહેલી આ સૌથી મોટી છટણી છે. જે દર્શાવે છે કે દુનિયાભરમાં લોકપ્રિય બનેલી ગેમ્સ બનાવતી કંપનીઓ પણ નફો રળવા માટે સતત દબાણ હેઠળ કામ કરે છે. ડિજિટ નામના સામયિકના જણાવ્યા અનુસાર ચીફ એક્ઝિક્યુટિવ ટીમ સ્વિનીએ તેમના આ નિર્ણયની જાણ કર્મચારીઓને એક નોટ મોકલી કરી હતી. આ નોટમાં જણાવવામાં આવ્યું હતું કે ૨૦૨૫માં ફોર્ટનાઈટની લોકપ્રિયતામાં ઓટ આવવાની શરૂ થઈ તે પછી કંપની જેટલાં નાણાં રળતી હતી તેના કરતાં વધારે ખર્ચ કરી રહી હતી.

# અબુ ધાબીમાં મિસાઈલનો કાટમાળ પડતા ભારતીય યુવકનું મોત : UAEમાં એલર્ટ

**દુબઈ**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષની આગ હવે વિદેશમાં વસતા નિર્દોષ નાગરિકો સુધી પહોંચી રહી છે. સંયુક્ત આરબ અમીરાત (UAE)ની રાજધાની અબુ ધાબીમાં એક ભયાનક દુર્ઘટના ઘટી છે. આકાશમાં જ નષ્ટ કરવામાં આવેલી બેલેસ્ટિક મિસાઈલનો કાટમાળ રહેવાસી વિસ્તારમાં પડતા એક ભારતીય નાગરિકે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ ઘટનાએ અખાતી દેશોમાં રોજગારી માટે ગયેલા લાખો ભારતીયો અને તેમના પરિવારોમાં ચિંતાનું મોજું ફેરવી દીધું છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, UAEની અત્યાધુનિક એર ડિફેન્સ સિસ્ટમે ઈરાન તરફથી આવતી એક બેલેસ્ટિક મિસાઈલને હવામાં જ સફળતાપૂર્વક નષ્ટ કરી દીધી હતી. જોકે, આ મિસાઈલના ટુકડા અને કાટમાળ અલ શવામેખ અને સ્વીહાન સ્ટ્રીટ જેવા રહેણાંક વિસ્તારોમાં પડ્યા હતા.

આ દુર્ઘટનામાં એક ભારતીય અને એક પાકિસ્તાની નાગરિકનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કાટમાળ પડવાને કારણે અનેક વાહનો અને મિલકતોને પણ નુકસાન પહોંચ્યું હોવાના અહેવાલ છે.

# ભાગેડું નીરવ મોદીને ઝટકો, લંડન હાઈકોર્ટે અરજી ફગાવતા ભારત લાવવાનો માર્ગ મોકળો

**લંડન**

પંજાબ નેશનલ બેંક સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી વિદેશ ભાગી ગયેલા હીરા કારોબારી નિરવ મોદીને બ્રિટનની અદાલતે ફરી એકવાર લપડાક લગાવી છે. લંડન હાઈકોર્ટે ભારત પ્રત્યર્પણ વિરુદ્ધ દાખલ કરેલી નિરવ મોદીની અરજીને ફગાવી દીધી છે. આ સાથે જ હવે તેને ભારત લાવવાની પ્રક્રિયા વધુ તેજ બનશે. નિરવ મોદી પર પંજાબ નેશનલ બેંક સાથે અંદાજે 13,000 કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ છે, જેમાં વ્યક્તિગત રીતે તેના પર 6,498.20 કરોડ રૂપિયાની હેરાફેરીનો ગંભીર આરોપ છે. ત્યાર બાદ તે લંડન ભાગી ગયો છે. જેના કારણે હાલ તેના પ્રત્યાર્પણ માટેની પ્રક્રિયા ચાલી રહી છે. નિરવ મોદી માર્ચ 2019થી બ્રિટનની જેલમાં બંધ છે.

# મિશન ફિફા : ટોરોન્ટોનું સ્ટેડિયમ ૪૫,૦૦૦ બેઠકો સાથે સજ્જ

## ૧૨ જૂને મેચનું આયોજન : મૂળ 30,000ની ક્ષમતા ધરાવતા સ્ટેડિયમમાં વધારાના ૧૫,૦૦૦ કામચલાઉ સ્ટેન્ડ ઉભા કરાયા

**ટોરોન્ટો**

2026 FIFA વર્લ્ડ કપ પહેલા ટોરોન્ટોના BMO ફિલ્ડ સ્ટેડિયમને ઓવરહોલ અને વિસ્તૃત કરવા માટેનું કામ સત્તાવાર રીતે પૂર્ણ થઈ ગયું છે. મેપલ લીફ્સ સ્પોર્ટ્સ એન્ડ એન્ટરટેઈનમેન્ટ તેની ક્ષમતામાં વધારો કરી રહ્યું હોવાથી જૂન અને જુલાઈમાં યોજાનારી રમતો માટે ટોરોન્ટો સ્ટેડિયમ તરીકે ઓળખાતું આ મેદાન મહિનાઓથી બાંધકામ હેઠળ છે. મેયર ઓલિવિયા ચાઉએ મંગળવારે ફેરફારોનું અનાવરણ કરતા જાહેરાત કરી હતી કે, 30,000 ક્ષમતાવાળા સ્ટેડિયમને બે કામચલાઉ સ્ટેન્ડનો ઉપયોગ કરીને 45,000 લોકોને બેસવા માટે વિસ્તૃત કરવામાં આવ્યું છે, જે પાંચ ગ્રુપ-સ્ટેજ રમતો અને એક નોકઆઉટ મેચ માટે ચાહકોનું આયોજન કરશે. આ ઉપરાંત લિબરલ સાંસદ વિન્સ ગાસ્પારોએ કહ્યું કે, વિશ્વ કપ મેચોનું આયોજન કરવું શહેર માટે "સન્માન"ની વાત છે. " ફિફા વર્લ્ડ કપ 2026ની શરૂઆતની નજીક આવતાની સાથે જ તમે દરેક જગ્યાએ ઉત્સાહનો અનુભવ કરી શકો છો.

આ એક શાનદાર, પેઢી દર એક વાર મળતી તક છે, જે આપણા મહાન શહેરને મળી છે.

કામચલાઉ બેઠકો દૂર કરવા અંગેના સવાલનો જવાબ આપતા તેણે કહ્યું કે, સ્ટેડિયમની અંદરના અન્ય અપગ્રેડ ટુર્નામેન્ટ સમાપ્ત થયા પછી પણ રહેશે. પુરુષોના વિશ્વ કપમાં ટોરોન્ટોનો ભાગ 12 જૂને બપોરે 3 વાગ્યે શરૂ થશે જ્યારે કેનેડા આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ટુર્નામેન્ટની તેની પ્રથમ રમતનું આયોજન કરશે. જોકે, તેમના પ્રતિસ્પર્ધીનો નિર્ણય હજુ બાકી છે. આ અઠવાડિયાના મેચો નક્કી કરશે કે ઈટાલી, વેલ્સ, બોસ્નિયા અને હર્ઝેગોવિના અથવા ઉત્તરી આયર્લેન્ડ તે રમતમાં ભાગ લેશે કે નહીં. જૂનના બાકીના મહિના અને જુલાઈના પહેલા અઠવાડિયા દરમિયાન, ટોરોન્ટો ઘાના, જર્મની, ક્રોએશિયા અને સેનેગલ જેવા દેશોની મેચોનું પણ આયોજન કરાશે. શહેરની અંતિમ મેચ 2 જુલાઈના રોજ રાઉન્ડ ઓફ 32 ગેમ હશે.

# મોન્ટ્રીયલ ખાતે પેટાચૂંટણી : ઉમેદવારોનો રાફડો ફાટતા 'રાઈટ-ઈન' બેલેટ પેપરનો ઉપયોગ કરાશે

### સેંકડો ઉમેદવારોને કારણે મતપત્રો ટૂંકા પડ્યા; હવે મતદારોએ નામ હાથેથી લખવું પડશે

**મોન્ટ્રીયલ**

૧૩ એપ્રિલે યોજાનારી ચૂંટણી લિબરલ સરકાર માટે બહુમતી સાબિત કરવા મહત્વની બની રહેનાર છે ત્યારે ઈલેક્શન્સ કેનેડાના વડાએ જણાવ્યું હતું કે, મતદારોએ આગામી મહિને મોન્ટ્રીયલના એક ટાપુ બહારના ઉપનગરમાં યોજાનારી પેટાચૂંટણીમાં નાગરિકોએ તેમની પસંદગી લખવી પડશે. કારણ કે આ વિસ્તારમાં ઉમેદવારોની લાંબી યાદી છે. મુખ્ય ચૂંટણી અધિકારી સ્ટેફન પેરાઉલ્ટે મંગળવારે સાંસદોની એક સમિતિને જણાવ્યું હતું કે, છેલ્લી વખત જ્યારે 'લોંગેસ્ટ બેલેટ કમિટી' તરીકે ઓળખાતા જૂથ સાથે સંકળાયેલા ઉમેદવારોએ ફોર્મ ભર્યા, ત્યારે લખવાનો વિકલ્પ સારી રીતે કામ કરતો હતો. લોંગેસ્ટ બેલેટ કમિટીએ છેલ્લા પાંચ વર્ષમાં અડધા ડઝનથી વધુ ચૂંટણી સ્પર્ધાઓમાં સેંકડો ઉમેદવારોને ઉભા કર્યા છે. આ જૂથે તાજેતરમાં ઓગસ્ટમાં આલ્બર્ટા પેટાચૂંટણીમાં ભાગ લેવા માટે આશરે 200 ઉમેદવારોને સાઈન અપ કરવામાં સફળતા મેળવી છે. ભૂતકાળમાં ચૂંટણી કેનેડામાં ઉમેદવારોની સંખ્યાને સમાવવા માટે લગભગ મીટર લાંબા મતપત્રો છાપવામાં આવ્યા હતા. પરંતુ તે વિશાળ મતપત્રોની ગણતરીમાં કલાકો લાગ્યા અને પરિણામોમાં વિલંબ થયો હતો. લાંબા વિરોધ પ્રદર્શનના આયોજકો કહે છે કે, તેઓ ચૂંટણી સુધારા માટે નાગરિક સભાનો હવાલો ઈચ્છે છે, અને કહે છે કે રાજકીય પક્ષો સરકારને મતદારોનું વધુ પ્રતિનિધિત્વ કરવામાં ખૂબ અનિચ્છા ધરાવે છે. હાઉસ પ્રોસિજર કમિટીએ મંગળવારે એક અહેવાલ બહાર પાડ્યો હતો. જેમાં સરકારને જૂથના પ્રયાસોને રોકવા માટે ઉમેદવાર નામાંકન નિયમોમાં ફેરફાર કરવા હાકલ કરવામાં આવી હતી.

# નોકરિયાત માટે ખુશખબર, ફેડરલ લઘુત્તમ વેતનમાં વધારો કરવા નિર્ણય

### 1 એપ્રિલથી નવો દર $18.15 લાગુ થશે; લાખો કામદારોને સીધો લાભ

**ઓન્ટેરિયો**

કેનેડામાં ફેડરલ લઘુત્તમ વેતન વધવાનું છે. એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ કેનેડા (ESDC) એ મંગળવારે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, ફેડરલ લઘુત્તમ વેતન વર્તમાન $17.75 થી વધીને $18.15 પ્રતિ કલાક થશે. આ ફેડરલ નિયમનકારી ઉદ્યોગો જેવા કે હવાઈ પરિવહન, બેંકિંગ, મોટાભાગના ફેડરલ ક્રાઉન કોર્પોરેશનો, બંદરો અને ટેલિકોમ્યુનિકેશન વગેરેમાં કામ કરતા તમામ કામદારોને લાગુ પડશે. સરકારે જણાવ્યું હતું કે, નવું લઘુત્તમ વેતન 2021ની સરખામણીમાં 21 ટકાનો વધારો દર્શાવે છે. ફેડરલ લઘુત્તમ વેતન ફુગાવા સાથે અનુક્રમિત છે, જે 2025માં 2.1 ટકા વધ્યું હતું. કર્મચારીને ઓછામાં ઓછું ફેડરલ લઘુત્તમ વેતન ચૂકવવું જોઈએ. જો કર્મચારી સામાન્ય રીતે કામ કરે છે તે પ્રાંત અથવા પ્રદેશનો લઘુત્તમ વેતન ફેડરલ લઘુત્તમ વેતન કરતા વધારે હોય, તો નોકરીદાતાએ ઉચ્ચ લઘુત્તમ વેતન ચૂકવવાનું રહેશે. ESDC તેની વેબસાઈટ પર કહે છે કે 1 એપ્રિલથી, ફેડરલ નિયમનકારી ખાનગી ક્ષેત્રોમાં તમામ નોકરીદાતાઓએ તેમના પગારપત્રકને તે મુજબ સમાયોજિત કરવાની જરૂર પડશે.


HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this Modern and spacious freehold Corner Unit! This 3 bedrooms and 2 bathroom unit is one of the largest unit in the complex, offering beautifully designed living space and exceptional natural light throughout. This bright corner unit features unobstructed views from both the front and the back.This carpet-free home features hardwood flooring through out, creating a clean and modern look with easy maintenance. The main floor offers a bright open-concept layout with a modern kitchen featuring a large island and stylish backsplash, flowing seamlessly into the spacious living and dining area. Step out to the large private balcony, perfect for relaxing or entertaining while enjoying open views.Upstairs, the primary bedroom offers a walk-in closet, a 5 piece spa like ensuite bathroom with his-and-her sinks, a private toilet area, additional storage, and an extra-deep soaker tub. The primary bedroom also includes its own private balcony.Two additional bedrooms provide comfortable space for family, guests, or a home office.Additional highlights include in-suite laundry, a tandem 2-car garage, and ample visitor parking.




Welcome to this stunning 3-bedroom Coughlan-built home where comfort meets convenience! Perfectly located just minutes to Hwy 407 and even closer to the 401, you'll enjoy endless options for dining, shopping, and entertainment. Offering 1,741 sq. ft. of stylish living space, this home features soaring 9 ft ceilings, a large walk-in pantry, and a powder room just off the kitchen. The spacious great room is complete with pot lights, hardwood flooring, and California shutters, flowing seamlessly into the dining room and kitchen. The modern kitchen boasts a large island and direct access to a private balcony-ideal for relaxing or hosting evening barbecues. Upstairs, the primary suite offers a spa-like 4-piece ensuite with soaker tub and stand-up shower. Two additional bedrooms, all with hardwood floors, large closets, and California shutters, share another full bathroom, plus a convenient upstairs laundry. The ground level includes garage access, two closets, and a separate entrance to a versatile 4th bedroom. Beautifully maintained and move-in ready-just unpack and enjoy. Don't miss this one!



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676



Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

**CLUB CERAMIC**

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

**હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે**

*Chapel Ridge*
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

*North Toronto*
*Crematorium Inc.*



Vilo — Licensed Funeral Director — (416) 993-0826
Harjinder — Licensed Funeral Director — (647) 966-0093
Christeen — Licensed Funeral Director — (416) 258-6759
Kirti — Licensed Funeral Preplanner — (416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** includes HST
GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga





Everything in one Place!

2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**